सिरिनेमिचन्दभाण्डागारिकविरईयं

# सट्ठिसय-पयरणं



श्री नेमिचन्द्र-भाण्डागारिककृतं

सटीकं

# श्री सट्ठिसयपयरणं

: संकलक :

पूज्यपाद – पंन्यासप्रवर-श्रीजयदर्शनविजयगणिवर्यः

: प्रकाशक :

श्री जिनाज्ञा प्रकाशन

C/o. डिम्पलभाई जे. शाह

'कृपा' ४/अे, श्रेयांसनाथ सोसायटी

विभाग–१, रमण-स्मृति फ्लेटनी बाजुमां,

वासणा - अमदावाद-३८०००७

**ग्रन्थ** : श्री सट्ठिसयपयरणं

**ग्रन्थकार** : श्री नेमिचन्द्रभाण्डागारिक

**संकलक** : पू. पंन्यासप्रवरश्रीजयदर्शनविजयजी गणी

**प्रकाशन वर्ष** : वि.सं. २०६६

**: प्राप्तिस्थान :**

**श्री जिनाज्ञा प्रकाशन**

C/o. डिम्पलभाई जे. शाह
'कृपा' ४/अे, श्रेयांसनाथ सोसायटी
विभाग—१, रमण-स्मृति फ्लेटनी बाजुमां,
वासणा - अमदावाद-३८०००७

**: मुद्रक :**

**टाइपोग्राफिक्स,**

१०८, सिल्वर ओक्स बिल्डिग,
महालक्ष्मी चार रास्ते, अमदावाद

## • સુકૃત લાભાર્થી •

ધર્મતીર્થપ્રભાવક પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય મિત્રાનન્દસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધરરત્ન વાત્સલ્યનિધિ પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય મહાબલસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધરરત્ન પ્રવચનપ્રદીપ પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય પુણ્યપાલસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી ભુવનભૂષણવિજયજી મ.સા. આદિ ઠાણાના સુરત છાપરીયા શેરી – લલિતાબહેન લલ્લુભાઈ ઝવેરી પૌષધશાળાના આંગણે સં. ૨૦૫૭ના ચાતુર્માસ દરમ્યાન શ્રીસંઘમાં થયેલ અદ્ભુત આરાધનાની અનુમોદનાર્થે પુનઃ પ્રકાશન પામતા 'શ્રી સટ્ટિસય પયરણં'ના પ્રકાશનમાં સંઘના જ્ઞાનનિધિમાંથી સંપૂર્ણ લાભ લેવામાં આવ્યો છે. પ્રાચીન પ્રકાશનોમાં આ રીતે જ્ઞાનખાતાનો સદુપયોગ કરવા દ્વારા શ્રી સંઘે દર્શાવેલી જાગૃતિની અમો અનુમોદના કરીએ છીએ. આપણી મર્યાદા મુજબ જ્ઞાનદ્રવ્યનો સદ્વ્યય કરવા દ્વારા શ્રીસંઘ ભવિષ્યમાં પણ શાસ્ત્રોને પ્રવાહિત રાખવામાં સદા તત્પર રહેશે એવો અમને વિશ્વાસ છે.

**શ્રી જિનાજ્ઞા પ્રકાશન, અમદાવાદ.**

*આ પુસ્તક જ્ઞાનખાતામાંથી પ્રકાશિત થયું છે તેથી શ્રાવકોએ યોગ્ય નકરો ભરી આનો ઉપયોગ કરવો.*

# પ્રકાશકીય....

વર્તમાન સદીના અજોડ શાસન પ્રભાવક-સંરક્ષક, સુવિશાલગચ્છાધિપતિ અમરયુગપુરુષ પૂજ્યપાદ આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર સિદ્ધાંતનિષ્ઠ-નીડર વક્તા પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રવિચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પ્રભાવક પટ્ટાલંકાર પૂજ્યપાદ પંન્યાસપ્રવરશ્રી જયદર્શનવિજયજી ગણિવર્યશ્રીના માર્ગદર્શન મુજબ અમે 'શ્રી સટ્ટિસય પયરણં' નામનો આ ગ્રંથ પ્રગટ કરી રહ્યા છીએ.

પૂ. પંન્યાસપ્રવરશ્રી ભુવનભૂષણવિજયજી મ.સા.એ આ ગ્રંથ ફરીથી છપાવવાનું નક્કી કર્યું હતું. તે માટે પૂર્વ પ્રકાશિત સટીક આ ગ્રંથનો ગુજરાતી અનુવાદ તેઓશ્રીએ મુમુક્ષુ મીનાબહેન પાસે કરાવી રાખેલો. પૂર્વ પ્રકાશનના સંશોધક ન્યાયતીર્થ - વ્યાકરણતીર્થ પંડિત શ્રી હરગોવિંદદાસ હતા. તેમણે વારાણસીના શ્રી કુશળચંદ્ર ગણિ બૃહત્પુસ્તકાલયમાંથી ત્રણ હસ્તપ્રતો પ્રાપ્ત કરી તેના આધારે સંશોધન કર્યું હતું. આ સંશોધિત ગ્રંથ મુનિશ્રી મોહનલાલજી જૈન ગ્રંથમાળા નં. ૨ રૂપે વિ.સં. ૧૯૭૩માં પ્રકાશિત થયો હતો. પૂ. પં.શ્રી ભુવનભૂષણ વિ.મ.એ પૂ.પં.શ્રી જયદર્શન વિ.મ.ને એ બધું પ્રકાશિત કરવા માટે આપતા તેઓશ્રીએ નવેસરથી મૂળ - ટીકા - ભાષાંતરનો ક્રમ ગોઠવી ગ્રંથ તૈયાર કર્યો. અન્ય ઉપયોગી સામગ્રી પણ સંમિલિત કરી. બહુ ઓછા સમયમાં આ ગ્રંથ અમો પ્રગટ કરી શક્યા છીએ તે અમારા માર્ગદર્શક પૂ. પંન્યાસજી ભગવંતનો ઉપકાર છે.

આ ગ્રંથના પરિશીલનથી સૌ કોઈ આત્મા પોતાના સમક્તિને દૃઢ બનાવે અને પરંપરાએ સિદ્ધિ ગતિને વરે તેવી ભાવના.

શ્રી જિનાજ્ઞા પ્રકાશન, અમદાવાદ.

# ગ્રંથ અને ગ્રંથકાર

ગ્રંથોની રચના કરનારા મોટા ભાગે ગીતાર્થ મહાપુરુષો હોય છે. એમના રચેલા ગ્રંથો જ સુવિહિત મહાપુરુષોમાં માન્ય બને છે. બહુ ઓછા શ્રાવકો થયા છે, જેમણે શ્રવણ અને ગીતાર્થોના સાન્નિધ્ય દ્વારા ગીતાર્થતા પોતાની કક્ષા મુજબ પ્રાપ્ત કરી હોય. જેઓ એવા ગીતાર્થ શ્રાવક બન્યા છે તેઓમાં પણ ગ્રંથરચના તો કો'ક કો'ક શ્રાવકોએ જ કરી છે. શ્રાવકની આવી રચના પર પાછી ગીતાર્થ મહાપુરુષની મહોરછાપ લાગવી જોઈએ. 'શ્રી સટ્ઠિસય પયરણં' ગ્રંથ ગીતાર્થ ભગવંતની મહોરછાપ મેળવવા ભાગ્યશાળી બન્યો છે. ગ્રંથના કર્તા છે શ્રી નેમિચંદ્ર નામના શ્રાવક. એના પર ટીકા એક નહિ પણ બે બે ટીકાઓ રચાઈ છે. એક ટીકા તો આમાં છપાઈ છે. અને બારમી કારિકામાં આ જ ટીકાકાર એમ લખે છે કે 'इति षष्टिशत बृहद्वृत्तौ' આના દ્વારા ખ્યાલ આવે છે કે આ ટીકા કરતા પણ મોટી ટીકા આ ગ્રંથ પર રચાઈ હતી. છતાં આ ટીકાના કર્તા કોણ છે તેનું નામ ક્યાંય મળતું નથી.

શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ "જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ"માં ૪૯૩માં પારામાં લખે છે "ખરતરગચ્છીય જિનપતિસૂરિએ શ્રેષ્ઠિ નેમિચંદ્ર ભાંડાગારિકને જૈન ધર્મી કરેલ હતો. તે શ્રેષ્ઠિએ સટ્ઠિસય (ષષ્ઠિ શતક) નામનો ઉપદેશમય પ્રકરણ ગ્રંથ પ્રાકૃતમાં રચ્યો." ટીકા અંગે માહિતી આપતા તેઓ ૭૪૪માં પારામાં લખે છે કે "સં. ૧૫૦૧માં ખરતરગચ્છીય સાધુનંદનના શિષ્યો તપોરત્ન અને ગુણરત્ને નેમિચંદ્ર ભંડારીકૃત ષષ્ટિશતક પર ટીકા રચી કે જેને ખ. જિનભદ્રસૂરિએ શોધી. કર્તાના દીક્ષાગુરુ જિનોદય, વિદ્યાગુરુ વિનયપ્રભ-વિજયતિલક-સાધુનંદન અને મુનિશેખર તથા વ્રતગુરુ ક્ષેમકીર્તિ હતા."

આ ટીકા જ કદાચ 'બૃહદ્વૃત્તિ' હોઈ શકે છે. જોકે ષષ્ઠિશતકની એક અલગ હસ્તપ્રત શ્રી સિદ્ધક્ષેત્ર જૈન સાહિત્યમંદિરના શ્રી મોહનસૂરીશ્વરજી શાસ્ત્રસંગ્રહમાં છે. હસ્તપ્રત ૭૨ પાનાંની છે. પણ તે ઉપર જણાવેલી ટીકા હોય તેમ જણાતું નથી.

આ ગ્રંથને મહત્ત્વ એ બાબતથી મળે છે કે પૂ. મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાનો શ્રી જ્ઞાનસાર નામનો ગ્રંથ છે તેની જ્ઞાનમંજરી નામની ટીકા ઉપા. શ્રી દેવચંદ્રજી મહારાજે રચી છે. આ ટીકામાં તેઓશ્રીએ સાક્ષીપાઠો અનેક સ્થળે આપ્યા છે. તેમાં નવમા ક્રિયાષ્ટકની આઠમી ગાથાની ટીકામાં इति षष्टिशतकप्रकरणे એમ લખીને આ સટ્ઠિસય પયરણંની ૧૮મી ગાથા ટાંકી છે. એમના જેવા મહાપુરુષ પણ જ્યારે આ ગ્રંથને આધાર તરીકે ટાંકે ત્યારે આ ગ્રંથનું મૂલ્ય કેવું હોય તે સહેજે કલ્પી શકાય છે. ક્યારેક શ્રાવક પણ એવી રચના કરે છે કે જેને ઘણા મહાપુરુષો પણ સમર્થન આપે.

ખરતરગચ્છના શ્રાવક હોવા છતાં તેમણે ગચ્છની એક પણ વાતને આ ગ્રંથમાં દાખલ કરવાની ચેષ્ટા કરી નથી. જે કંઈ તેમણે ગીતાર્થ ભગવંતોના શ્રીમુખે સાંભળેલું તેને પોતાની સ્મૃતિના આધારે ગાથાઓમાં અવતરિત કર્યું છે. આ ગ્રંથને વાંચતા તે સમયની પરિસ્થિતિનો આપણને થોડો અંદાજ આવે છે. કેટલાક શ્લોકોની વાત જરા જોઈ લઈએ.

**'જે પાપનવમી પર્વમાં લાખો બકરાં-પાડાઓ હણાય છે તે પણ પર્વને શ્રાવકો પૂજે છે તે વીતરાગની હીલના છે.'** (કારિકા-૭૬) તે સમયનું વાતાવરણ કેવું હશે કે આવા હિંસાત્મક પર્વને શ્રાવકો પણ માનવા લાગી જાય. જ્યારે તુચ્છ સ્વાર્થ મગજ પર સવાર થાય ત્યારે આવી હિંસાને પણ માન્યતા આપવા જીવ તૈયાર થાય.

**જે ગૃહ કુટુંબનો માલિક થઈને 'અહીં આ નૈવેદ્ય ચડાવું, અહીં વિવાહાદિમાં આ વિધિ કરવો' ઈત્યાદિ મિથ્યાત્વની સ્થાપના કરે છે તેના વડે આખોએ વંશ અને તે પોતેય ભવસમુદ્રમાં નંખાયો છે.' (કારિકા-૭૭)**

**કડવા ચોથ, નવમી, વત્સબારસી, પિતૃઓને પિંડદાન વગેરે લૌકિક-લોકોત્તર અને મિથ્યાત્વના ભાવને સૂચવનારાં પર્વો જે કરે છે. તેઓમાં સમ્યક્ત્વ નથી. (કારિકા-૭૮)**

અહીં કડક શબ્દોમાં મિથ્યાત્વમાં કુટુંબને નાખનારા ઘરના મોભીની ખબર લઈ નાંખી છે. તે વખતે આવું નજરે ચઢતા સમકિતના પક્ષપાતી આ શ્રાવક વ્યાકુળ બની ગયા છે. આજની વાત વિચારીએ તો ગૃહપતિ કરતા યતિપતિઓ પણ કારિકા-૭૭માં નિષેધેલી વિધિઓ સામેથી સૂચવતા થઈ ગયા છે. વાત એથી પણ આગળ વધે છે. સમકિત-મિથ્યાત્વની વાત કરનારા ઉપર તિરસ્કાર પેદા કરવાનું ભયાનક કૃત્ય પણ આજે ચાલે છે. એક તો અયોગ્ય પ્રવાહ પેદા કરવો અને તેનો વિરોધ થાય તો વિરોધ કરનારાને બદનામ કરવા : આ બધું બેધડક ચાલે છે. આ ભંડારીજી આજે હયાત હોત તો ઘણી નવી કારિકાઓ રચાઈ ગઈ હોત.

**શ્રી ધર્મદાસ ગણી વડે રચાયેલા ઉપદેશમાળાના સિદ્ધાંતને બધા શ્રમણો અને શ્રાવકો માને છે, ભણે છે અને ભણાવે છે. તે જ સિદ્ધાંતને અભિમાન અને મોહરૂપી ભૂતો વડે ઠગાયેલા કેટલાક અધમજીવો ક્રિયાથી હીલના પમાડતા હા ! દુઃખોને ગણકારતા નથી. (કારિકા ૯૬-૯૭)**

શ્રી ધર્મદાસ ગણી ભગવંતને ન માનનારા આજના કાળમાં દેખાતા નથી. તે કાળમાં ભંડારીજીને નજરે પડતા હતા. કઈ રીતે તેઓ આ મહાપુરુષનો તિરસ્કાર કરતા હતા તેની વાત ટીકામાં જણાવી છે. સમજી શકાય છે કે તે કાળમાં ચૈત્યવાસીઓનું જોર ભયંકર હતું. ચૈત્યવાસીઓની ચામડી ઉતરી જાય તેવા ચાબખા શ્રી ધર્મદાસ ગણી ભગવંતે ઉપદેશમાળામાં લગાવ્યા છે. એ આળી ચામડીના ચૈત્યવાસીઓથી સહન ન થાય એટલે તેની સામે પડ્યા હોય તે બનવા જોગ છે. ભંડારીજીના સુપુત્ર આચાર્યશ્રી જિનેશ્વરસૂરિ મ.એ ચૈત્યવાસીઓને લગાવેલી લપડાક પ્રસિદ્ધ છે. પછી આ ભંડારીજી કેમ બાકી રહે !

કારિકા ૧૦૩-૧૦૪-૧૦૫માં પોતાની માધ્યસ્થ વૃત્તિને બતાવી છે. છતાં તેમાં શુદ્ધનો પક્ષપાત ઊડીને આંખે વળગે તેવો છે. બાપદાદાથી ચૈત્યવાસીઓને માનતા આવ્યા હોય અને જાણીને પણ તેમને છોડતા નથી તેની પણ સારી એવી ખબર લઈ નાંખી છે. સુગુરુને જ વંદન કરવું ઈત્યાદિ વાતો પણ અદ્ભુત લખી છે. આજે સદીઓ જૂના આ ભગવાનના માર્ગને નવો કહેવામાં આવે છે અને લોકોને ભડકાવવામાં આવે છે. તે કેટલું અયોગ્ય છે.

કારિકા ૧૦૭માં તત્કાલિન એક મહાત્માની અદ્‌ભુત સ્તુતિ કરી છે. તે સમયે શ્રી જિનવલ્લભ નામના ગુરુવર હતા જેઓ ચૈત્યવાસમાં દીક્ષિત બન્યા પછી સાચું સમજીને સુવિહિતશિરોમણિ પૂ.આ.શ્રી અભયદેવ સૂ.મ. પાસે ચૈત્યવાસનો ત્યાગ કરીને આવી ગયા હતા. તે સમયના શુદ્ધ પ્રરૂપક અને ક્રિયા કઠોર મુનિવરો - સૂરિવરો વચ્ચે આમનું પરાક્રમ અપ્રતિમ હતું.

કારિકા ૧૧૦-૧૧૧માં મરણ પાછળના શોકના રીવાજને બહુ તાર્કિક રીતે ફટકાર્યો છે. આજે પણ ક્યાંક ક્યાંક જોવા મળતો મરણના શોકનો રીવાજ તે સમયે પણ બહુ ફૂલ્યો-ફાલ્યો હશે તેવું અનુમાન થાય છે. જગતમાં તો આવા કર્મબંધ કરનારા રીવાજો ચાલે તેમાં નવાઈ ન હોય પણ જિનશાસનમાં જ્યારે તેનો પ્રવેશ થાય ત્યારે તેને પડકાર્યા વિના ચાલે તેમ નથી. આ વિરોધ તદ્દન યોગ્ય જ છે.

કારિકા ૧૧૯-૧૨૦-૧૨૧-૧૨૨માં ત્રણ પ્રકારના જીવોની વાત ખૂબ સરસ કરી છે.

(૧) જેઓ રાજ્ય-ધનાદિને અતિપાપયુક્ત જાણીને ભવના ભયથી તેનો ત્યાગ કરે છે તે ધન્ય જીવો છે.

(૨) જેઓ સત્ત્વરહિત, ધન-સ્વજનાદિથી મોહિત અને લોભી જીવો ઉદરભરણ માટે પાપ સેવે છે તેને અધમજીવો કહેવાય.

(૩) ત્રીજા અધમોમાંય અધમ જીવો તે છે કે જેઓ કારણ વિના અજ્ઞાન, ગર્વ વડે ઉત્સૂત્ર બોલે છે. તેમના પાંડિત્યને ધિક્કાર છે.

આમાં ઉત્સૂત્રભાષણના પાપને સૌથી ચઢિયાતું બતાવી એમ કહે છે કે ગૃહસ્થો તો બિચારા ઘર-પરિવારના રાગથી તેઓને પોષવા માટે પાપ કરે છે પણ ઉત્સૂત્ર ભાષણ મજબૂરીથી કરવું પડતું નથી. તેમાં ક્યાં તો અજ્ઞાનતા હોય છે, ક્યાં તો ગર્વ નડતો હોય છે. આ ઉત્સૂત્રભાષણ કરનારા જીવો ગૃહસ્થ કરતા પણ વધુ પાપ બાંધતા હોય છે. ઉત્સૂત્ર-ભાષણથી બચવા માટે તે પછીની કારિકામાં પણ સારી વાતો લખી છે.

કારિકા ૧૪૪માં દેવ-ગુરુની ભક્તિના વિષયમાં જણાવ્યું છે કે **"આ મારા પૂર્વજોએ કરાવ્યું છે. આને છોડીને બીજા ચૈત્યમાં પૂજાદિ કોણ કરે ? હું જીવું ત્યાં સુધી મેં કરાવેલી પ્રતિમાની આગળ જ બલિ વગેરે કરવું."** આ દેવવિષયક વાત થઈ. ગુરુના વિષયમાં જણાવ્યું છે કે **"બન્નેનું સુવિહિતપણું, ગુણવાનપણું, તુલ્ય હોવા છતાં પણ પોતે આદરેલા ગુરુઓનું બહુમાન કરવું અને ઈર્ષ્યાથી બીજાનું અપમાન કરવું."** આવા પ્રકારે માન-કષાય નડે તો સમજવું કે આ પૂર્વનું દુશ્ચરિત છે.

માણસ પોતાના મનમાં જે અયોગ્ય વિચારતો હોય અને પછી તેવું આચરણ પણ કરતો હોય તેના તરફ બરાબર દિશાસૂચન કર્યું છે. આ મારું દેરાસર છે એવા રાગથી વિશેષ ભક્તિ કરવી અને આ બીજાનું છે એવી અવજ્ઞાથી ત્યાં ભક્તિ ન કરવી : આ મોટું અજ્ઞાન છે. વિધિપૂર્વક સ્થપાયેલા ભગવાન દરેક આપણા જ કહેવાય. તેમાં મારા-

તારાનો ભેદ ન કરાય. એ જ રીતે ગુરુ પણ જો બન્ને સુવિહિત જ હોય, ગુણવાન જ હોય તો તેમાં પણ ઈર્ષ્યાના ભાવથી ભેદ પાડવો એ પણ ગુરુની અવજ્ઞા જ છે, આમાં વિવેક બહું સૂક્ષ્મ જોઈએ. જ્યાં ભગવાન દેખાયા ત્યાં પૂજા કરવા મંડી પડે. ભગવાન કયા છે, કોણે પ્રતિષ્ઠિત કર્યા છે, ગૃહસ્થે કે સુવિહિત આચાર્યે ? મર્યાદા કેવી સચવાય છે ? આ બધાનો વિવેક જરાય કરે નહિ. તેય ખોટું અને મારા-તારાના ભેદ સાથે સુવિહિતથી પ્રતિષ્ઠિત ભગવાનની ભક્તિ ન કરે તેય ખોટું.

એ જ રીતે જ્યાં કપડાં દેખાયાં ત્યાં પગે લાગવા માંડે, ઢળી પડે, લળી પડે તેય ગાંડપણ છે અને બન્ને સરખા સુવિહિત – ગુણવાન હોય છતાં પક્ષપાત કરે તેય ગલત છે. વિવેક બધે જોઈએ જ. આવી ઘણી બધી વાતો આમાં કહેવામાં આવી છે. શાંત ચિત્તે, મધ્યસ્થ ભાવે, આત્મ સાપેક્ષ આનું અધ્યયન કરવામાં આવે તો જરૂર લાભ થશે.

આ ગ્રંથમાં શ્રાવક પણ જે વિવેક રાખી શકે છે તે વિવેક જો શ્રમણો પણ રાખતા થાય તો ઉત્સૂત્ર ભાષણ, સાંસારિક લાલસાઓને પોષવાના માર્ગો દર્શાવવાનું પાપ કરતા બંધ થઈ જાય. લોકોને માટે દીક્ષા નથી લીધી. આત્મકલ્યાણ કરવા દીક્ષા લીધી છે. લોકોને રાજી રાખવા તેમની લાલસાઓ પોષવી એ સાધુજીવનનો માર્ગ નથી. ગૃહસ્થો તો લાલસા લઈને જીવે જ છે. તેમની લાલસા બહેકાવવાની કે પોષવાની ન હોય, તેને લાલસામાંથી બહાર કાઢવાનો હોય. આ કાર્ય સાધુ સિવાય બીજો કોણ કરી શકે !

આ ગ્રંથને ધ્યાનમાં લઈને ગ્રંથ રચવા સુધીની પાત્રતા કદાચ ન પ્રગટે તોય સૌ શ્રાવકો ગીતાર્થ-સુવિહિત ગુરુભગવંતોની દેશના સાંભળી પોતાના બોધને માટે ગુજરાતીમાં પણ નોંધ કરતા થાય, એ નોંધ વાંચતા રહે, તેના પર ચિંતન કરતા રહે અને પોતાના જીવનમાં તેનો શક્ય અમલ કરવાનું ચાલુ કરે તો જરૂર આત્મકલ્યાણ સાધી શકે. તેની લખેલી નોંધ પાછળથી તેના સંતાનોને મળે, તેઓ પણ વાંચે-વિચારે-જીવનમાં ઉતારે તો નવી કલ્યાણની પરંપરા સર્જાય. શ્રાવક સંઘમાં આ ગ્રંથના માધ્યમે જાગૃતિ આવે અને શ્રાવક સંઘ પણ શાસ્ત્રોના જ્ઞાતા બને તેવી શુભકામના...

**વિ. સં. ૨૦૬૬, ચૈત્ર વદ ૫, પાલીતાણા — પંન્યાસ જયદર્શનવિજય ગણી**

તા ક. પાલીતાણાના સાહિત્યમંદિરના શ્રી વિજયમોહનસૂરીશ્વર શાસ્ત્રસંગ્રહમાં બીજી પણ એક ષષ્ટિશત પ્રકરણની ૧૦ પાનાંની પંચપાઠી હસ્તપ્રત પણ મારા જોવામાં આવી છે. આ હસ્તપ્રતમાં છેલ્લે લખ્યું છે કે इति तपागच्छाधिराजश्री सोमसुंदरसूरिविरचितषष्टिशतकप्राकृतबालावबोधोपरि संस्कृतः कृतः । એટલે કે તપાગચ્છાધિપતિ પૂ. આચાર્યશ્રી સોમસુંદરસૂરિ મહારાજાએ ષષ્ટિશતક પ્રકરણ પર પ્રાકૃત બાલાવબોધ બનાવ્યો હતો તેના પરથી આ સંસ્કૃત કર્યું છે. પૂ. આ. શ્રી સોમસુંદર સૂ.મ.એ વિ. સં. ૧૪૯૬માં ષષ્ટિશતક - બાલાવબોધ ગ્રંથ રચ્યો હતો એવો ઉલ્લેખ ત્રિપુટી મહારાજે પોતાના જૈન પરંપરાના ઈતિહાસ ભાગ-૩માં કર્યો છે. એક ખરતરગચ્છના શ્રાવકે પણ માર્ગસ્થ ગ્રંથરચના કરી હોય તો તપાગચ્છાધિપતિ પણ તેના પર બાલાવબોધ રચે છે. તપાગચ્છાધિપતિનો આ કેવો માર્ગપ્રેમ - પ્રવચનરાગ છે !

# થોડું આનુષંગિક...

[શ્રી ષષ્ટિશત પ્રકરણના કર્તા શ્રી નેમિચન્દ્ર ભાંડાગારિક ખરતરગચ્છના આચાર્ય શ્રી જિનપતિ સૂરીશ્વરજી મહારાજથી પ્રતિબોધ પામ્યા હતા. તેમના સુપુત્રે આ આચાર્યશ્રી પાસે જ દીક્ષા અંગીકાર કરી હતી અને પાછળથી આચાર્યશ્રી જિનેશ્વરસૂરિ મહારાજના નામે આ જ આચાર્યશ્રીના પટ્ટધર બન્યા હતા. એથી એ બંને આચાર્ય ભગવંતોનો પરિચય 'જૈન પરંપરાનો ઈતિહાસ ભાગ-૩'માં ત્રિપુટી મહારાજે જે રીતે આપ્યો છે તે તેમના જ શબ્દોમાં અહીં રજુ કરવામાં આવે છે.

અને

ગચ્છસ્થાપક કોણ ? એ વિષયમાં પણ ત્રિપુટી મહારાજે ઘણો ઉહાપોહ કર્યો છે તેમાં આચાર્યશ્રી જિનપતિ સૂ.મ.નું નામ પણ આવે છે એટલે તેમનું એ સંશોધન પણ તેમના જ શબ્દોમાં અહીં પ્રસ્તુત ગણાશે. સૌ કોઈ મધ્યસ્થભાવે આ વિગતને જાણે, સમજે, વિચારે અને વાસ્તવિકતા સુધી પહોંચે તેવી ભાવના રાખીએ છીએ. ઈતિહાસ હંમેશા અટપટો હોય છે. ઈતિહાસથી આઘા રહેનારા પણ કશું પામતા નથી અને ઈતિહાસને જ માથે લઈને ફરનારા પણ ગોટાળે ચઢી જાય છે. ઈતિહાસનો સંતુલિત સ્વીકાર ઉપકારક બને છે.

— *સંકલક*]

### ખરતરગચ્છ

છેલ્લાં ૮૦૦ વર્ષોમાં વડગચ્છ, દેવાચાર્યગચ્છ, તપગચ્છ, અંચલગચ્છ અને ખરતરગચ્છમાં અનેક પ્રભાવક આચાર્યો અને મુનિવરો થયા. તેમાં જૈનધર્મના સંરક્ષણમાં ખરતરગચ્છનો ફાળો પણ કીંમતી છે, પરંતુ ઐતિહાસિક ગ્રંથો, તે ગચ્છના આચાર્યોના ગ્રંથો તથા ખરતરગચ્છની પટ્ટાવલીઓમાં ઘણીએક ઐતિહાસિક વિગતોમાં એકતા નથી. એ એક જટિલ વસ્તુ છે. તેમાંના કેટલાએક વિસંવાદો નીચે મુજબ છે[૧]

૧. ખરતરગચ્છની જુદી જુદી પટ્ટાવલીઓમાં ગુરુપરંપરા જુદી જુદી જોવા મળે છે. ખરતરગચ્છની પદ્યપટ્ટાવલીમાં અને મહો૦ **ક્ષમાકલ્યાણ**ની પટ્ટાવલીમાં પણ પટ્ટાનુક્રમ વિભિન્ન છે.

૨. **આ. અભયદેવસૂરિ** પોતાની નવાંગીવૃત્તિમાં પોતાને આ. જિનેશ્વર તથા આ. બુદ્ધિસાગરના પટ્ટધર બતાવે છે, જ્યારે પટ્ટાવલીકારો તેમને જિનચંદ્રની પાટે ગોઠવે છે

૧. પૂરણચંદજી નાહરે 'ખરતરગચ્છ પટ્ટાવલી સંગ્રહ' પ્રકાશિત કર્યો છે. તેમાં સં. ૧૫૮૨ ની એક પદ્ય પટ્ટાવલી અને ત્રણ ગદ્ય પટ્ટાવલીઓ છપાવી છે. 'જૈન શ્વેતાંબર કોન્ફરન્સ હેરલ્ડ' પુસ્તક : ૧૪, અંક : ૪, ૫, ૬, પૃ. ૧૬૩ વગેરેમાં નાહરજીના ભંડારની હસ્તલિખિત ખરતરગચ્છની પટ્ટાવલીનો પરિચય છે.

શ્રી અગરચંદજી નાહટાએ ઐતિહાસિક 'જૈન કાવ્ય સંદોહ' પ્રકાશિત કર્યો છે. તેમાં અનેક ભાષામાં પટ્ટાવલીઓ છપાવી છે.

સિંધી જૈન ગ્રંથમાળાએ સં. ૨૦૧૩માં 'ખરતરગચ્છ બૃહદ્ પટ્ટાવલી' પ્રકાશિત કરી છે, જેમાં સં. ૧૩૦૫ની યુગપ્રધાનાચાર્ય પટ્ટાવલી અને સં. ૧૫૮૨ લગભગની 'વૃદ્ધાચાર્ય પ્રબંધાવલી' છપાવી છે.

અને દર ચોથી પેઢીએ આ. જિનચંદ્રનું નામ રાખવાનું જોડે છે.

*(જુઓ. પ્ર. ૩૬, પૃ. ૧૭૦)*

૩. **આ. અભયદેવસૂરિ** નવાંગીવૃત્તિઓમાં, આ. દેવપ્રભકૃત 'મહાવીરચરિય'માં, **આ. ચક્રેશ્વર** તથા આ. વર્ધમાનસૂરિના પ્રતિમાલેખોમાં પોતાને **ચંદ્રકુલના, વડગચ્છના** અને **સુવિહિતશાખાના** જણાવે છે, જ્યારે પટ્ટાવલીકારો તેમને ખરતરગચ્છના લખે છે અને આ. જિનહંસ તો આ. ઉદ્દ્યોતનસૂરિને પણ ખરતરગચ્છમાં ગોઠવે છે.

૪. નેમિકુમાર પોરવાલ સં. ૧૧૩૮ની 'વિસેસાવસ્સયભાષ્ય'ની ટીકાની પુષ્પિકામાં આ. જિનવલ્લભને અને આ. જિનવલ્લભ પોતાના 'પ્રશ્નોત્તરષષ્ટિશતક' તથા 'અષ્ટસપ્તતિ'માં પોતાને આ. જિનેશ્વરના શિષ્ય બતાવે છે. વળી, સુવિહિત આ. દેવભદ્ર તેમને સં. ૧૧૬૭ માં આચાર્યપદ આપે છે, ત્યારે આ. અભયદેવસૂરિની પાટે તેઓના હાથે સ્થાપેલા **આ. વર્ધમાનસૂરિ** વિદ્યમાન હતા (પ્રક. ૩૬, પૃ. ૧૭૩). એટલે તેમની પાટે બીજા આચાર્યોની જરૂરત નહોતી છતાં પટ્ટાવલીકારો આ. જિનવલ્લભને આ. અભયદેવની પાટે ગોઠવે છે.

૫. 'પ્રભાવકચરિત'ના ઉલ્લેખથી સ્પષ્ટ છે કે, સુવિહિત સાધુ-પરંપરા પ્રાચીન કાળથી ચાલુ હતી જ. તે સાધુઓનો માત્ર પાટણમાં પ્રવેશ થતો નહોતો. આ. જિનેશ્વર તથા આ. બુદ્ધિસાગરે પાટણમાં આવી વાદ-વિવાદ કરીને નહીં પરંતુ પોતાના ત્યાગ, તપ અને જ્ઞાનના ઓજસ્થી પાટણના રાજા તથા પ્રજાના દિલમાં સુવિહિત પરંપરાની પ્રતિષ્ઠા જમાવી હતી. માજી દુર્લભરાજે પણ શાસ્ત્રાર્થ કે તેના વિજયના કારણે નહીં, પરંતુ તેઓની પવિત્ર જીવનચર્યાના કારણે ચૈત્યવાસીઓને બહુમાનથી સમજાવી તેઓની સમ્મતિ મેળવી ઉપાશ્રય બનાવવાની આજ્ઞા આપી. (જુઓ પ્ર. ૩૫, પૃ. ૫૭-૫૮), જ્યારે પટ્ટાવલીકારોએ આ પ્રસંગે શાસ્ત્રાર્થ કર્યાનું જણાવ્યું છે અને એ વિજયના ઉપલક્ષમાં 'ખરતર' બિરુદ ગોઠવી દીધું છે.

૬. ઇતિહાસ કહે છે કે, પાટણમાં સં. ૧૦૭૮ થી સં. ૧૧૨૦ સુધી **ભીમદેવ** પહેલાનું રાજ્ય હતું, છતાં પટ્ટાવલીકારોએ સં. ૧૦૮૦માં રાજા **દુર્લભ**ની સભામાં શાસ્ત્રાર્થ તથા ખરતર બિરુદને વર્ણવ્યાં છે.

૭. શ્રી નાહરજીની પદ્યપટ્ટાવલીમાં સં. ૧૦૨૪માં દુર્લભરાયની સભામાં[1], વૃદ્ધાચાર્ય પટ્ટાવલીમાં સં. ૧૦૨૪માં દુર્લભરાજાના રાજ્યમાં[2], પહેલી અઢારમી સદીની ગદ્યપટ્ટાવલીમાં સં. ૧૦૮૦માં દુર્લભરાજાની સભામાં, બીજી સં. ૧૮૩૦ની મહો. **ક્ષમાકલ્યાણ**ની પટ્ટાવલીમાં સં. ૧૦૮૦માં દુર્લભરાજાની સભામાં, ત્રીજી સં. ૧૬૮૦ની પટ્ટાવલીમાં પ્રાકૃત **કવિત**ના આધારે સં. ૧૦૨૪માં દુર્લભરાજની સભામાં[3], શ્રીયુત નાહટાજીના 'ઐતિહાસિક જૈન કાવ્યસંદોહ'ના પૃ. ૪૫, ગાથા : ૧૪, ૧૫, ૧૬માં સં. ૧૨૦૪માં દુર્લભરાજની સભામાં, સં. ૧૨૦૭માં ૮૪ વાદજય, ખરતર બિરુદ,

१. वर्षाब्धि-पक्षाभ्र-शशिप्रमाणे लेभेऽपि यैः खरतरबिरुदः ॥ ३८ ॥

२. दससयचउवीसे वच्छरे ॥

३. दससयचिहुवीसेहि, नयर पाटण अणहिल्लपुरि, सुविहितखरतरगच्छबिरुद ॥ १ ॥

નાહરજીના ભંડારની પ્રતિમાં સં. ૧૨૦૪માં પાટણમા ખરતર બિરુદ મળ્યાનો ઉલ્લેખ છે. આ રીતે પટ્ટાવલીઓમાં મોટો વિસંવાદ છે. **યુગપ્રધાનાચાર્ય ગુર્વાવલીમાં** આ. જિનેશ્વરસૂરિને ખરતર બિરુદ મળ્યાનો ઉલ્લેખ નથી.

૮. સં. ૧૨૮૦ નો આબુરાસ, સં. ૧૨૯૦ ની પ્રબંધાવલી, સં. ૧૪૦૫ નો આ. રાજશેખરનો પ્રબંધકોશ, સં. ૧૪૬૬ની આ. મુનિસુંદરસૂરિની ગુર્વાવલી, સં. ૧૪૮૦ નો આ. સોમસુંદરસૂરિનો અર્બુદકલ્પ, સં. ૧૬૨૨ નો પં. કુલસાગરગણિનો ઉપદેશસાર વગેરે ઐતિહાસિક ગ્રંથોમાં ઉલ્લેખ છે કે, ચાર ગચ્છના આચાર્યોએ આબૂ ઉપર સં. ૧૦૮૮માં વિમલવસતિની પ્રતિષ્ઠા કરી હતી (જુઓ, પ્ર. ૩૫, પૃ. ૧૩૧; પ્રક. ૩૭, પૃ. ૨૩૭ થી ૨૩૯-ટિપ્પણી). ખરતરગચ્છીય મહો. જિનપાલગણી 'યુગપ્રધાનાચાર્ય-ગુર્વાવલી'માં, આ. જિનપ્રભસૂરિ 'વિવિધતીર્થકલ્પ'માં વિમલવસતિના પ્રતિષ્ઠાપક તરીકે આ. વર્ધમાનસૂરિને બતાવતા નથી જ, છતાં પટ્ટાવલીકારો તેના પ્રતિષ્ઠાપક તરીકે આ. વર્ધમાનસૂરિને ગોઠવે છે. એ જ રીતે અંચલગચ્છના પટ્ટાવલીકારો તેના પ્રતિષ્ઠાપક તરીકે વલભીગચ્છના **આ. સોમપ્રભસૂરિ**ને બતાવે છે.

૯. ખરતરગચ્છની પટ્ટાવલીઓમાં ફલોધિતીર્થની પ્રતિષ્ઠા તાદ્યકૃત્ બતાવી છે. મહો. ક્ષમાકલ્યાણકે પર્વકથામાં આ. વાદિદેવસૂરિના વાસક્ષેપથી ફલોધિતીર્થની સ્થાપના જણાવી છે. છતાં કોઈ કોઈ લેખક એનો યશ ખરતરગચ્છને આપે છે.

૧૦. આઈન ઈ અકબરી, બાદશાહી ફરમાનો, અકબર બાદશાહે આ. જિનચંદ્રને આપેલું મુલતાનનું ફરમાન અને તત્કાલીન ગ્રંથોના આધારે નક્કી છે કે, પૂ. આ. **જગદ્ગુરુ શ્રીહીરવિજયસૂરિ**એ સમ્રાટ અકબરને પ્રતિબોધ કર્યો અને દયાપ્રેમી બનાવ્યો, જ્યારે પટ્ટાવલીકારોએ આ. જિનચંદ્રે સમ્રાટ અકબરને પ્રતિબોધ કર્યાનું જણાવ્યું છે.

૧૧. **તુજકે જહાંગીર**ના ઉલ્લેખથી સ્પષ્ટ થાય છે કે, બાદશાહ જહાંગીર આ. જિનચંદ્રના પટ્ટધર ઉપા. માનસિંહ (આ. જિનસિંહ) પ્રત્યે નારાજ હતો અને તેથી તેણે આગરામાં તેમના યતિઓનો વિહાર બંધ કરાવ્યો હતો (જુઓ, પ્ર. ૪૪, જહાંગીર). આ. જિનચંદ્રે મહો. વિવેકહર્ષગણિ, પં. મહાનંદ, પં. પરમાનંદ વગેરેના સહયોગથી તે વિહાર ખુલ્લો કરાવ્યો હતો જ્યારે કોઈ કોઈ લેખક વિહાર બંધ કરાવ્યાનો દોષ બીજાઓ ઉપર ઓઢાડવાનો પ્રયત્ન કરે છે.

૧૨. કલિકાલસર્વજ્ઞ **આ. હેમચંદ્રસૂરીશ્વર** અને ગૂર્જરેશ્વર **કુમાલપાલ**નું સ્વર્ગગમન સં. ૧૨૨૯માં થયું હતું. પટ્ટાવલીકારો સં. ૧૧૭૮ થી ૧૨૩૧ સુધી તેઓની વિદ્યમાનતા બતાવે છે.

૧૩. સં. ૧૬૯૦ની ખરતરગચ્છીય પટ્ટાવલીમાં **આ. ઉદ્દ્યોતનસૂરિ**એ ગચ્છવર્ધક મુહૂર્તમાં આ. વર્ધમાનને જ આચાર્યપદ આપવાનું જણાવ્યું છે. જ્યારે ખરતરગચ્છની બીજી પટ્ટાવલીઓ અને બીજા ગચ્છની વિભિન્ન પટ્ટાવલીઓમાં આ. ઉદ્દ્યોતનસૂરિએ આ. સર્વદેવ વગેરે આઠ આચાર્યોને આચાર્યપદ આપવાનું અને મંત્રી વિમલ શાહને કોઈ સંતાન ન હોવાનું જણાવેલ છે.

૧૪. આ. જિનદત્તસૂરિની સ્વર્ગવાસ તિથિ માટે પટ્ટાવલીઓમાં એકમત નથી.

આવી રીતે નાના-મોટા ઘણા **મતભેદો** ઊભા છે, એટલે સત્યતા તારવવામાં ઘણી જ કુશળતા રાખવી પડે તેમ છે. આ **વિસંવાદો** કેમ પડ્યા તે એક નાજુક પ્રશ્ન છે, છતાં ખરતરગચ્છીય મહો. યતિવર **રામલાલજી** ગણિની રચનામાંથી તે અંગે કંઈક ખુલાસો મળે છે. તેઓ 'મહાજનવંશમુક્તાવલી'માં લખે છે –

બિકાનેરના **કુલગુરુ** મહાત્મા અને વહીવંચાઓએ ખરતરગચ્છના **આ. જિનચંદ્રસૂરિ**નું સ્વાગત કર્યું નહીં. આથી ખરતરગચ્છના શ્રાવક બિકાનેરના મંત્રી **કર્મચંદ્ર** બછાવતે તેઓની વહીઓ અને વંશાવલીઓનો બળજબરીથી વિનાશ કર્યો. તે પછીથી નવી વહીઓ, નવી વંશાવલીઓ અને નવી પટ્ટાવલીઓ તૈયાર કરાવી, વગેરે વગેરે.

આ વાત સાચી હોય તો સ્પષ્ટ છે કે, ખરતરગચ્છની પટ્ટાવલીઓ સત્યતા પર નહીં કિન્તુ ગચ્છરાગ પર નિર્ભર છે. આવી સ્થિતિમાં ખરતરગચ્છનો ઈતિહાસ લખવામાં બહુ સંભાળ રાખવાની જરૂર છે - ગંભીર પરિશીલનની જરૂર છે.

## ગચ્છસ્થાપક કોણ ?

આ સઘળા વિસંવાદોના મૂળમાં ખરતરગચ્છના પહેલા આચાર્ય કોણ ? એ જ મુખ્ય પ્રશ્ન છે. એનો નિર્ણય થતાં આમાંના ઘણા વિસંવાદોનો આપોઆપ નિકાલ આવી જાય તેમ છે, તો આપણે તેનો વિચાર કરીએ.

ખરતરગચ્છના આદિ આચાર્ય કોણ ? એની વિચારણામાં ૧-આ. જિનેશ્વરસૂરિ સં. ૧૦૮૦ અને ૨-આ. જિનદત્તસૂરિ સં. ૧૨૦૪, બંને આચાર્યોનાં નામો અપાય છે તો આપણે પહેલાં એ તપાસી લઈએ કે, ખરતરગચ્છની **સંસ્કૃતિ** એ બંનેમાંથી કોના તરફ વધુ ઢળે છે ?

(૧) પં. સુમતિગણિએ 'ગણધરસાર્ધશતક'ની બૃહદ્વૃત્તિમાં આ. જિનશેખરનું ચરિત્ર દર્શાવ્યું છે તેમાં ખરતર બિરુદ મળ્યાનો ઉલ્લેખ નથી.

(૨) મહો. જિનપતિએ 'યુગપ્રધાનાચાર્ય ગુર્વાવલી' (ખરતરગચ્છ બૃહદ્ગુર્વાવલી) રચી છે, તેમાં આ. જિનેશ્વરસૂરિને ખરતર બિરુદ મળ્યાનો ઉલ્લેખ નથી.

(૩) આ. **જિનેશ્વર**ની પરંપરાના સુવિહિત આ. દેવભદ્ર, આ. ચક્રેશ્વર, આ. વર્ધમાન, આ. પદ્મપ્રભ વગેરે આચાર્યો શિલાલેખોમાં અને ગ્રંથોમાં પોતાને **વડગચ્છ**ના બતાવે છે જ્યારે આ. **જિનદત્ત**ની પરંપરાના આચાર્યો પોતાને **ખરતરગચ્છ**ના બતાવે છે.

(૪) આ. જિનવલ્લભના શિષ્યો પોતાને 'મધુકરગચ્છ'ના બતાવે છે અને આ. જિનદત્તની પરંપરાના આચાર્યો પોતાને ખરતરગચ્છના બતાવે છે.

(૫) આ. જિનેશ્વરના શિષ્યો વડગચ્છની સામાચારીને વફાદાર રહે છે: આ. જિનદત્તના શિષ્યો ખરતરગચ્છની સામાચારીને વફાદાર રહે છે.

(૬) ખરતરગચ્છવાળા આ. જિનેશ્વરને નહીં કિન્તુ આ. જિનદત્તસૂરિને જ દાદા (ગચ્છના આદિ પુરુષ) માને છે, તેમની મૂર્તિઓ તથા પગલાંની સ્થાપના કરે છે - પૂજા કરે છે, પ્રતિક્રમણમાં તેમની જ આરાધના કરે છે.

(૭) આ. જિનેશ્વર જૈન શાસનના કલ્યાણની કામના કરે છે. આ. જિનદત્ત વીરો અને યોગિનીઓ પાસે માત્ર ખરતરગચ્છને માટે જ વરદાન માગે છે.

(૮) આ. જિનેશ્વરના અનુગામીઓ જૈન સંઘની રક્ષા અને ઉત્કર્ષ તથા જિનાલયો બનાવવા વગેરેને શાસનસેવા માને છે, જ્યારે આ. જિનદત્તના અનુગામીઓ વિશેષતઃ ખરતરગચ્છની રક્ષા અને ઉત્કર્ષ તથા દાદાવાડી બનાવવી વગેરેને શાસનસેવા માને છે.

(૯) આ. જિનેશ્વરના શિષ્યોએ કલિકાલસર્વજ્ઞ આ. હેમચંદ્રસૂરિ અને પરમાર્હત કુમારપાલ મહારાજાને ધર્મના સ્તંભ માન્યા છે, જ્યારે આ. જિનદત્તના સંતાનીઓએ તેઓની વિરુદ્ધ કલમ ચલાવી છે.[1]

(૧૦) ગૂર્જરેશ્વર કુમારપાલે જૈન સંઘનું અને પાટણનું ઐક્ય જોખમાય નહીં એટલા ખાતર નવી સામાચારીવાળા જૈન ગચ્છોને દેશવટો આપ્યો હતો, ત્યારે આ. જિનેશ્વરના શિષ્યો ગુજરાતમાં જ રહ્યા હતા અને આ. જિનદત્તનો પરિવાર સં. ૧૨૦૪ પછી ગુજરાતની બહાર વિચરતો હતો. આ. જિનદત્ત ગુજરાત બહાર જ સ્વર્ગસ્થ થયા. તે પછી પણ વિમલવસહીનો જીર્ણોદ્ધાર, લૂણવસહીની સ્થાપના, વસ્તુપાલનો સંઘ અને પ્રતિષ્ઠા, શત્રુંજયનો મોટો જીર્ણોદ્ધાર વગેરે ધર્મઉત્સવોમાં એ પરિવારની ઉપસ્થિતિ મળતી નથી એ પણ એક સૂચક વસ્તુ છે.

(૧૧) આ. જિનવલ્લભે ચિત્તોડ મંદિરની પ્રશસ્તિ અને 'પ્રશ્નોત્તર ષષ્ટિશતક' તેમજ આ. જિનદત્તસૂરિએ 'ગણધરસાર્ધશતક' (ગાથા : ૭૬) વગેરેમાં આ. જિનેશ્વરસૂરિના પ્રશંસાકાવ્યો રચ્યાં છે ખરાં, પરંતુ આ. જિનેશ્વરસૂરિથી ખરતરગચ્છ નીકળ્યો એવો ઈશારો પણ કર્યો નથી. સુવિહિત આ. દેવભદ્રસૂરિએ તેમના 'મહાવીરચરિયં'માં સ્પષ્ટ લખ્યું છે કે, આ. જિનેશ્વરથી ખરતરગચ્છ નહીં પરંતુ વિમલતર એટલે સુવિહિત શ્રમણ-પરંપરા ચાલી છે.

(૧૨) આ. જિનદત્તસૂરિ (સં. ૧૧૬૯)ની પહેલાંના કોઈ પણ ગ્રંથ કે શિલાલેખમાં આ. જિનેશ્વરથી ખરતરગચ્છ નીકળ્યાનો ઉલ્લેખ મળતો નથી. તે પછીના ગ્રંથોમાં એવો ઉલ્લેખ થયો છે.

---

१. ततः शङ्कितो मनसि हेमाचार्यो न छोटयति, तदा हेमाचार्यभगिनी हेमश्री महत्तराऽस्ति, तयोक्तम्, 'छोटयन्तु' तैरुक्तम्, 'इदं लिखितमस्ति यः छोटयिष्यति तस्य जिनदत्तसूरिणामाज्ञाऽस्ति' तेन बीभेमि । महत्तरयोक्तम्, 'को जिनदतः ? न कोऽपि भवदीयसमो गच्छाधिपः, अहं छोटयामि, कुमारपालेन दत्तम् । तया छोटितमात्रे तत्कालं नेत्रद्वयं पतितम्, अन्धा जाता । पुस्तकं भाण्डागारे मुक्तम्, रात्रौ वह्निर्लग्नः । सर्वं पुस्तकं प्रज्वलितम् । तत् पुस्तकमाकाशमार्गेण बौद्धानां समीपे गतम् ।

(-સં. ૧૬૯૦ સુધીની - સત્તરમી સદીની ખરતરગચ્છ પટ્ટાવલી, થોડા ફેરફાર સાથે મહો. ક્ષમાકલ્યાણની ખરતરગચ્છ પટ્ટાવલી)

ખરતરગચ્છની ગદ્ય-પટ્ટાવલીઓમાં આ. જિનદત્ત અને આ. જિનેશ્વર બીજાને ઊંચા બતાવવા અને કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિ તેમજ ગૂર્જરેશ્વર કુમારપાલને નીચા બતાવવા માટે આવી વાતો જોડી કાઢવામાં આવી છે. પરંતુ આ. જિનેશ્વર બીજાનો સમય વિ. સં. ૧૨૭૮ થી ૧૩૩૧ છે. જ્યારે હેમચંદ્રસૂરિ અને ગૂર્જરેશ્વર કુમારપાલનો સમય સં. ૧૧૯૯ થી ૧૨૨૯ છે. સાધ્વી હેમશ્રીનું નામ પણ કલ્પિત છે. આથી નક્કી છે કે પટ્ટાવલીકારોએ ઘણી ઘટનાઓ ગચ્છરાગથી ઊભી કરી છે.

(૧૩) ઐતિહાસિક પ્રબંધકારો આ. જિનેશ્વરને તેમજ આ. અભયદેવને પ્રભાવક આચાર્યો માને છે, આ. જિનવલ્લભ કે આ. જિનદત્તને નહીં.

(૧૪) વૃદ્ધાચાર્ય પ્રબંધાવલી અને બીજી પટ્ટાવલીઓમાં આ. જિનેશ્વરસૂરિના ચરિત્ર અંગે મોટો મતભેદ (વિસંવાદ) છે.

આ અને આ જાતનાં બીજાં પ્રમાણોના આધારે નિર્વિવાદ માનવું પડે છે કે, ખરતરગચ્છની સ્થાપનાનું શ્રેયઃ આ. જિનેશ્વરને નહીં પરંતુ આ. **જિનદત્તસૂરિને ફાળે જાય છે.** જો કે આ. જિનવલ્લભે છ કલ્યાણકની પ્રરૂપણા કરી અને આ. જિનદત્ત તેમની પાટે બેઠા પરંતુ આ. જિનદત્તે આ. જિનવલ્લભની સામાચારીથી ભિન્ન સમાચારી રચી ખરતરગચ્છને જન્મ આપ્યો.[1] આમ છતાં પ્રભાવકચરિત્ર, પ્રબંધચિંતામણિ, પ્રબંધકોશ વગેરે ઐતિહાસિક ગ્રંથોમાં જે સર્વમાન્ય પ્રભાવકોનાં ચરિત્રો છે, તેમાં આ. જિનદત્તનો ઉલ્લેખ નથી. પરંતુ તેમનામાં એવું સામર્થ્ય હતું કે, તેમણે ચૈત્યવાસીઓ સામે ટક્કર લીધી અને સં. ૧૨૦૪ માં એક સ્વતંત્ર બળવાન ગચ્છ સ્થાપન કર્યો. તેઓ ખરતરગચ્છના સર્વ પ્રથમ **આચાર્ય** હતા અને ખરતરગચ્છ પણ આજ સુધી તેમને વફાદાર રહ્યો છે. એ જ કારણ છે કે, ખરતરગચ્છીઓ તેમનાં મંદિરો બંધાવે છે, તેમની મૂર્તિઓ કે ચરણપાદુકાઓને પૂજે છે અને પ્રતિક્રમણમાં પણ તેમને જ અચૂક રીતે સંભારે છે. કહેવાની જરૂર નથી કે, ખરતરગચ્છ હશે ત્યાં સુધી આ. જિનદત્તનું નામ પણ અમર રહેશે.

આ. જિનદત્તસૂરિએ વિવિધ સ્થાનોમાં જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી તે પ્રતિમાઓ કે પ્રતિમા લેખો આજે મળતા નથી. પરંતુ કેટલાએક યતિઓએ ગુરુભક્તિથી કે ગુરુભક્તો પાસેથી વધુ નકરાની રકમ મેળવવાની લાલચથી આવા પ્રતિમાલેખો કોતરાવ્યા છે. સૌ કોઈ જાણે છે કે, **પં. કલ્યાણવિજય ગણિએ** જાહેર લેખો આપી આ પ્રતિમાલેખોનો ભ્રમસ્ફોટ કર્યો છે - તેવા લેખો **બનાવટી** હોવાનું પુરવાર કર્યું છે. (આત્માનંદ પ્રકાશ)

આ જ રીતે કોઈ યતિએ ક૦ સ૦ હેમચંદ્રસૂરિના નામના બનાવટી પ્રતિમા લેખો કોતરાવ્યા છે. અમે આવા પ્રતિમાલેખો **અજારી**માં જોયા હતા અને ત્યાંના શ્રીસંઘને સાફ જણાવ્યું હતું કે આ લેખો બનાવટી છે.

**ખરતરગચ્છની પટ્ટાવલી :**

આ૦ જિનદત્તસૂરિ ઉપર મુજબ ખરતરગચ્છના આદિ પુરુષ છે એટલે ખરતરગચ્છની પટ્ટાવલી તેમનાથી શરૂ થાય છે.

ખરતરગચ્છની પટ્ટાવલી સામાન્ય રીતે બે જાતની મળે છે –

(૧) સત્તરમી સદી સુધીના પટ્ટાવલીકારોએ પોતાની પરંપરા 'નંદીસૂત્ર'ના વાચકવંશ સાથે જોડી દીધી છે. સંભવ છે કે, તેમને પોતાની અખંડ ગુરુ-પરંપરાનું જ્ઞાન નહીં હોય.

(૨) ઓગણીસમી સદીના **મહો૦ ક્ષમાકલ્યાણે** આ૦ **મુનિસુંદરસૂરિ**ની 'ગુર્વાવલી'ના આધારે ગુરુપરંપરા જોડી છે. આ પટ્ટાવલી વ્યવસ્થિત છે, તેથી ખરતરગચ્છમાં આજે તે પ્રામાણિક મનાય છે.

---

૧. આ. જિનવલ્લભની સામાચારીમાં સામાયિક તથા પૌષધમાં ઈરિયાવહી પછી કરેમિ ભંતેનું વિધાન છે. આ૦ જિનદત્તની સામાચારીમાં સામાયિક તથા પૌષધમાં કરેમિ ભંતે પછી ઈરિયાવહીનું વિધાન છે વગેરે તફાવત છે. (જૂઓ, રુદ્રપલ્લીયગચ્છ સામાચારી)

અહીં બંને જાતની પટ્ટાવલીઓ આપીએ છીએ –

## ખરતરગચ્છની પટ્ટાવલી પહેલી

૧. ભગવાન મહાવીરસ્વામી
૨. ગણધર સુધર્માસ્વામી
૩. આ૦ જંબૂસ્વામી
૪. આ૦ પ્રભવસ્વામી
૫. આ૦ શય્યંભવ
૬. આ૦ યશોભદ્ર
૭. આ૦ સંભૂતિવિજય
૮. આ૦ ભદ્રબાહુ
૯. આ૦ સ્થૂલભદ્ર
૧૦.આ૦ મહાગિરિ
૧૧.આ૦ સુહસ્તિસૂરિ
૧૨.આ. વજસ્વામી
૧૩.આ૦ આર્યરક્ષિત
૧૪.આ૦ દુર્બલિકાપુત્ર
૧૫.આ૦ નંદી
૧૬.આ૦ નાગ
૧૭.આ૦ રેવતી
૧૮.આ૦ સમિત
૧૯.આ૦ ષડિલ્લ
૨૦.આ૦ હિમવાન્
૨૧.આ૦ નાગાર્જુન
૨૨.આ૦ ગોવિંદ
૨૩.આ૦ સંભૂતિ
૨૪.આ૦ લોહિત્ય
૨૫.આ૦ પુષ્યગણિ
૨૬.વા૦ ઉમાસ્વાતિ
૨૭.આ૦ જિનભદ્ર
૨૮.આ૦ વૃદ્ધવાદી
૨૯.આ૦ સિદ્ધસેન
૩૦.આ૦ હરિભદ્ર
૩૧.આ૦ દેવ
૩૨.આ૦ નેમિચંદ્ર
૩૩.આ૦ ઉદ્દ્યોતન
૩૪.આ૦ વર્ધમાન
૩૫.આ૦ જિનેશ્વર, સં. ૧૦૨૪
૩૬.આ૦ જિનચંદ્ર
૩૭.આ૦ અભયદેવ
૩૮.આ૦ જિનવલ્લભ
૩૯.આ૦ જિનદત્ત
૪૦.આ૦ જિનચંદ્ર
૪૧.આ૦ જિનપતિ
૪૨.આ૦ જિનેશ્વર
૪૩.આ૦ જિનપ્રબોધ
૪૪.આ૦ જિનચંદ્ર
૪૫.આ૦ જિનકુશલ, સં. ૧૩૯૦
૪૬.આ૦ જિનપદ્મ
૪૭.આ૦ જિનલબ્ધિ
૪૮.આ૦ જિનચંદ્ર
૪૯.આ૦ જિનોદય
૫૦.આ૦ જિનરાજ
૫૧.આ૦ જિનભદ્ર
૫૨.આ૦ જિનચંદ્ર
૫૩.આ૦ જિનસમુદ્ર
૫૪.આ૦ જિનહંસ, સં. ૧૫૮૨
૫૫.આ૦ જિનમાણિક્ય, સં. ૧૫૮૨.

ખરતરગચ્છની પદ્ય-પટ્ટાવલીઓ અને કેટલીક ગદ્ય-પટ્ટાવલીઓમાં થોડા ફેરફાર સાથે ઉપર મુજબનો પટ્ટાનુક્રમ મળે છે.

## ખરતરગચ્છની પટ્ટાવલી બીજી

### ૩૯. આ૦ જિનદત્તસૂરિ –

कल्पद्रुमर्मरुमण्डले स जयति श्रीजैनदत्तो गुरुः ॥ (–પટ્ટાવલી)

તેમનો સં. ૧૧૩૨માં ધંધૂકામાં જન્મ, સં. ૧૧૪૧માં દીક્ષા, સં. ૧૧૬૯માં ચિત્તોડમાં આચાર્યપદ, સં. ૧૨૦૪માં ગચ્છવ્યવસ્થા અને સં. ૧૨૧૧ના અષાઢ સુદિ ૧૧ના દિવસે અજમેરમાં સ્વર્ગગમન થયું.[1]

**ધંધૂકા**ના વતની શેઠ વાછિગ (વિવિધ, વાચક) **હુંબડ**ની પત્ની **વાહડદેવી**એ એક બાળકને જન્મ આપ્યો અને તેનું નામ **સોમચંદ** રાખ્યું. વાચક ધર્મદેવે (જયદેવે) સાધ્વીની પ્રેરણાથી બાલક સોમચંદને ૯ વર્ષની વયે દીક્ષા આપી. મુનિ સોમચંદ પહેલે દિવસે ગુરુભાઈ પં. સર્વદેવગણિ સાથે સ્થંડિલ ગયા અને ત્યાં તેણે ઘાસના તાજા ઊગેલા અંકૂરાઓને ઉખેડી નાખ્યા. પં૦ સર્વદેવે તેને ઠપકો આપતાં જણાવ્યું કે, 'આવું કરીશ તો તારો સાધુવેશ લઈ લઈશું.' બાલમુનિએ પોતાની ભૂલની માફી ન માગતાં સામો કડક જવાબ વાળ્યો કે, 'મારી ચોટલી લાવો અને તમારો વેશ લઈ લો.' પં૦ સર્વદેવે જોયું કે બાલક હાજરજવાબી છે.

(–ગણધરસાર્ધશતક-વૃત્તિ)

ભાવડાગચ્છના આચાર્યે મુનિ સોમચંદને પંજિકાનું જ્ઞાન આપ્યું. **આ૦ અશોકચંદ્રે** વડી દીક્ષા આપી. **આ૦ હરિસિંહે** સિદ્ધાંત અને મંત્રપાઠ શીખવ્યો.

આ૦ **દેવભદ્રે** (હિંદી) સં. ૧૧૬૭માં ચિત્તોડમાં સુવિહિત આ૦ જિનેશ્વરસૂરિના શિષ્ય પં૦ જિનવલ્લભને આચાર્યપદ આપ્યું હતું. તેમણે છ કલ્યાણકની પ્રરૂપણા કરી, એ પછી તેઓ માત્ર છ મહિના જીવીને કાળધર્મ પામ્યા હતા.

(ખરતરગચ્છ પટ્ટાવલી સંગ્રહ, પૃ. ૪૬)

તેમને **જિનશેખર** વગેરે શિષ્યો હતા, પણ તે મધુર સ્વભાવના હશે, ગુરુની ઝુંબેશને વેગ આપે એવા નહીં હોય એટલે આ૦ જિનવલ્લભની પાટે કોણ બેસે એ પ્રશ્ન ઊભો થયો. દરમિયાન મુનિ **સોમચંદ** વિહાર કરી **ચિત્તોડ** આવ્યા. તેમને પાટે બેસાડવાની વાત ચાલી, પરંતુ આચાર્યના શિષ્યોને બદલે બીજાને પાટે બેસાડવાનો પ્રશ્ન વિકટ હતો. ઝગડો થઈ જવાનો ભય હતો. આચાર્યપદવી માટે ત્રણ મુહૂર્તો લેવાયાં હતાં, એમાં જેમ વિલંબ થાય તેમ લાભ હતો. અંતે સુવિહિત **આ૦ દેવભદ્રે** ત્રીજા મુહૂર્તમાં સં. ૧૧૬૯માં **વૈશાખ** વદિ ૬ (વૈશાખ સુદિ ૧, વૈશાખ સુદિ ૧૦)ની સાંજે સંધ્યા સમયે **ગોરજ** લગ્નમાં મુનિ સોમચંદને આ૦ **જિનદત્તસૂરિ** નામ આપી આ૦ જિનવલ્લભની પાટે સ્થાપન કર્યા. 'વૃદ્ધાચાર્ય પ્રબંધાવલી'માં લખ્યું છે કે, 'આચાર્યપદ જાલોરમાં બીજા મુહૂર્તમાં થયું હતું.' તેમનો રંગ કાળો હતો અને શરીર ઠીંગણું હતું.

---

૧. શ્રીપૂરણચંદજી નાહરે પ્રકાશિત કરેલ ચારે પટ્ટાવલીઓમાં આ૦ જિનદત્તસૂરિના પિતાનું નામ, દીક્ષાગુરુનું નામ, આચાર્યપદતિથિ, બિકાનેરમાં દીક્ષિતોની સંખ્યા, ૭ વ્યસન, ૭ વરદાન-વર દેનારા, નિષિદ્ધ વિહારક્ષેત્રો, ચમત્કારો વગેરે ઘણી બાબતોમાં એકમતતા નથી; એટલે સત્ય શું અને કલ્પિત શું તેનો નિર્ણય થઈ શકે તેમ નથી.

એક દિવસ આ૦ જિનદત્તે કડક હાથે કામ લીધું, એટલે ઉપસ્થિત આચાર્યોએ તેમને ગચ્છ બહાર કર્યા અને આ૦ જિનવલ્લભના શિષ્યોએ તેમને અમાન્ય રાખી પં. જિનશેખરને આચાર્ય બનાવી સ્વતંત્ર સંઘાડો ચલાવ્યો, જે **'મધુકરગચ્છ'** નામથી જાહેર થયો.

આ૦ જિનદત્ત જ્યોતિષના અભ્યાસી હતા. તેમણે હિંમત ન હારતા ઉત્તરમાં વિહાર લંબાવ્યો, સં. ૧૧૭૦માં નાગોરમાં પ્રવેશ કર્યો. અહીં ધનદેવ નામે શેઠ રહેતો હતો. તે આ૦ જિનવલ્લભનો ભક્ત હતો. તેણે ભ૦ નેમિનાથનું દેરાસર બંધાવ્યું હતું. તેણે આ૦ જિનદત્તને 'આયતન, અનાયતન, વિધિમંદિર, અવિધિમંદિર વગેરે ચર્ચાઓ' તજી દેવા વિનંતિ કરી હતી, પણ આચાર્યશ્રીએ તેનો આદર ન કર્યો. આચાર્યે બિકાનેર જઈ શાંતિસ્તોત્ર પાઠથી મરકીનો ઉપદ્રવ દૂર કરાવ્યો. આથી તેમને બિકાનેરમાં ઘણાં સાધુ-સાધ્વીઓનો લાભ થયો.[1] તેમણે નારનોલની એક બાલવિધવાને ચૈત્યવાસી સાધ્વીઓની શિષ્યા બનાવી હતી, તેને નવી બનેલી સાધ્વીઓને સોંપી અને તેને **મહત્તરાપદ** આપ્યું. ઘણા ચૈત્યવાસી યતિઓને પોતાના શિષ્ય બનાવ્યા. તેમણે **મુલતાન** જઈ ત્યાંના ચૈત્યવાસીઓને પોતાના શ્રાવક બનાવ્યા. તેમને સંપન્ન બનાવવા માટે મકરાણામાં સાતે શુદ્ધિથી શુભ લગ્નમાં એક પવિત્ર **જિનપ્રતિમા** તૈયાર કરાવી, પણ તેને મુલતાન લાવતા વચમાં, નાગોરમાં જ એક ચૈત્યવાસી આચાર્યે તે પ્રતિમાની અંજનશલાકા કરી નાખી. આથી મુલતાનનો લાભ નાગોરને મળ્યો. વળી, તેમણે શ્રાવકોને **ભટનેરા** દેરાસરની **માણિભદ્ર યક્ષ**ની પ્રતિમા લાવવા માટે મોકલ્યા. મુલતાની શ્રાવકો એ પ્રતિમા ચોરી લાવ્યા, પણ તે પ્રતિમા પંજાબની નદીઓમાં જ રહી ગઈ. આ૦ જિનદત્તે મુલતાનથી ત્યાં જઈ પાંચ નદીઓના કિનારે માણિભદ્ર યક્ષ, મુસલમાની પાંચ પીરો, સોમ વ્યંતર અને સીલેમા પહાડીનો ખોડિયો ક્ષેત્રપાલ (ખોડિયો હનુમાન) વગેરે દેવોની સાધના કરી અને પછી ૬૪ જોગણીઓને પણ સાધી હતી.

ખરતરગચ્છની પટ્ટાવલીઓમાં આ **પીર-સાધના** અને બીજી ચમત્કારની વાતો ઘણા વિસ્તારથી આપી છે, જેમાં વાયડગચ્છના આ૦ **જીવદેવસૂરિ** અને મરેલી ગાયની ઘટના (પ્ર. ૩૪, પૃ. ૪૫૨ થી ૪૬૧) તેમજ **દાદા ધર્મઘોષસૂરિ** અને સાપના ઝેરની ઘટના (પ્ર. ૪૬) વગેરે જેવા ચમત્કારો પણ સામેલ છે. એકંદરે તેમને મોટા ચમત્કારી પુરુષ તરીકે વર્ણવેલા છે.

આ૦ જિનદત્ત સં. ૧૨૦૪માં પાટણમાં હતા ત્યારે એક ધનિકની સ્ત્રીએ જિનમંદિરમાં આશાતના કરી. આચાર્યશ્રીએ તે માટે સખત હાથે કામ લીધું અને સાથોસાથ સ્ત્રીઓને માટે જિનપૂજાનો સર્વથા નિષેધ કર્યો. આ ઘટનાથી પાટણના સંઘમાં મોટો ખળભળાટ મચી ગયો. આચાર્યશ્રી તરત જ અગમચેતી વાપરીને ત્યાંથી નીકળી ગયા અને **ઔષ્ટ્રિકી** વિદ્યાના બળે એકદમ જાલોર પહોંચી ગયા.[2]

એવો ઉલ્લેખ મળે છે કે, ગૂર્જરેશ્વર મહારાજા કુમારપાલે પાટણના જૈન સંઘની-મહાજનની અને પાટણના રાજ્યની એકતા જોખમાય નહીં એટલા માટે નવી સામાચારીવાળા

---

૧. આ દીક્ષિતોની સંખ્યા ચારે પટ્ટાવલીઓમાં જુદી જુદી બતાવી છે. A अक्षसप्तगुणितं-૭૫, B ૫૦૦ સાધુ, C ૫૦૦ સાધુ અને ૭૦૦ સાધ્વીઓ, D ૫૦૦ સાધુ અને ૩૦૦ સાધ્વીઓ.

૨. वेदाभ्रारुणकाल (१२०४) औष्ट्रिकभवः औष्ट्रिकपक्षः ।

(– રાજગચ્છપટ્ટાવલી, કડુઆમતપટ્ટાવલી-વિવિધગચ્છ પટ્ટાવલીસંગ્રહ)

જૈન ગચ્છોને દેશવટો આપ્યો હતો. પાટણમાં પ્રવેશ તથા વસવાટ નિવાર્યો હતો. આથી પાટણના સંઘમાં શાંતિ પથરાઈ ગઈ.[1]

મહોપાધ્યાય જિનપાલની 'યુગપ્રધાનાચાર્ય ગુર્વાવલી'ના ઉલ્લેખથી સમજાય છે કે, આ૦ જિનદત્તસૂરિ ગુજરાતથી બહાર ગયા તે પછી પહેલવહેલાં આ૦ જિનપતિ સંઘ સાથે ગુજરાતમાં તીર્થયાત્રા માટે આવ્યા પણ તેમણે શત્રુંજય તીર્થની યાત્રા કરી નહીં; કેવલ ગિરનાર તેમજ ખંભાતની યાત્રા કરી હતી. આ યાત્રાવર્ણનમાં આ૦ અકલંકે મારવો લોકોऽતિસ્થૂલભાષી (પૃ. ૩૬) આ૦ તિલકપ્રભે गूर्जरत्रायां त्वं सिंह इव (પૃ. ૩૮); સાધુ ક્ષેમંધરે गूर्जरत्रामध्ये भवतः समीपे [2] (પૃ. ૩૯) વગેરે જે શબ્દો વાપર્યા છે તેથી સ્પષ્ટ થાય છે કે, ત્યારે ગુજરાતના જૈનોને માટે ખરતરગચ્છ અપરિચિત ગચ્છ જેવો બની ગયો હતો. આ૦ જિનપતિ પછી જનતાને નવેસરથી ખરતરગચ્છ મળ્યો. ત્યાં સુધી તે દેશવટાની સ્થિતિમાં હોય એમ લાગે છે.

આ૦ જિનદત્તસૂરિ ગુજરાત બહાર ગયા પણ તેઓ કાર્યક્ષમ હોવાથી તેમણે સં. ૧૨૦૪માં આ૦ જિનવલ્લભે પ્રરૂપેલાં છ કલ્યાણકો, સ્ત્રીઓને જિનપૂજાનો નિષેધ વગેરે માન્યતાઓને પ્રધાનતા આપી, નવા નિયમો બાંધી સ્વતંત્ર ખરતરગચ્છ ચલાવ્યો[3] અને તે દિવસથી ઉપકેશગચ્છના ચૈત્યવાસીઓનું નામ કોમલગચ્છ (કંવલાગચ્છ) પડ્યું.[4]

જેમ બૌદ્ધોને ભારત છોડ્યા પછી વધુ લાભ થયો તેમ આ૦ જિનદત્તસૂરિને ગુજરાત છોડ્યા પછી વધુ લાભ મળ્યો. તેઓ મારવાડના તો કલ્પવૃક્ષ તરીકે જાહેર થયા.[5]

---

૧. ખરતરગચ્છની પટ્ટાવલીઓમાં ક. સ. આ૦ હેમચંદ્રસૂરિ અને ગૂર્જરેશ્વર કુમારપાલની વિરુદ્ધમાં બૂઠી કલમ ચલાવી, તેનું આ જ કારણ હશે. એ ગચ્છોનો વિહાર તેરમી સદીમાં ગુજરાતમાં મળતો નથી, તેનું પણ આ જ કારણ હશે. અંચલગચ્છની પટ્ટાવલીમાં જણાવ્યું છે કે, આ૦ જયસિંહ મહારાજા કુમારપાલની સમ્મતિ મેળવી પાટણમાં રહ્યા હતા. (જુઓ, પ્ર. ૩૫, પૃ. ૧૫૨-૧૫૩)

૨. ભાંડાશાલિક સંભવે कपटबहुला गूर्जरत्रा । कार्पटिकगूर्जरलोकः । (પૃ. ૪૩)

૩. અંચલગચ્છના આ૦ મહેંદ્રસૂરિ લખે છે કે, આ૦ જિનવલ્લભે ૬, આ૦ જિનદત્તે ૨૫, આ૦ જિનચંદ્રે ૩, આ ૦ જિનપતિએ ૭ જેટલી નવી પ્રવૃત્તિઓ ચલાવી, જેમાં છઠ્ઠું કલ્યાણક, સ્ત્રીને પૂજાનો નિષેધ, મંદિરમાં યુવાન વેશ્યાના નાચનો નિષેધ, શ્રાવકની પ્રતિમાઓ બનાવવાનો નિષેધ, પોતાને યુગપ્રધાન પચીસમો તીર્થંકર, ત્રિભુવનગુરુ વગેરે મનાવવા, ગુરુ પ્રતિમાનો પ્રચાર, તેના દ્રવ્યની વ્યવસ્થા, બીજા ગચ્છવાળાની કન્યા લેવા-દેવાની મનાઈ, અખંડ ફૂલ નિર્માલ્ય નહીં, ૩ નવકાર અને ૩ કરેમિભંતેથી સામાયિક ઉચ્ચારવું, માસકલ્પ વિચ્છેદ, દેવોનો કુલકુરી પટ્ટ, સાધુ-ઉપધિ મર્યાદા વિચ્છેદ, દેહ-વસ્ત્રની સફાઈ વગેરે. (શતપદી પદ : ૧૦૭)

આ ખરતરગચ્છની જેમ સં. ૧૩૦૮માં ઉપકેશગચ્છની 'ખરા તપા પક્ષ' નામની શાખા નીકળી હતી. (– આબૂ પ્રાચીન લેખસંદોહ, લે. નં. ૬૦)

૪. वि. सं. १२०४ वर्षे पत्तने पौषधशालिवनवासिनोर्विवादः कवलांगच्छः खरतरगच्छश्चेति नामनी अभूताम् ।

(– પૂરણચંદજી નાહર સંગૃહિત પટ્ટાવલી; જૈન શ્વેતાંબર કોન્ફરન્સ હેરલ્ડ, પુસ્તકઃ ૧૪, અંક : ૪,૫,૬, પાનું ૧૬૩; પટ્ટાવલી સમુચ્ચય, ભા. ૧, પૃ. ૫૬.)

૫. कल्पद्रुमर्मरुमण्डले स जयति श्रीजैनदत्तो गुरुः ।

मरुस्थलीकल्पतरुः स जीयाद् युगप्रधानो जिनदत्तसूरिः ॥ ५१ ॥ વૃદ્ધાચાર્ય પ્રબંધાવલી

તેમણે ખરતરગચ્છને સ્વતંત્ર સામાચારી આપી છે, જેના કેટલાએક નિયમો નીચે મુજબ છે –

ભ૦ મહાવીરનાં છ કલ્યાણક માનવાં, પાંચ નદીની સાધના કરવી, આચાર્ય સિવાય બીજો કોઈ તીર્થંકરની પ્રતિષ્ઠા ન કરે, સ્ત્રી પૂજા ન કરે, દેરાસરમાં નર્તકી નાચે નહીં, ચતુષ્પર્વી સિવાયના દિવસોમાં પૌષધ થાય નહીં, પૌષધમાં આહાર લેવાય નહીં, આયંબિલમાં બેથી વધુ ચીજોનો ઉપયોગ ન થાય.

સામાયિકમાં ૩ करेमि भंते બોલવાં અને પછી इरियावही સૂત્રપાઠ બોલવો.

તિથિ વધે તો પહેલી તિથિને માનવી, ચૌદશ ઘટે તો પૂનમે પાખી કરવી, શ્રાવણ વધે તો બીજા શ્રાવણમાં સંવત્સરી કરવી. ભાદરવો વધે તો પહેલા ભાદરવામાં સંવત્સરી કરવી વગેરે.

( – ઉત્સૂત્રોદ્‌ઘાટનકુલક, ગાથા : ૧૮, સ્વોપજ્ઞ અવચૂરિ)

આ૦ જિનદત્તે પાંચ નદીના પીરોને-દેવોને ખરતરગચ્છના અધિષ્ઠાયક બનાવ્યા. તેઓને સાત વચનો આપ્યાં અને તેઓની પાસેથી સાત વરદાન લીધા.[1] તે આ પ્રમાણે છે –

**સાત વચનો –**

(૧) ગચ્છપતિ સિંધમાં જાય તો પાંચ નદીને સાધે.
(૨) ગચ્છપતિ હંમેશાં ૨૦૦ (૧૦૦૦) સૂરિમંત્રનો જાપ કરે.
(૩) ગચ્છનો સાધુ હંમેશાં ૩૦૦ (૨૦૦૦) નવકાર ગણે.
(૪) ખરતરગચ્છીય શ્રાવક હંમેશાં સાત સ્મરણનો પાઠ કરે. (શ્રાવિકા ત્રિશતી ફેરવે.)
(૫) શ્રાવક પ્રતિઘર ૧ (૨) ખીચડીની માળા ફેરવે.
(૬) શ્રાવક દર મહિને બે આયંબિલ કરે.
(૭) ગચ્છપતિ (સાધુ) હંમેશાં એકાસણું કરે.

**સાત વરદાનો –**

(૧) દરેક ગામમાં ખરતરગચ્છનો એક શ્રાવક દીપતો થાય.
(૨) ખરતરગચ્છનો શ્રાવક ગરીબ ન રહે.
(૩) સંઘમાં કુમરણ ન થાય. (સાધુ-સાધ્વી સાપથી મરે નહીં.)
(૪) ગચ્છની બ્રહ્મચારિણી સાધ્વીને ઋતુધર્મ આવે નહીં.
(૫) ગચ્છનો શ્રાવક સિંધમાં જાય તો ધનવાન થઈને આવે.

---

૧. ‘વૃદ્ધાચાર્ય પ્રબંધાવલી’માં લખ્યું છે કે, કચ્ચોલાચાર્યના જીવ પાસેથી સાત વરદાન મળ્યાં. જે આ વરદાનોથી ભિન્ન છે.

‘પદ્ય-પટ્ટાવલી’માં સોમદેવે એક જ વરદાન આપ્યાનો ઉલ્લેખ છે. પછીની ગદ્ય પટ્ટાવલીઓમાં વરદાતા અને વરદાનોની સંખ્યામાં વધારો થયેલો જોવાય છે.

ઉપર્યુક્ત વચનો અને વરદાનોનું બહુધા પાલન થયું નથી. ચોથું વરદાન લેવાનો કે દેવાનો શો હેતું છે તે સમજાતું નથી. શીલપાલનની આવી વિચિત્ર કસોટી તો ન જ હોય.

‘યુગપ્રધાનાચાર્ય-ગુર્વાવલી’માં વરદાનનો ઈશારો સરખો નથી.

(૬) સંઘમાં કોઈને શાકિની છળે નહીં.
(૭) 'જિનદત્ત' નામથી વીજળી ન પડે.

સં. ૧૬૭૪ની પટ્ટાવલીમાં માણિભદ્રના પાંચ વરદાનો ઉપર મુજબ બતાવ્યાં છે, તેમજ જોગણીનાં બીજાં સાત વરદાનો પણ દર્શાવ્યાં છે; જેમાં ખરતરગચ્છનો સાધુ પ્રાયઃ મૂર્ખ ન રહે, વચનસિદ્ધિવાળો બને; સાધ્વી ઋતુમતી ન થાય અને દિલ્હીથી ઉપર આગળ ગયેલો શ્રાવક ધનવાન બને વગેરે વરદાનોની નોંધ છે.

આ૦ જિનદત્તસૂરિએ એ પણ **અભિવચન** આપ્યું છે કે, "ખરતરગચ્છનો આચાર્ય દિલ્હી, અજમેર, ભરૂચ, ઉજ્જૈન, મુલતાન, ઉચ્ચનગર અને લાહોર એ સાત નગરોમાં જાય નહીં. ખાસ કારણે ત્યાં જાય તો રાતવાસો કરે નહીં." સંભવ છે કે તે સમયે તે તે નગરોમાં બીજા ગચ્છોનું જોર વધુ હોય.

આ૦ જિનદત્તે સં. ૧૨૧૧ ના વૈશાખ સુદિ ૬ ના રોજ બિકાનેરમાં **આ૦ જિનચંદ્રને** પોતાની પાટે સ્થાપન કર્યા. ખરતરગચ્છમાં આચાર્યોનાં નામો પહેલાં 'જિન' શબ્દ જોડવાનું ત્યારથી ચાલું થયું છે. તેમણે ૧૦ વાચનાચાર્ય અને ૫ મહત્તરાઓ બનાવી હતી. તેમણે ચૈત્યવાસી અને માહેશ્વરીઓને પોતાના જૈન બનાવ્યા હતા.

**ગ્રંથો –**

તેમણે રચેલા ગ્રંથો નીચે મુજબ જાણવામાં આવ્યા છે –

૧. ગણધરસાર્ધશતક, પ્રાકૃત ગાથા : ૧૫૦(પાંત્રીશ આચાર્યોની સ્તુતિ).
૨. સંદોહદોલાવલી, પ્રાકૃત ગાથા : ૧૫૦
૩. ગણધરસપ્તતિ, પ્રા. ગાથા : ૭૦
૪. સર્વાધિષ્ઠાયિસ્તોત્ર, પ્રા. ગાથા : ૨૬
૫. સુગુરુપારતંત્ર્ય, પ્રા. ગાથા : ૨૧.
૬. વિઘ્નવિનાશિસ્તોત્ર, પ્રા. ગાથા : ૧૪.
૭. વ્યવસ્થાકુલક, પ્રા. ગાથા : ૬૨
૮. ચૈત્યવંદનકુલક, પ્રા. ગાથા : ૨૯.
૯. પ્રાકૃતવિંશિકા.
૧૦. ઉપદેશરસાયન, અપભ્રંશ શ્લો. ૮૦.
૧૧. કાલસ્વરૂપ, અપ. શ્લો. ૩૨.
૧૨. ચર્ચરી, અપ. શ્લો. ૪૭.[1]

એમના ઉપદેશથી તહનગઢનો રાજા **કુમારપાલ** યાદવ (સં. ૧૨૧૦ થી ૧૨૫૨) **જૈન** બન્યો હતો. (ભારતીયવિદ્યા, ભા. ૨, અંક : ૧)

---

૧. આ૦ જિનકુશલે સં. ૧૩૮૩માં 'ચૈત્યવંદનકુલક' ની વૃત્તિ ૪૪૦૦ શ્લોકપ્રમાણ રચી. પં૦ સુમતિગણિએ 'ગણધરસાર્ધશતક'ની બૃહદ્‌વૃત્તિ, સં. ૧૨૯૫ની પં૦ કનકચંદ્રગણિકૃત બૃહદ્‌વૃત્તિ, આ૦ જિનેશ્વરશિષ્ય ઉપા૦ પદ્મમંદિરે લઘુવૃત્તિ ગ્રં. ૨૩૮૦, પં૦ ચારિત્રસિંહે 'અંતર્ગત પ્રકરણ' રચ્યું છે. ઉપા૦ જિનપાલે સં. ૧૨૯૪ માં ચર્ચરીની વૃત્તિ, સં. ૧૨૯૨માં 'ઉપદેશરસાયન'ની વૃત્તિ, ઉપા૦ સુરપ્રભે 'કાલસ્વરૂપ'ની વૃત્તિ અને પં૦ પ્રબોધચંદ્રે સં. ૧૩૨૦ માં 'સંદેહદોલાવલી'ની બૃહદ્‌વૃત્તિ રચી છે.

આ આચાર્યના સમયમાં સં. ૧૧૬૯ થી 'મધુકરગચ્છ' નીકળ્યો અને તેમાંથી આ૦ અભયદેવના સમયે 'રુદ્રપલ્લીગચ્છ' નીકળ્યો.

'યુગપ્રધાનાચાર્ય-ગુર્વાવલી'માં તેમનો સ્વર્ગવાસ સં. ૧૨૧૧ ના અષાઢ વદિ ૧૧ ના રોજ થયો એમ જણાવ્યું છે.

આ૦ જિનદત્તસૂરિ ખરતરગચ્છના સ્થાપક, શાસક, પ્રથમ આચાર્ય, કાર્યક્ષમ ગચ્છનાયક અને દાદા હતા. તેઓ સં. ૧૨૧૧ ના અષાઢ સુદિ ૧૧ ના દિવસે **અજમેરમાં** સ્વર્ગવાસી થયા. શ્રાવકોએ તે સ્થાને સમાધિસ્તૂપ બનાવ્યો, જેની પ્રતિષ્ઠા સં. ૧૨૨૧ માં આ૦ જિનચંદ્રસૂરિએ કરી હતી. આ૦ **જિનપતિસૂરિએ** સં. ૧૨૩૫ માં અજમેરમાં ચોમાસું કર્યું અને આ૦ જિનદત્તસૂરિના સ્તૂપની મોટા મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરી.

તેમના અગ્નિસંસ્કારનું અસલ સ્થાન ભૂલાઈ જવાથી અજમેરના જૈનોએ બીજે સ્થાને ભ૦ **પાર્શ્વનાથ**નું દેરાસર તથા **દાદાવાડી** બનાવ્યાં છે, જે આજે વિદ્યમાન છે.

૪૦. **મણિધારી જિનચંદ્ર** – તેમનો સં. ૧૧૯૭ના ભાદરવા સુદિ ૮ ના રોજ જન્મ, સં. ૧૨૧૮ ના ફાગણ વદિ ૮ ના રોજ અજમેરમાં (દિલ્હીમાં) દીક્ષા, સં. ૧૨૧૧ (૧૨૦૫ ?)ના વૈશાખ સુદિ ૯ ના રોજ બિકાનેરમાં આચાર્યપદ અને સં. ૧૨૨૩ ના બીજા ભાદરવા વદિ ૧૪ ના રોજ **દિલ્હીમાં** સ્વર્ગવાસ થયો.

તેમના પિતાનું નામ **રાસલ** અને માતાનું નામ **દેલ્હણદેવી** હતું. તેમણે આ૦ જિનદત્તે પોતાના હાથે આચાર્યપદવી આપી પોતાની પાટે સ્થાપ્યા હતા. તેમણે **ખોડિયા ક્ષેત્રપાલ**ની સાધના કરી હતી. તેમણે પૂર્વદિશની યાત્રા કરી પાછા ફરતાં રાજા મદનપાલની વિનંતિથી ગુરુદેવનું **અભિવચન** તોડી **દિલ્હીમાં** ચોમાસુ કર્યું અને (યોગિનીના છલથી) ત્યાં જ તેમનો સ્વર્ગવાસ થયો.

તેમણે અતિબલ નામે અધિષ્ઠાયક સ્થાપ્યો હતો. તેમના પોતાના કપાળમાં મણિ હતો. કોઈ શ્રાવકની ગફલતથી એક વિદ્યાસિદ્ધ યોગી તેમનો મણિ ઉપાડી ગયો. તેમની માંડવી મુકરર સ્થાને ન પહોંચતાં વચમાં મરઘટમાં (મસાણમાં) ઉતારવાથી વચમાં જ રહી એટલે શ્રાવકોએ તેમનો ત્યાં જ અગ્નિસંસ્કાર કર્યો અને તે સ્થાને સ્તૂપ બનાવ્યો. **ખોડિયો ક્ષેત્રપાલ** ત્યાં પરચા પૂરતો હતો. પાછળથી સ્તૂપની ચરણપાદુકા મુસલમાનોએ ઉપાડીને ફેંકી દીધી અને ત્યાં ખાડો બનાવી મૂક્યો છે, તેની પૂજા ભક્તો કરે છે. આ સ્તૂપ ખરતરગચ્છમાં ચમત્કારી મનાય છે. સં. ૨૦૧૩ ના આસો વદિ ૧૧ ને શનિવાર તા. ૧૯-૧૦-'૫૭ અને આ. વ. અમાસ બુધવાર તા. ૨૩-૧૦-'૫૭ના રોજ ત્યાં ચોરી થઈ ત્યારથી ચમત્કાર મનાતો નથી.

એ સમયથી ખરતરગચ્છમાં દરેક ચોથી પાટે 'જિનચંદ્રસૂરિ' નામ રાખવાનો પ્રચાર શરૂ થયો છે.[1]

તેમના શિષ્ય ઉપા૦ **જિનમતે** સં. ૧૨૧૫ માં **'રાક્ષસકાવ્ય'**ની ટીકા રચી છે. તેમણે

---

१. खोडियाक्षेत्रपालस्तत्स्तूपेऽधिष्ठाता । तुर्ये तुर्ये पट्टे श्रीजिनचन्द्रसूरिनाम स्थापनम् ॥
(– સં. ૧૭૧૧ની ખરતરગચ્છ પટ્ટાવલી)

આ જિનપતિને ઉપા૦ પદ્મપ્રભ સાથેના 'ગુરુ-કાવ્યાષ્ટક'ના શાસ્ત્રાર્થમાં બહુ મદદ કરી હતી. ઉપા૦ જિનમતનો સ્વર્ગવાસ સં. ૧૨૪૨માં થયો હતો.

(જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૨૩૫, પૃ. ૧૪૩, ક્રમાંક : ૨૩૯)

૪૧. આ૦ જિનપતિસૂરિ –

तत्पट्टे श्रीजिनपतिसूरिर्जज्ञेऽथ पञ्चलिङ्गीं यः ।

श्री संघपट्टकमलं विवृत्य चक्रे बुधाश्चर्यम् ॥ ६ ॥ (– અભયકુમારચરિત્ર-પ્રશસ્તિ)

वाग्मिनां च शिरोरत्नं वन्दे मर्त्येश्वरस्तुतम् ।

भक्त्या सुमेधसां धुर्यं श्रीमज्जिनपतिगुरुम् ॥

તેઓ બિકાનેરમાં શા. યશોવર્ધન માલ્હુ અને સૂહવદેના પુત્ર હતા. તેમનું નામ નરપતિ હતું.

તેમનો સં. ૧૨૧૦ના ચૈત્ર વદિ ૮ ના રોજ મૂળ નક્ષત્રમાં જન્મ થયો હતો. સં. ૧૨૧૮ ના ફાગણ વદિ ૮ (સં. ૧૨૧૭ ના ફાગણ સુદિ ૧૦)ના તેમની દિલ્હીમાં દીક્ષા થઈ હતી. સં. ૧૨૨૩ના કાર્તિક સુદિ ૧૩ના રોજ બબ્બેરકમાં આ૦ જયદેવના હાથે આચાર્યપદ અને સં. ૧૨૭૭ના અષાઢ સુદિ ૧૦ (સં. ૧૨૭૮ના માહ સુદિ ૬)ના રોજ પાલનપુરમાં તેઓ સ્વર્ગવાસ પામ્યા હતા.

તેમણે ૩૬ વાદ જિત્યા હતા.

તેમણે આસપુરમાં પ્રતિષ્ઠા કરાવી ત્યારે મણિવાળા યોગીએ જિનપ્રતિમાનું સ્તંભન કર્યું હતું. આથી તેમણે વાસક્ષેપ નાખી તે સ્તંભન દૂર કર્યું હતું. આ કારણે યોગી પણ તેમનો ભક્ત બની ભાલ-મણિ તેમજ સ્તાંભિની વિદ્યા આપીને ચાલતો થયો. આચાર્યે તે વિદ્યા ગ્રહણ ન કરી.

ખેડનો મંત્રી ઉદ્ધરણ સાધર્મિકોને વસ્ત્રદાન વગેરે ઘણું દાન આપતો હતો. તેણે નાગોરમાં દેરાસર બંધાવ્યું. તેની પ્રતિષ્ઠા આ૦ જિનપતિએ કરી; અને તે કુટુંબને ખરતરગચ્છનું ભક્ત બનાવ્યું. મરોઠના નેમિચંદ્ર ભંડારીનો પુત્ર અંબડ (દેવદત્ત) દીક્ષા લેવાને તૈયાર થયો ત્યારે ભંડારીએ આ૦ જિનપતિની પરીક્ષા કરી તેમને પોતાનો પુત્ર સોંપ્યો.

તેમણે સં. ૧૨૩૩માં કલ્યાણનગરમાં બિકાનેરના શા૦ માનદેવે ભરાવેલ ભ૦ મહાવીરસ્વામીની પ્રતિષ્ઠા કરી. (–વિવિધતીર્થકલ્પ)

આ૦ વાદિદેવસૂરિએ સં. ૧૧૯૯ના ફાગણ સુદિ ૧૦ દિને ફલોધિમાં તીર્થની સ્થાપના કરી ત્યારે ત્યાં ખરતરગચ્છનું વિધિચૈત્ય નહોતું તેથી આ૦ જિનપતિએ સં. ૧૨૩૪માં ફલોધિમાં ભ૦ પાર્શ્વનાથનું નવું ખરતરગચ્છીય ચૈત્ય બનાવ્યું.

તેમણે સં. ૧૨૪૮ લગભગમાં આસાવલ–કર્ણાવતી નગરમાં ઉદયનવિહારના ચૈત્યવાસીઓએ પ્રતિષ્ઠા કરેલ જિનબિંબોને અપૂજનીય ઠરાવી ચર્ચા ઊભી કરી. આ ચર્ચાએ મોટું સ્વરૂપ પકડ્યું. એ અંગે ગ્રંથો બન્યા અને સં. ૧૨૪૮માં કર્ણાવતીમાં શાસ્ત્રાર્થ

થયો. આ૦ વાદિદેવસૂરિના સંતાનીય આ૦ પ્રદ્યુમ્નસૂરિએ આ અંગે 'વાદસ્થલ' નામે ગ્રંથ રચ્યો અને આ૦ જિનપતિએ તેના ઉત્તરમાં 'પ્રબોધ્યવાદસ્થલ' નામે ગ્રંથ બનાવ્યો. એ સિવાય તેમણે યમકમયચતુર્વિંશતિજિનસ્તવન, શ્લો. ૩૦, **તીર્થમાલા**, પંચલિંગીપ્રકરણ વિવરણ અને સંઘપટ્ટકની બૃહત્-ટીકા રચી. આ૦ જિનભદ્રના પરિવારના **પં૦ હર્ષરાજે** આના આધારે સંઘપટ્ટકની નાની ટીકા બનાવી છે.

આ૦ જિનપતિના ઉપદેશથી મરોઠના શેઠ આશપાલ ધકર્કટની પત્ની શુષમણિએ સં. ૧૨૮૨માં 'અનેકાર્થઅભિધાનકોશ' લખાવ્યો.

(– જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્રશસ્તિ : ૮)

તેમણે સં. ૧૨૪૪માં પૂનમિયા આ૦ આકલંકદેવ સામે સાધુ સંઘ કઢાવી સાથે જાય એવું નિરૂપણ કર્યું.

ઉપકેશગચ્છના ઉપા૦ **પદ્મપ્રભે** અજમેરમાં વિસલરાજની સભામાં સં. ૧૨૩૯માં આ૦ જિનપતિને 'ગુરુ કાવ્યાષ્ટક' અંગેના વાદમાં હરાવ્યા. તે પછી પણ એ બંને વચ્ચે બીજી વખત પણ શાસ્ત્રાર્થ થયો હતો.

(ઉપકેશગચ્છ પટ્ટાવલી, પ્ર. ૧, પૃ. ૨૮; જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૨૩૯)

આ૦ જિનપતિએ ખરતરગચ્છને વ્યવસ્થિત રૂપ આપ્યું, તેથી ખરતરગચ્છના પટ્ટાવલીકારો તેમને – विधिनभोमणिः ॥ ६२ ॥, खरतरगच्छ-सूत्रधारः, गच्छसूत्राणां सूत्रधारः, गच्छसामाचारीप्रवर्तकः, परमसंवेगी વગેરે વિશેષણોથી નવાજે છે.

આ સમયે ખરતરગચ્છમાં સગોત્રી ૫૪૦ આચાર્યો હતા. આ૦ જિનપતિના ઘણા શિષ્યો વિદ્વાન હતા. તે પૈકી કેટલાકની માહિતી નીચે મુજબ છે –

(૧) મહો૦ **જિનપાલ** – તેમણે સં. ૧૩૦૫ ના અષાઢ સુદિ ૫ ના રોજ 'યુગપ્રધાનાચાર્ય ગુર્વાવલી' (ગ્રં. ૨૦૧૨૪?), સં. ૧૨૬૨ માં 'ષટ્સ્થાનકવૃત્તિ', 'સનત્કુમારમહાકાવ્ય-સટીક', સં. ૧૨૯૨માં 'ઉપદેશરસાયન-વિવરણ', સં. ૧૨૯૩માં આ૦ જિનવલ્લભસૂરિના 'દ્વાદશકુલક'નું વિવરણ, સં. ૧૨૯૪માં 'ચર્ચરી-વિવરણ' તથા 'સ્વપ્ન વિચારભાષ્ય' બનાવ્યાં છે. તેઓ સં. ૧૨૬૯માં જાલોરમાં **ઉપાધ્યાય** બન્યા હતા.

(૨) **પં૦ સુમતિગણિ** – તેમણે સં. ૧૨૯૫માં ખંભાતથી ધારા-નલકચ્છક માંડવગઢ સુધીના વિહારમાં આ૦ જિનદત્તના 'ગણધરસાર્ધશતક'ની બૃહદ્વૃત્તિ રચી, જેનો પ્રથમ આદર્શ પં૦ કનકચંદ્રે લખ્યો. પં૦ **ચારિત્રસિંહે** તેના આધારે 'ગણધર અંતર્ગત પ્રકરણ' રચ્યું અને **ઉપા૦ સર્વરાજે** (ઉપા૦ પદ્મમંદિર ગણિએ) લઘુવૃત્તિની રચના કરી.

(૩) **પં૦ પૂર્ણભદ્ર** – તેમણે સં. ૧૨૭૫માં ઉપાસકદશાકથા, સં. ૧૨૮૨માં પાલનપુરમાં અતિમુક્તકચરિત્ર, સં. ૧૨૮૫માં જેસલમેરમાં ધન્ય-શાલિભદ્રચરિત્ર (પરિ. ૬), સં. ૧૩૦૫માં કૃતપુણ્યકચરિત્રની રચના કરી.

(૪) **આ૦ સર્વદેવ** – તેમણે પં૦ પૂર્ણભદ્રને 'ધન્યશાલિભદ્રચરિત્ર' બનાવવામાં સહાય કરી હતી અને સં. ૧૨૮૭માં જેસલમેરમાં 'સ્વપ્નસપ્તતિકા' રચી છે. તેમણે સં. ૧૨૭૮માં જાલોરમાં આ૦ જિનેશ્વરને આચાર્યપદ આપ્યું હતુ.

(૫) **ઉપા૦ સૂરપ્રભ** – તેમણે પં૦ પૂર્ણભદ્રના 'ધન્યશાલિભદ્રચરિત્ર'નું સંશોધન કર્યું,

કાલસ્વરૂપકુલકવૃત્તિ રચી, સ્તંભનેશ પાર્શ્વસ્તવન બનાવ્યું. તેમણે ખંભાતમાં દિગંબર વાદી યમદંડને હરાવ્યો તથા પદ્યબદ્ધ 'બ્રહ્મકલ્પ' રચ્યો. ઉ૦ ચંદ્રતિલકને વિદ્યાનંદવ્યાકરણ ભણાવ્યું.

૪૨.આ૦ **જિનેશ્વરસૂરિ** – તેઓ મરોઠના નેમિચંદ ભંડારી અને તેમની પત્ની લક્ષ્મીદેવીના **અંબડ** નામે પુત્ર હતા. તેમનો સં. ૧૨૪૫ ના માગસર સુદિ ૧૧ ના રોજ ભરણી નક્ષત્રમાં જન્મ થયો હતો. સં. ૧૨૫૫માં ખેડમાં દીક્ષા થઈ ત્યારે તેમનું નામ મુનિ **વીરપ્રભ** રાખવામાં આવ્યું. સં. ૧૨૭૮ના માહ સુદિ ૬ ના રોજ જાલોરમાં આ૦ **સર્વદેવ**ના હાથે આચાર્યપદવી થઈ ત્યારે આ૦ **જિનેશ્વર** નામ રાખવામાં આવ્યું અને સં. ૧૩૩૧ના આસો વદિ ૬ ના રોજ જાલોરમાં તેઓએ અનશનપૂર્વક સ્વર્ગગમન કર્યું.

લગભગ ૩૩ વર્ષની ઉંમરે તેઓ આચાર્ય થયા પણ જ્ઞાનવાળા નહોતા આથી તેમણે **સરસ્વતી** નદી ઓળંગ્યા પછી **પાટણ**માં પ્રવેશ કરતાં પોતાની અજ્ઞતા માટે ખેદ થયો. આથી પોતાનું મરણ થાય તો સારું એવો વિચાર પણ આવ્યો. આ કારણે **સરસ્વતી** દેવીએ પ્રસન્ન થઈ તેમને વિદ્યાનું વરદાન આપ્યું. તેમણે પાટણમાં જઈ 'अर्हन्तो भगवन्त' સ્તુતિ-શ્લોક રચ્યો. સરસ વ્યાખ્યાન આપ્યું. આ ઘટનાનો ઉલ્લેખ 'યુગપ્રધાનાચાર્ય–ગુર્વાવલી'માં છે પણ અર્વાચીન 'વૃદ્ધાચાર્ય–પ્રબંધાવલી'માં નથી.

ખરતરગચ્છના **પટ્ટાવલીકારો**એ આ૦ જિનેશ્વરનું સ્થાન ઊંચું બનાવવા માટે ક. સ. આ૦ **હેમચંદ્રસૂરિ** તથા ગૂર્જરેશ્વર **કુમારપાલ** મહારાજા માટે મનગઢંત ઘટનાઓ જોડી દીધી છે, જે વસ્તુ 'યુગપ્રધાનાચાર્ય-ગુર્વાવલી'માં કે 'વૃદ્ધાચાર્ય-પ્રબંધાવલી'માં નથી. વસ્તુતઃ પટ્ટાવલીકારો ગચ્છના રાગમાં તણાઈને ઐતિહાસિક સત્યોને સર્વથા ભૂલી ગયા છે. આ૦ જિનેશ્વરસૂરિ તો ગૂર્જરેશ્વર કુમારપાલના મરણ બાદ ઘણાં વર્ષો વીત્યા પછી જન્મ્યા હતા અને બીજી તરફ આ૦ જિનેશ્વરના શિષ્યોએ ક. સ. આ૦ હેમચંદ્રસૂરિના ગ્રંથો ઉપર વિવરણો રચ્યાં છે, ત્યારે કબૂલ કરવું પડે છે કે આ૦ જિનેશ્વરના પરિવારને ક. સ. આ૦ હેમચંદ્રસૂરિ પ્રત્યે બહુમાન હતું.

રુદ્રપલ્લીય આ૦ સોમતિલકે 'કુમારપાલદેવચરિત'ની રચના પણ કરી છે.

પાલનપુરમાં આચાર્ય જિનેશ્વરસૂરિના દાંડાના બે ટૂકડા થઈ ગયા. આથી તેમને લાગ્યું કે મારો ગચ્છ બે ભાગમાં વહેંચાઈ જશે, તો મારે મારા હાથે એની વ્યવસ્થા કરવી જોઈએ કે, બે ભાગલા પડે છતાં મોટું નુકસાન ન થાય. એટલે તેમણે પોતાની પાટે પોતાના હાથે બે આચાર્યો સ્થાપન કર્યા.

(૧) આ૦ જિનસિંહસૂરિ સં. ૧૨૮૦ અને (૨) આ૦ જિનપ્રબોધસૂરિ સં. ૧૩૩૧. (વૃદ્ધાચાર્ય-પટ્ટાવલી, પ્ર. ૮)

આ૦ **જિનસિંહસૂરિ** લાડણુના શ્રીમાલી હતા. તેમનાથી સં. ૧૩૧૩ (? સં. ૧૩૩૧)માં **ત્રીજો લઘુ ખરતરગચ્છ** નીકળ્યો, જેનું બીજું નામ **શ્રીમાલી**-ગચ્છ પણ મળે છે. (જુઓ, પ્રક. ૪૦, પૃ. ૩૬૮)

આ૦ **જિનેશ્વરે** સં. ૧૩૧૩માં પાલનપુરમાં 'શ્રાવકધર્મ પ્રકરણ' રચ્યું. ઉપા૦ **લક્ષ્મીતિલકે** સં. ૧૩૧૭માં તેની ટીકા (ગ્રં. ૧૫૦૦૦) રચી.

આ સાલમાં ભીમપલ્લી (ભીલડિયા)માં ભ૦ મહાવીરસ્વામીનું દેરાસર બન્યું. સં. ૧૩૩૪ના વૈશાખ વદિમાં ભીલડિયામાં ગણધર ગૌતમસ્વામીની પ્રતિમા બિરાજમાન કરવામાં આવી.

આ૦ જિનેશ્વરે 'યમકમય ચતુર્વિંશતિ જિનસ્તવન' શ્લો. ૩૧ તથા 'પાર્શ્વનાથ જિનસ્તવન' શ્લો. ૨૧ ની રચના કરી.

પં૦ સોમમૂર્તિએ સં. ૧૩૩૧માં 'જિનેશ્વરસૂરિ-દીક્ષારાસ' બનાવ્યો છે.

આ૦ જિનેશ્વરે જૈન સંઘને ઘણા વિદ્વાન શિષ્યો આપ્યા છે.૧

---

१. सूरिर्जिनरत्न इह बुद्धिसागरः सुधीरमरकीर्तिः कविः पूर्णकलशो बुधः ।
ज्ञौ प्रबोधेन्दुगणि-लक्ष्मीतिलकौ प्रबोधेन्दुमूर्त्यादयो यद्विनेयाः ॥ १० ॥
(— શ્રીઅભયતિલકકૃત સંસ્કૃત-દ્વયાશ્રયવૃત્તિ પ્રશસ્તિ)

॥ अर्हम् ॥

श्रीनेमिचन्द्रभाण्डागारिकविरचितं

# सटीकं

# सट्ठिसय-पयरणं ।

॥ नमः सर्वविघ्नच्छिदे सर्वविदे श्रीपार्श्वनाथाय ॥

इह प्राप्तसकलमानुष्यादिसामग्रीकेन पुंसा ज्ञानचारित्राधारभूते श्रीसम्यक्त्व एव प्राक् प्रवर्त्तितव्यमित्याकलय्य नेमिचन्द्रनामा श्रावकस्तदुपदेष्टृगीतार्थसंविग्नगुरुं परीक्षन् (? माणः) चिरस्य परिभ्रम्य तत्कालवर्त्तिसंविग्नगीतार्थमुनिजनाग्रण्यं श्रीजिनपत्तिसूरिसुगुरुं लब्धवान् । ततस्तेभ्यो ज्ञातशुद्धदेवादितत्त्वः परांश्च देवादितत्त्वेषु द्रढयन्निदं प्रकरणं चक्रे । तदाद्यगाथा—

॥ સર્વવિઘ્નને છેદનાર સર્વજ્ઞ શ્રી પાર્શ્વનાથને નમસ્કાર થાઓ. ॥

આ જગતમાં મનુષ્યપણું આદિ સકલ સામગ્રીને પ્રાપ્ત કરેલ પુરુષે જ્ઞાન અને ચારિત્રનાં આધારભૂત એવા શ્રી સમ્યક્ત્વમાં જ પહેલાં પ્રવર્તવું જોઈએ એમ જણાવીને નેમિચન્દ્ર નામના શ્રાવકે તે (સમ્યક્ત્વ)ના ઉપદેશક ગીતાર્થ સંવિગ્ન ગુરુની પરીક્ષા કરતા ચિરકાળ પરિભ્રમણ કરીને તે કાલે વર્તતા સંવિગ્ન ગીતાર્થ મુનિજનમાં અગ્રણી એવા શ્રી જિનપતિસૂરિસુગુરુને પ્રાપ્ત કર્યા. ત્યારપછી તેમની પાસેથી શુદ્ધ દેવાદિતત્ત્વને જાણીને બીજાઓને દેવાદિતત્ત્વોમાં દઢ કરતા આ પ્રકરણની રચના કરી. તેની પ્રથમ ગાથા—

**अरहं देवो सुगुरू सुद्धं धम्मं च पंचनवकारो ।**
**धन्नाण कयत्थाणं निरंतरं वसइ हिययम्मि ॥ १ ॥**

[ अर्हन् देवः सुगुरुः शुद्धो धर्मश्च पञ्चनमस्कारः ।
धन्यानां कृतार्थानां निरन्तरं वसति हृदये ॥ ]

**ગાથાર્થ :** અરિહંત, દેવ, સુગુરુ, શુદ્ધ ધર્મ અને પંચ પરમેષ્ઠિને નમસ્કાર, ધન્યાત્માને કૃતાર્થ જીવોનાં હૃદયમાં નિરંતર વસે છે.

॥ अरहं० ॥ इन्द्रादिदेवकृतां पूजामर्हतीत्यर्हन्, अविद्यमानं रह एकान्तो यस्य वा स

अरहाः, दीव्यति शिवे इति देवः, दीव्यति विजिगीषतेऽष्ट कर्माणीति देवः । तथा, गृणाति धर्मशास्त्रार्थमिति गुरुः, सुष्ठु शोभनो गुरुः सुगुरुः, स च संविग्नो गीतार्थश्च । तथा, शुद्धो हिंसादिमलरहितो दुर्गतिपतज्जन्तुधरणाद् धर्मः । इह प्रथमार्थे द्वितीया । चः समुच्चये । तथा, पञ्चानां परमेष्ठिनां नमस्कारः पञ्चनमस्कारः । धन्यानां पुण्यवताम्, कृतो ग्रन्थिभेदलक्षणोऽर्थो यैस्ते कृतार्थास्तेषां, हृदयेऽर्हदादयो निरन्तरं निवसन्ति ॥ १ ॥

**ભાવાર્થ :** ઈન્દ્રાદિદેવો વડે કરાયેલી પૂજાને યોગ્ય હોય, જેને એકાન્ત વિદ્યમાન નથી, જે મોક્ષમાં રમણ કરે છે, જે આઠ કર્મોને જીતે છે તે અરિહંત દેવ તથા જે ધર્મશાસ્ત્રના અર્થને કહે તે સંવિગ્ન ગીતાર્થ ગુરુ, તથા હિંસાદિમલરહિત અને દુર્ગતિમાં પડતા જીવોનો ઉદ્ધાર કરનાર એવો શુદ્ધ ધર્મ તથા પંચ પરમેષ્ઠિને નમસ્કાર, આ તત્ત્વો પુણ્યશાળી અને ગ્રંથિભેદરૂપ પ્રયોજનને સિદ્ધ કરેલ કૃતાર્થ આત્માઓના હૃદયમાં નિરંતર વસે છે.

**जइ न कुणसि तवचरणं न पढसि न गुणेसि देसि नो दाणं ।**
**ता इत्तियं न सक्कसि जं देवो एक्क अरहंतो ? ॥ २ ॥**

[ यदि न करोषि तपश्चरणं न पठसि न गुणयसि ददासि नो दानम् ।
तदैतावन्न शक्नोषि यद् देव एकोऽर्हन् ? ॥ ]

**ગાથાર્થ :** (હે જીવ !) જો તું તપ કરતો નથી, ચારિત્ર આચરતો નથી, ભણતો નથી, પરાવર્તન કરતો નથી, દાન દેતો નથી તો શું તું આટલું પણ કરી શકતો નથી કે 'એક અરિહંત દેવ જ મારા દેવ છે.' ?

यदीत्यभ्युपगमे, न कुरुषे तपः प्रधानं द्विभेदम्, चरणं चारित्रं तपश्चरणम्, तपसश्चरणं करणं वा, तस्य दुरनुष्ठेयत्वात् । तथा, न पठसि श्रुतं प्रकरणादि, आलस्यादिदोषात् । तथा, न गुणयसि निद्राविकथादिना पूर्वाधीतम् । न ददासि दानं देयवस्तु । 'ता' तदा, 'इत्तियं' इति एतावद् न शक्नोषि कर्तुम्, यद् देव एकोऽद्वितीयोऽर्हन्नेव ममाराध्य इति । उपलक्षणात् सुगुरुः सुधर्मश्च, श्रेणिकादेरिव ॥ २ ॥

**ભાવાર્થ :** જો તું બે પ્રકારના (બાહ્ય-અભ્યંતર) તપને અને ચારિત્રને દુઃખે કરીને પાળી શકાય તેમ હોવાથી (શક્તિના અભાવમાત્રથી) સેવતો નથી, તથા પ્રકરણાદિ શ્રુતને ભણતો નથી, નિદ્રાવિકથાદિ પ્રમાદ વડે પૂર્વે ભણેલાને પરાવૃત્ત કરતો નથી, દાન આપતો નથી તો એવો નિશ્ચય પણ તું કરી શકતો નથી ? કે "એક અદ્વિતીય એવા અરિહંત દેવ જ મારા આરાધ્ય છે. ઉપલક્ષણથી સુગુરુ અને સુધર્મ આરાધ્ય છે. શ્રેણિકાદિની જેમ.

**रे जीव ! भवदुहाइं एक्कं चिय हरइ जिणमयं धम्मं ।**
**इयराणं पणमंतो सुहकज्जे मूढ ! मुसिओ सि ॥ ३ ॥**

[ रे जीव ! भवदुःखान्येक एव हरति जिनमतो धर्मः ।
इतरान् प्रणमन् शुभकार्ये मूढ ! मूषितोऽसि ॥ ]

**ગાથાર્થ :** હે જીવ ! એકમાત્ર જિનેશ્વરે પ્રરૂપેલો ધર્મ જ સંસારના દુઃખોનું હરણ કરે છે. શુભકાર્યમાં બીજાઓને પ્રણામ કરતો તું ખરેખર લૂંટાયેલો છે.

'रे' इति संभाषणेऽव्ययम्, जीव आत्मन्! भवदुःखानि एक एव हरति जिनमतोऽर्हत्प्रणीतो धर्मः, उपलक्षणत्वात् प्रणेता देवः, तदुपदेष्टा च गुरुः । इह द्वितीया प्रथमार्थे । ततश्च 'इयराणां' इति द्वितीयास्थाने षष्ठीनिर्देशात्, इतरान् देवविशेषान् कुगुरुंश्च प्रणमन् शुभकार्ये पुण्यार्थं, मूढ मूर्ख ! मुषितोऽसि निस्सारीकृतोऽसि ॥ ३ ॥

**ભાવાર્થ :** હે જીવ ! એક જિનેશ્વરે કહેલો ધર્મ જ ભવનાં દુઃખોને હરે છે. અર્થાત્ તેના પ્રણેતા દેવ અને તે (ધર્મ)ના ઉપદેશક ગુરુ જ સંસારદુઃખોથી બચાવે છે. તેથી શુભકાર્યમાં પુણ્યને માટે બીજા દેવોને અને કુગુરુઓને પ્રણામ કરતો તું હકીકતમાં તો લૂંટાઈ ગયો છે.

**देवेहिं दाणवेहिं य सुओ मरणाओ रक्खिओ कोइ ?!**
**दढकयजिणसम्मत्ता बहुयवि अजरामरं पत्ता ॥ ४ ॥**

[ देवैर्दानवैश्च श्रुतो मरणाद् रक्षितो कोऽपि ? ।
दृढकृतजिनसम्यक्त्वा बहवोऽप्यजरामरं प्राप्ताः ॥ ]

**ગાથાર્થ :** દેવો ને દાનવો વડે મરણથી રક્ષણ કરાયેલો કોઈ આત્મા (શું ક્યારેય) સાંભળ્યો છે ? (જ્યારે) જેમણે જિનેશ્વરે પ્રરૂપેલા સમ્યક્ત્વને દઢ કર્યું છે તેવા ઘણા અજરામરપદને પામ્યા છે.

देवैः सुरैः, दानवैश्चासुरैः, श्रुत उपलक्षणत्वाद् दृष्टे वा मरणाद् रक्षितः कश्चिदपि ? प्रसादितप्रेतपतिशङ्करवन्न कश्चित् । किन्तु दृढीकृतजिनप्रणीतसम्यग्दर्शना बहवोऽपि जीवा अजरामरं 'पदम्' इति शेषः प्राप्ताः, उपलक्षणत्वात् प्राप्नुवन्ति, प्राप्स्यन्ति चेति । भावप्रधानत्वान्निर्देशस्याजरामरत्वं वा ॥ ४ ॥

**ભાવાર્થ :** દેવો અને દાનવો વડે મરણથી બચાવાયેલો કોઈ માણસ શું ક્યારેય સંભળાયો કે જોવાયો છે ? પરંતુ જેણે જિનપ્રણીત સમ્યગ્દર્શનને દઢ કર્યુ તેવા અનન્તા જીવો અજરામર પદને પામ્યા, પામે છે અને ભવિષ્યમાં પણ પામશે.

**जह कुवि वेसारत्तो मुसिज्जमाणोवि मन्नए हरिसं ।**
**तह मिच्छवेसमुसिया गयंपि न मुणंति धम्मनिहिं ॥ ५ ॥**

[ यथा कोऽपि वेश्यारक्तो मुष्यमाणोऽपि मन्यते हर्षम् ।
तथा मिथ्यात्ववेश्यामुषिता गतमपि न जानन्ति धर्मनिधिम् ॥ ]

**ગાથાર્થ :** જેમ કોઈ વેશ્યામાં આસક્ત પુરુષ પોતે લૂંટાતો હોવા છતાં હર્ષ પામે છે

तेम मिथ्यात्वरूपीवेश्याथी लूंटायेलो जीव गयेला એવા પણ ધર્મભંડારને જાણતો નથી.

यथा कश्चिद् वेश्यारक्तो मुष्यमाणोऽपि मन्यते हर्षम्, 'तथा' इत्यौपम्ये, मिथ्यात्व-वेश्यामुषिता लोका गतमपि न जानन्ति चारित्रधर्मस्य निधिं सम्यक्त्वमित्यर्थः ॥ ५ ॥

**ભાવાર્થ :** જેમ કોઈ વેશ્યામાં અનુરક્ત પુરુષ પોતે ચોરાતો - લૂંટાતો હોવા છતાં આનંદ માને છે તેમ મિથ્યાત્વરૂપીવેશ્યાથી લૂંટાયેલા લોકો ચોરાઈ ગયેલા ચારિત્રધર્મના નિધિરૂપ સમ્યક્ત્વને જાણતા નથી. અર્થાત્ પોતાનો ધર્મરૂપ ભંડાર લૂંટાઈ ગયો તે જાણી શકતા નથી.

अथ लोकप्रवाहरूपकुलक्रमं निरस्यन्नाह—

હવે લોકપ્રવાહરૂપ કુલના ક્રમને દૂર કરતાં કહે છે :

**लोयपवाहे सकुलक्कमम्मि जइ होई मूढ ! धम्मुत्ति ।**
**ता मिच्छाणवि धम्मो, थक्का य अहम्मपरिवाडी ॥ ६ ॥**

[ लोकप्रवादे स्वकुलक्रमे यदि भवति मूढ ! धर्म इति ।
तदा म्लेच्छानामपि धर्मः स्थिता चाधर्मपरिपाटिः ॥ ]

**ગાથાર્થ :** હે મૂઢ ! લોકપ્રવાહમાં કે સ્વકુલાચારમાં જો ધર્મ જ હોય, તો મ્લેચ્છોની પ્રવૃત્તિ પણ ધર્મ બની જશે અને અધર્મની પરિપાટિ એમની એમ રહે.

निर्विवेकलोकस्य प्रवाहोऽविचारिता प्रवृत्तिस्तद्रूपे स्वकुलाचारे क्रियमाणो यदि भवति रे मूढ ! धर्मः । 'इति' वाक्यसमाप्तौ । तदा म्लेच्छानामपि किरातादीनां धर्मो भावी । प्रायस्तेऽपि स्वकुलक्रमरता एव । ततः किम् ? । 'थक्का' इति देशीयभाषायां स्थिता, चः अवधारणे, पापपद्धतिः ॥ ६ ॥

**ભાવાર્થ :** નિર્વિવેકી લોકોની અવિચારિત પ્રવૃત્તિરૂપ લોકપ્રવાહમાં, તેમજ સ્વકુલનો આચાર કરવામાં જો હે મૂઢ ! ધર્મ છે તો મ્લેચ્છોની પણ પ્રવૃત્તિ ધર્મ બની જશે. કેમકે પ્રાયઃ કરીને તેઓ પણ પોતાના કુલના ક્રમમાં આસક્ત જ હોય છે. અને તો પછી પાપની પદ્ધતિ તો એમની એમ જ રહે. (અટકે જ નહિ.)

**लोयम्मि रायनीई नायं न कुलक्कमम्मि कइयावि ।**
**किं पुण तिलोयपहुणो जिणिंदधम्माहिरायम्मि ? ॥ ७ ॥**

[ लोके राजनीतिर्ज्ञातं न कुलक्रमे कदापि ।
किं पुनस्त्रिलोकीप्रभोर्जिनेन्द्रधर्माधिराज्ये ? ॥ ]

**ગાથાર્થ :** લોકમાં પ્રસિદ્ધ છે કે રાજનીતિ કુલક્રમે ક્યારેય પ્રવર્તતી નથી. તો શું ત્રણ લોકના સ્વામી જિનેશ્વરના ધર્માધિરાજ્યમાં કુલક્રમ અનુસરવા યોગ્ય છે ?

लोके ज्ञातमस्ति । किं तत् ? । राजनीतिर्न कुलक्रमेण कुलक्रमापेक्षया प्रवर्तत इति,

कस्मिन्नपि काले, यतो वणिगादिरपि राज्यं प्राप्य न वाणिज्यादिस्वकुलक्रममपेक्षते। यथा नापितभूर्नन्दः कुलक्रमे न प्रवृत्त इति। किं पुनस्त्रिलोकप्रभोरर्हतो जिनेन्द्रधर्माधिराज्ये ?। 'जिणिंदधम्माहियारम्मि' इति पाठे जिनेन्द्रधर्मस्याधिकार इव राज्यव्यापार इव तस्मिन् कुलक्रमे हिंसादिरूपे प्रवृत्तिर्न युक्तेति ॥ ७ ॥

**ભાવાર્થ :** લોકમાં પ્રખ્યાત છે કે રાજનીતિ ક્યારેય કુલના ક્રમથી પ્રવર્તતી નથી, જે કારણથી વણિક વગેરે પણ રાજ્યને પ્રાપ્ત કરીને વાણિજ્યાદિ પોતાના કુલક્રમની અપેક્ષા રાખતો નથી. જેમ હજામનો પુત્ર નન્દ કુલક્રમમાં ન જોડાયો. તો વળી ત્રણે લોકના નાથ એવા જિનેન્દ્રના ધર્માધિરાજ્યમાં હિંસાદિમાં પ્રવૃત્તિરૂપ કુલાચાર કઈ રીતે યોગ્ય ગણાય ?

**जिणवयणवियन्नूणवि जीवाणं जं न होइ भवविरई ।**
**ता कह अवियन्नूणं मिच्छत्तहयाण पासम्मि ? ॥ ८ ॥**

[ जिनवचनविज्ञानामपि जीवानां यत्र भवति भवविरतिः ।
तदा कथमविज्ञानां मिथ्यात्वहतानां पार्श्वे ? ॥ ]

**ગાથાર્થ :** જિનવચનના જ્ઞાતા જીવોને પણ સંસારથી વિરામ થતો નથી તો જિનવચનથી અજ્ઞાત, મિથ્યાત્વથી હણાયેલા જીવો પાસે તો ભવવિરતિ ક્યાંથી હોઈ શકે ?

जिनवचनविज्ञानामपि केषाञ्चित् कदाग्रहिणां यद् न जायते भवविरागो गोष्ठमाहिलादीनामिव, तत् कथमविज्ञानां मिथ्यात्वहतानां पार्श्वे भवविरतिर्भवतीति ॥ ८ ॥

**ભાવાર્થ :** જિનવચનને જાણનારા પણ કેટલાક કદાગ્રહીઓને ગોષ્ઠામાહિલાદિની જેમ ભવવૈરાગ્ય ઉત્પન્ન થતો નથી. તો અજ્ઞાની અને મિથ્યાત્વથી હણાયેલા જીવોની પાસે ભવવિરતિ કઈ રીતે હોઈ શકે ?

**विरयाणं अविरए जीवे दट्ठूण होइ मणतावो ।**
**हाहा ! कह भवकूवे बुड्डुंता पिच्छ नच्चंति ? ॥ ९ ॥**

[ विरतानामाविरताञ्जीवान् दृष्ट्वा भवति मनस्तापः ।
हाहा ! कथं भवकूपे ब्रुडन्तः पश्य नृत्यन्ति ? ॥ ]

**ગાથાર્થ :** વિરત આત્માઓને, અવિરત જીવોને જોઈને મનમાં તાપ થાય છે કે 'હા હા ! સંસારરૂપી કૂવામાં બૂડતા લોકો, જુઓ, કેવા નાચે છે ?'

विरतानां षड्जीवनिकायवधादिविरतिमतामविरतान् जीवान् दृष्ट्वा भवति मनस्ताप इव, तेषां भाव्यपायचिन्तया करुणेत्यर्थः। कौशिकं दृष्ट्वा श्रीवीरस्येव। 'हाहा' इति खेदे। कथं भवकूपे ब्रुडन्तो मज्जन्तः, पश्य, 'हे आत्मन्' इति शेषः, नृत्यन्तीव हृष्यन्तीत्यर्थः ॥ ९ ॥

ભાવાર્થ : ષટ્જીવનિકાયનાં વધાદિથી અટકેલા વિરતિધરોને, અવિરત જીવોને જોઈને તેઓના ભાવિ અપાય (દુઃખ)ની ચિંતાથી મનમાં ભારે સંતાપ થાય છે. જેમ શ્રીવીરપરમાત્માને ચંડકૌશિકને જોઈને કરુણા થઈ તેમ તેઓને થાય છે કે 'હા હા ! સંસારરૂપી કૂવામાં ડૂબતા જીવો કેવા હર્ષ પામે છે ?' જુઓ કેવા ખેદની વાત છે.

**आरंभयम्मि पावे जीवा पावंति तिक्खदुक्खाइं ।**
**जं पुण मिच्छत्तलवं तेण न लहंति जिणबोहिं ॥ १० ॥**

[ आरम्भजे पापे जीवाः प्राप्नुवन्ति तीक्ष्णदुःखानि ।
यत्पुनर्मिथ्यात्वलवं तेन न लभन्ते जिनबोधिम् ॥ ]

ગાથાર્થ : આરંભથી ઉત્પન્ન થયેલ પાપ કર્યે છતે જીવો તીક્ષ્ણ દુઃખોને પ્રાપ્ત કરે છે. જે વળી મિથ્યાત્વનો લેશ પણ હોય તો તેનાથી જિનની બોધિ (સમ્યક્ત્વ)ને પામતા નથી.

आरम्भो जीवोपद्रवणं तस्माज्जाते पापे कृते जीवाः प्राप्नुवन्ति, कटुविपाकदुःखान्येव कृष्णादयः । यत् पुनर्मिथ्यात्वलवं कुर्वन्ति तेन न लभन्ते जिनबोधिं प्रेत्य सम्यक्त्वम् ॥ १० ॥

ભાવાર્થ : જીવોને ઉપદ્રવ કરવા સ્વરૂપ આરંભ-સમારંભથી ઉદ્ભવેલ પાપ કર્યે છતે જીવો કૃષ્ણ વગેરેની જેમ કડવા વિપાકના તીક્ષ્ણ દુઃખોને પ્રાપ્ત કરે છે. વળી જે મિથ્યાત્વનો લેશ પણ કરે તો તેનાથી ભવાંતરમાં સમ્યક્ત્વને પામતા નથી.

अथ येन बोधिर्न लभ्यते तमाह—

હવે જે કારણથી બોધિ પ્રાપ્ત થતી નથી તે કારણ કહે છે—

**जिणवरआणाभंगं उम्मग्गउस्सुत्तलेसदेसणया ।**
**आणाभंगे पावं तो जिणमय दुक्करं धम्मं ॥ ११ ॥**

[ जिनवराज्ञाभङ्ग उन्मार्गोत्सूत्रलेशदेशनात् ।
आज्ञाभङ्गे पापं तस्माज्जिनमतो दुष्करो धर्मः ॥ ]

ગાથાર્થ : ઉન્માર્ગ અને ઉત્સૂત્રના લેશની પણ દેશનાથી જિનેશ્વરની આજ્ઞાનો ભંગ થાય છે. આજ્ઞાભંગમાં પાપ છે, તે પાપથી જિનેશ્વરે બતાવેલો ધર્મ દુષ્કર બને છે.

जिनवराज्ञाऽर्हदागमस्तद्भङ्गः खण्डनं तम् । किमित्याह—उन्मार्गोत्सूत्रयोर्लेशस्य देशनात् कथनात् 'जातं वदन्ति तीर्थङ्कराः' इति क्रियाध्याहार्या । तर्हि को दोषः ? । आज्ञाभङ्गे पापं स्यात् । 'ता' तस्मात् पापात् जिनमतो धर्मो दुष्करः ॥ ११ ॥

**ભાવાર્થ :** અરિહંતના આગમરૂપ જિનાજ્ઞાનો ભંગ, ઉન્માર્ગ અને ઉત્સૂત્રના લેશના કથનથી થાય છે (એમ તીર્થંકરો કહે છે) આજ્ઞાભંગમાં જે પાપ છે તે પાપથી જિનપ્રરૂપિત ધર્મ દુષ્કર બની જાય છે.

**जिणवरआणारहियं वद्धारंतावि केवि जिणदव्वं ।**
**बुडुंति भवसमुद्दे मूढा मोहेण अन्नाणी ॥ १२ ॥**

[ जिनवराज्ञारहितं वर्धयन्तोऽपि केऽपि जिनद्रव्यम् ।
ब्रुडन्ति भवसमुद्रे मूढा मोहेनाज्ञानाः ॥ ]

**ગાથાર્થ :** કેટલાંક અજ્ઞાની મૂઢ જીવો મોહથી, જિનેશ્વરની આજ્ઞાથી રહિતપણે જિનદ્રવ્યને વધારતાં પણ ભવસમુદ્રમાં ડૂબે છે.

अर्हदाज्ञारहितं यथा स्यादेवं देवद्रव्यं धान्यसंग्रह-क्षेत्रादिविधान-कल्पपाल-मात्सिकादिपापलोककलान्तरदानाद्यविधिना वर्धयन्तोऽपि मूढा भवाब्धौ ब्रुडन्ति । किंविधाः । मोहेन मोहनीयकर्मणाऽज्ञानिनो निर्विवेकाः । शुभस्थानेष्ववञ्चकवणिगादिषु कलान्तरप्रयोगं करोति जिनद्रव्यवृद्धये विवेकवानिति । तदुक्तम् "व[1]ड्ढेइ य जिणदव्वं विसुद्धभावो सयाकालं" इति । अमुं चोपायं विना जिनद्रव्यवर्द्धिर्न भवति । तस्मादेवं वृद्धिः कर्तव्या पूर्वोक्तप्रकारेणेति षष्टिशतबृहद्वृत्तौ ॥ १२ ॥

**ભાવાર્થ :** મોહનીય કર્મથી મૂઢ અને નિર્વિવેકી બનેલા કેટલાક જીવો, ધાન્યસંગ્રહ – ખેતર વગેરેનું વિધાન કલ્પપાલ – મચ્છીમાર વગેરે પાપી લોકોને કલાન્તરનું દાન – ઇત્યાદિ અવિધિ વડે દેવદ્રવ્યને વધારતા પણ ભવસાગરમાં ડૂબે છે. વિવેકી આત્મા શુભસ્થાનોમાં અવંચકવણિક્ આદિમાં કલાન્તરપ્રયોગને, દેવદ્રવ્યની વૃદ્ધિને માટે કરે. કહ્યું છે કે – "વિશુદ્ધભાવવાળો હંમેશા જિનદ્રવ્યને વધારે છે." અને આ ઉપાય વિના જિનદ્રવ્યની વૃદ્ધિ થતી નથી. તેથી પૂર્વોક્ત પ્રકારે વૃદ્ધિ કરવી એમ ષષ્ટિશત બૃહદ્વૃત્તિમાં કહ્યું છે.

**कुग्गहगहगहियाणं मुद्धो जो देइ धम्मउवएसं ।**
**सो चम्मासीकुक्कुरवयणम्मि खिवेई कप्पूरं ॥ १३ ॥**

[ कुग्रहग्रहगृहीतानां मुग्धो यो ददाति धर्मोपदेशम् ।
स चर्माशिकुर्कुरवदने क्षिपति कर्पूरम् ॥ ]

**ગાથાર્થ :** જે મૂઢાત્મા, કુગ્રહરૂપી ગ્રહથી ગ્રસિત લોકોને ધર્મોપદેશ આપે છે તે ચામડાને ખાનારા કૂતરાંના મુખમાં કપૂર નાંખે છે.

---

१. वर्धयति च जिनद्रव्यं विशुद्धभावः सदाकालम ।

कुग्रहः स्वमतिकल्पितस्थापनं स एव ग्रहो भूतादिस्तेन गृहीतास्तेषां मूढो यो ददाति धर्मोपदेशं शुद्धधर्मप्ररुपणालक्षणम्, स चर्माशिकुर्कुरवदने क्षिपति कर्पूरमिव । तदुक्तम्;—

"उपदेशो हि मूर्खाणां प्रकोपाय न शान्तये ।
पयःपानं भुजङ्गानां केवलं विषवर्धनम् ॥"

**ભાવાર્થ :** પોતાની મતિથી કલ્પિત પદાર્થની સ્થાપના તે કુગ્રહ, તે રૂપી ગ્રહથી ગ્રહણ કરાયેલા જીવોને જે મૂઢ શુદ્ધધર્મની પ્રરૂપણારૂપ ઉપદેશ આપે છે તે ચામડાંના ભક્ષક કૂતરાંના મુખમાં કપૂરને નાંખે છે. તેથી કહ્યું છે કે – "ખરેખર મૂર્ખને અપાયેલ ઉપદેશ શાંતિ માટે નહિ પ્રકોપને માટે થાય છે. સર્પને દુગ્ધપાન કેવલ વિષ વધારનાર બને છે."

**रोसोवि खमाकोसो सुत्तं भासंतयस्स धन्नस्स ।
उस्सुत्तेण खमावि य दोस महामोह आवासो ॥ १४ ॥**

[ रोषोऽपि क्षमाकोषः सूत्रं भाषमाणस्य धन्यस्य ।
उत्सूत्रेण क्षमापि च दोषो महामोहावासः ॥ ]

**ગાથાર્થ :** સૂત્રને બોલનાર ધન્યાત્માનો રોષ પણ ક્ષમાનો કોષ છે. અને ઉત્સૂત્ર વડે બોલનારની ક્ષમા પણ મહામોહના આવાસરૂપ દોષ છે.

रोषोऽपि, इह 'अपि' संभावने, स च संभाव्यते, प्रायः प्रावचनिकानां न तदुदयः, क्वचिदयोग्यदेशनानिषेधस्खलितचोदनादौ कृत्रिमः स चेद् भवति, सोऽपि क्षमाकोश एव । कस्य ? । सूत्रसंवादि भाषमाणस्य धन्यस्य । उत्सूत्रेण क्षमापि च दोषो दूषणम् । विभक्तिलोपोऽत्र । किं० महामोहस्यावास इव ॥ १४ ॥

**ભાવાર્થ :** પ્રાયઃ કરીને પ્રાવચનિકોને રોષનો ઉદય હોતો નથી તો પણ સંભાવનાની અપેક્ષાએ કહે છે કે ક્યારેક અયોગ્યને દેશનાનો નિષેધ કરવા માટે, અથવા સ્ખલિત વ્યક્તિને શિક્ષા કરવામાં કૃત્રિમ રોષ હોય છે. જો તે સૂત્રની સાથે અવિસંવાદી બોલનારા ધન્યાત્મા હોય તો તેમનો રોષ પણ ક્ષમાના કોશ તુલ્ય જ છે. વળી ઉત્સૂત્રથી બોલનારની ક્ષમા પણ મહામોહના આવાસની જેમ દૂષણ (દોષ) જ છે.

**एक्कोवि न संदेहो जं जिणधम्मेण अत्थि मुक्खसुहं ।
तं पुण दुव्विन्नेयं अइउक्कडपुन्नरहियाणं ॥ १५ ॥**

[ एकोऽपि न संदेहो यज्जिनधर्मेणास्ति मोक्षसुखम् ।
स पुनर्दुर्विज्ञेयोऽत्युत्कटपुण्यरहितानाम् ॥ ]

**ગાથાર્થ :** એક વાત નિઃસંદેહ છે કે જિનધર્મથી મોક્ષસુખ જ પ્રાપ્ત થાય છે. તે ધર્મ વળી અત્યુત્કટપુણ્યરહિત જીવોને દુર્વિજ્ઞેય છે.

इह 'अपि' पुनरर्थे, एकः पुनर्न संदेहो यज्जिनधर्मे, तृतीयाऽत्र सप्तम्यर्थे, आराध्यमानेऽस्ति मोक्षसुखम् । तं पुनर्जिनधर्ममत्युत्कटपुण्येन सम्यक्त्वलक्षणेन रहितानामभिनिवेशिनां दुर्विज्ञेयम्[१], न तु सर्वेषां लघुकर्मणाम् ॥ १५ ॥

**ભાવાર્થ :** વળી એક વાત નિઃસંદેહ છે કે જિનેશ્વરનો ધર્મ આરાધતે છતે મોક્ષસુખ થાય છે. વળી તે જિનધર્મ, સમ્યક્ત્વરૂપ અત્યુત્કટ પુણ્યથી રહિત આભિનિવેશિ જીવોને દુઃખે કરીને જાણી શકાય તેવો છે. સર્વ લઘુકર્મીઓને દુર્વિજ્ઞેય નથી.

**सव्वंपि वियाणिज्जइ लब्भइ तह चउरिमाई जणमज्झे ।**
**एक्कंपि भाय ! दुलहं जिणमयविहिरयणसुवियाणं ॥ १६ ॥**

[ सर्वमपि विज्ञायते लभ्यते तथा चतुरिमादि जनमध्ये ।
एकमपि भ्रातः ! दुर्लभं जिनमतविधिरत्नविज्ञानम् ॥ ]

**ગાથાર્થ :** લોકોમાં ચતુરતા વગેરે બધું જ જાણી શકાય છે. મેળવાય છે પણ ભાઈ ! એક જિનમતના વિધિરૂપ રત્નનું વિજ્ઞાન જ દુર્લભ છે.

सर्वमपि लोकव्यवहारजनरञ्जनादि विज्ञायते, तथा, लभ्यते चतुरिमा = उचितकार्येषु दक्षता तथाविधजनमध्ये । किं तर्हि ? । 'अपिः' अवधारणे । एकमेव हे भ्रातः ! दुर्लभम् । किं तत् ? । अर्हन्मतस्य विधिरेव रत्नमिव रत्नं तस्य सुष्ठु विज्ञानम्, उपलक्षणत्वात् करणं च ॥ १६ ॥

**ભાવાર્થ :** તેવા તેવા પ્રકારના લોકોમાં, લોકવ્યવહાર, જનરંજનાદિ બધું જાણી શકાય છે તથા ઉચિતકાર્યોમાં દક્ષતા પણ મેળવાય છે, પરંતુ એક જ ભાઈ ! અરિહંતના મતના વિધિરૂપી રત્નનું વિશિષ્ટ જ્ઞાન અને ઉપલક્ષણથી તે વિધિનું કરણ દુર્લભ છે.

**मिच्छत्तबहुलयाए विसुद्धसम्मत्तकहणमवि दुलहं ।**
**जह वरनरवइचरियं पावनरिंदस्स उदयम्मि ॥ १७ ॥**

[ मिथ्यात्वबहुलतायां विशुद्धसम्यक्त्वकथनमपि दुर्लभम् ।
यथा वरनरपतिचरितं पापनरेन्द्रस्योदये ॥ ]

**ગાથાર્થ :** મિથ્યાત્વની બહુલતામાં વિશુદ્ધ સમ્યક્ત્વનું કથન પણ દુર્લભ છે. જેમ પાપ રાજાનાં ઉદયમાં શ્રેષ્ઠ રાજાનું આચરિત, દુર્લભ હોય તેમ.

मिथ्यात्वस्य पञ्चभेदस्य कालादिदोषाद् बहुलतायां मिथ्यात्व-मिथ्यात्ववतोरभेदाद् मिथ्यात्वप्राचुर्ये विशुद्धसम्यक्त्वकथनमपि, आस्तां पालनम्, दुर्लभम्; यथा वरनरवरस्य 'राज्ञश्चरितं' शिष्टपालनदुष्टनिग्रहादि, तत् पापनरेन्द्रस्यान्यायनृपतेरुदये कथयितुमपि दुर्लभमिति ॥ १७ ॥

---

१. अत्र 'विदुः' इति क्रियाऽध्याहार्या, द्वितीयाया अन्यथानुपपत्तेः, धर्म्मशब्दस्य संस्कृते पुँल्लिङ्गत्वात् ।

**ભાવાર્થ :** કાલાદિ દોષથી પાંચ પ્રકારના મિથ્યાત્વની પ્રચુરતા હોતે છતે વિશુદ્ધસમ્યક્ત્વનું પાલન તો દૂર રહો પણ વિશુદ્ધસમ્યક્ત્વનું કથન પણ દુર્લભ છે. જેમ અન્યાયી રાજાના ઉદયકાળમાં, ઉત્તમરાજાનું શિષ્ટ પાલન, દુષ્ટનિગ્રહાદિ ચરિત કહેવું પણ દુર્લભ બની જાય છે તેમ.

**बहुगुणविज्जानिलओ उस्सुत्तभासी तहावि मुत्तव्वो ।**
**जह वरमणिजुत्तोवि हु विग्घकरो विसहरो लोए ॥ १८ ॥**

[ बहुगुणविद्यानिलय उत्सूत्रभाषी तथापि मोक्तव्यः ।
यथा वरमणियुक्तोऽपि हि विघ्नकरो विषधरो लोके ॥ ]

**ગાથાર્થ :** જેમ શ્રેષ્ઠ મણિથી યુક્ત એવો પણ સર્પ લોકમાં ખરેખર વિઘ્નકર છે તેમ ઉત્સૂત્રભાષી, ઘણા ગુણો અને વિદ્યાના નિલયરૂપ હોય તો પણ તે છોડવા યોગ્ય છે. તજવા યોગ્ય છે.

बहवो गुणा निष्ठुरक्रियाकरणादयः, विद्याश्च श्रुताभ्यासरूपाः, तासां निलय इव, ईदृगपि, उत्सूत्रभाषी मोक्तव्य एव । यथा विषापहारमणियुक्तोऽपि, 'हुः' अवधारणे, स चाग्रे योजयिष्यते, विषधरो विघ्नकर एवेति ॥ १८ ॥

**ભાવાર્થ :** જેમ વિષને દૂર કરનાર એવા મણિથી યુક્ત એવો પણ સર્પ લોકોમાં વિઘ્નને કરનારો જ છે તેમ કઠોરક્રિયાકરણાદિ ઘણા ગુણોવાળો, શ્રુતના અભ્યાસરૂપ વિદ્યાઓવાળો એવો પણ ઉત્સૂત્રભાષી તજવા યોગ્ય જ છે.

**सयणाणं वामोहे लोया घिप्पंति अत्थलोहेण ।**
**नो घिप्पंति सुधम्मे रम्मे ह्य ! मोहमाहप्पं ॥ १९ ॥**

[ स्वजनानां व्यामोहेन लोका गृह्यन्तेऽर्थलोभेन ।
नो गृह्यन्ते सुधर्मेण रम्येण हा ! मोहमाहात्म्यम् ॥ ]

**ગાથાર્થ :** લોકો સ્વજનોના વ્યામોહથી ગ્રહણ કરાય છે. અર્થના લોભ વડે ગ્રહણ કરાય છે પણ રમણીય એવા સુધર્મવડે ક્યારેય ગ્રહણ કરાતા નથી. હા ! (ખેદ અર્થમાં) મોહનું માહાત્મ્ય ? (ગજબ છે.)

स्वजनानां स्वज्ञातीनां व्यामोहेन, तृतीयार्थे सप्तमीयम्, लोका गृह्यन्ते स्वायत्तीक्रियन्ते । व्यामोहोऽत्र 'अस्मत्सगीनोऽयम् (?), मत्स्वजातेर्वा एत एवादृताः' इत्यादिः । अनुक्तस्य च स्येहाक्षेपादर्थलोभेन च गृह्यन्ते । अर्थोऽत्र प्रयोजनम् । एते ह्यस्माकं मन्त्रतन्त्रादिनोपकारं कुर्वन्तीति । परं नो गृह्यन्ते सुधर्मेण रम्येन रमणीयेन । यदुक्तम्;— "धर्माज्जन्म कुले शरीरपटुता सौभाग्यमायुर्बलं, धर्मेणैव भवन्ति निर्मलयशो-" इति वचनात् । 'हा' इति खेदे । मोहमाहात्म्यम् ॥ १९ ॥

**ભાવાર્થ :** લોકો, સ્વજનોના મોહથી સ્વાધીન કરાવાય છે, અર્થાત્ 'આ અમારો સગો છે, અથવા મારી સ્વજાતિના આ જ લોકોને મેં આદર્યા છે' ઇત્યાદિ મોહથી અને અર્થના લોભથી, અહીં અર્થ એટલે પ્રયોજન. 'આ લોકો જ મન્ત્રતન્ત્રાદિ વડે અમારી ઉપર ઉપકાર કરશે કે કરે છે એવા લોભથી ગ્રહણ કરાય છે. પરંતુ અતિ મનોહર એવા સુધર્મવડે લોકો ગ્રહણ કરાતા નથી. હા ! ખેદની વાત છે કે મોહનું માહાત્મ્ય કેવું છે ?'

**गिहवावारपरिस्समखिन्नाण नूराण वीसमणपठाणं ।**
**एगाण होइ रमणी अन्नेसिं जिणिंदवरधम्मो ॥ २० ॥**

[ गृहव्यापारपरिश्रमखिन्नानां नराणां विश्रमणस्थानम् ।
एकेषां भवति रमण्यन्येषां जिनेन्द्रवरधर्मः ॥ ]

**ગાથાર્થ :** ગૃહ-વ્યાપારના પરિશ્રમથી ખિન્ન થયેલા લોકોનું વિશ્રામસ્થાન કેટલાકનું પત્ની બને છે તો કેટલાકને જિનેન્દ્રનો શ્રેષ્ઠ ધર્મ વિશ્રામસ્થાન બને છે.

गृहं भार्या, उपलक्षणत्वात् पुत्रादिकुटुम्बं तन्निमित्तं व्यापारः कृषिवाणिज्य-सेवादिको वित्तोपार्जनलक्षणस्तेन यः परिश्रमः खेदस्तेन खिन्नानां नराणां विश्रामस्थानमेकेषां केषाञ्चिद् भवति रमणी "वक्त्रं पूर्णशशी सुधाऽधरलता-" इतिवादिनाम्; तथा, अन्येषां "[1]सल्लं कामा विसं कामा" इतिवादिनां जिनेन्द्रवरधर्मः ॥ २० ॥

**ભાવાર્થ :** પત્ની - પુત્રાદિકુટુંબરૂપ ઘર અને તેના નિમિત્તે થતો કૃષિ-વાણિજ્ય-સેવા વગેરે ધન ઉપાર્જન કરવા રૂપ વ્યાપારના પરિશ્રમથી થાક પામેલા કેટલાંક લોકોને વિશ્રામસ્થાન પત્ની છે. તેઓ માને છે કે સ્ત્રીનું મુખ પૂર્ણ ચંદ્ર જેવું છે અધરલતા અમૃત જેવી છે વગેરે... તથા કેટલાકનું વિશ્રામસ્થાન જિનેશ્વરે કહેલો શ્રેષ્ઠ ધર્મ છે. કેમકે તેઓ વિષયોને વિષ જેવાં, શલ્ય જેવાં માને છે.

**तुल्लेवि उयरभरणे मूढअमूढाण पिच्छसु विवागं ।**
**एगाण नरयदुक्खं अन्नेसिं सासयं सोक्खं ॥ २१ ।**

[ तुल्येऽप्युदरभरणे मूढामूढानां पश्य विपाकम् ।
एकेषां नरकदुःखमन्येषां शाश्वतं सौख्यम् ॥ ]

**ગાથાર્થ :** મૂઢ અને અમૂઢ જીવના તુલ્ય એવા પણ ઉદરભરણરૂપ કાર્યમાં (અલગ) વિપાકને જુઓ. એકને નરકનાં દુઃખ મળે છે. જ્યારે બીજાને શાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે.

---

१. शल्यं कामा विषं कामाः ।

तुल्येऽपि जठरपूरणे गृहव्यापारकार्ये मूढामूढयोरविवेकिविवेकिनोः प्रेक्षस्व विपाकम् । एकेषां मूर्खाणां जठरमात्रभरणार्थे नानाविधाकृत्यकृतामुत्तरोत्तरमहारम्भादिरतानामार्त्तरौद्रध्यायिनां नरकदुःखं भवति । अन्येषाममूढानां कामभोगादिविरक्तचित्तानां दुर्भिक्षादावपि महारम्भं परिहरतां सदयानां शाश्वतमिव शाश्वतमनेकसागरोपमस्थायित्वाद् देवलोकसुखं शाश्वतं सुखम् ॥ २१ ॥

**ભાવાર્થ :** જઠરપૂરણરૂપ ગૃહવ્યાપારના સમાન કાર્યમાં પણ અવિવેકી અને વિવેકીને ફળનો તફાવત જુઓ. કેટલાક મૂર્ખ જીવોને જઠરમાત્રને ભરવા માટે અનેક પ્રકારનાં અકૃત્યોથી કરાયેલ ઉત્તરોત્તર મહા આરંભાદિમાં રક્ત બનીને આર્ત ને રૌદ્રધ્યાન કરી કરીને નરકનાં દુઃખો પ્રાપ્ત થાય છે. જ્યારે કેટલાક અમૂઢ, કામભોગાદિથી વિરક્ત ચિત્તવાળા, દુકાળ વગેરેમાં પણ મહા-આરંભને ત્યજતા દયાલુ જીવોને અનેક સાગરોપમ સુધી રહેનારું (શાશ્વત જેવું) દેવલોકનું સુખ પ્રાપ્ત થાય છે.

**जिणमयकहापबंधो संवेगकरो जियाण सव्वोवि ।**
**संवेगो सम्मत्ते सम्मत्तं सुद्धदेसणया ॥ २२ ॥**

**ता जिणआणपरेण धम्मो सोअव्व सुगुरुपासम्मि ।**
**अह उचियं सड्ढाओ तस्सुवएसस्स कहगाओ ॥ २३ ॥**

[ जिनमतकथाप्रबन्धः संवेगकरो जीवानां सर्वोऽपि ।
संवेगः सम्यक्त्वे सम्यक्त्वं शुद्धदेशनया ॥
तस्माज्जिनाज्ञापरेण धर्मः श्रोतव्यः सुगुरुपार्श्वे ।
अथोचित्तं श्राद्धात् तस्योपदेशस्य कथकात् ॥ ]

**ગાથાર્થ :** આખોય જિનમતની કથાનો પ્રબંધ જીવોને સંવેગ કરનારો છે. અને સંવેગ સમ્યક્ત્વ હોય તોજ થાય. સમ્યક્ત્વ શુદ્ધદેશનાથી પ્રાપ્ત થાય છે. તેથી જિનાજ્ઞામાં તત્પર એવા પુરુષે સુગુરુની પાસે ધર્મ સાંભળવો જોઈએ. જો સુગુરુનો યોગ ન જ મળે તો તે ધર્મના ઉપદેશને તે જ રીતે કહેનારા શ્રાવક પાસેથી ઉચિત રીતે ધર્મ સાંભળવો જોઈએ.

यस्माज्जिनमतस्य कथाप्रबन्धः सर्वोऽपि संवेगो मोक्षाभिलाषस्तत्करो जीवानां भवति । "चिरसंचियपावपणासणीए[१]" इतिवचनात् । संवेगश्च सम्यक्त्वे सत्येव भवति नान्यथा । सम्यक्त्वं च शुद्धयोत्सूत्ररहितया देशनया भवति । यद्यपि तद् निसर्गादधिगमाद् वोत्पद्यते, तथापि प्रायो मनुष्याणां शुद्धदेशनयैवोत्पद्यत इति तद्ग्रहणम् । 'ता' तस्माज्जिनाज्ञापरेण पुंसा धर्मः श्रोतव्यः । क्वेत्याह–संविग्नगीतार्थसूत्राविरुद्धभाषिगुरुसमीपे । अथेति पक्षान्तरे ।

---

१. चिरसंचितपापप्रणाशिन्या ।

यदि साधवो न भवन्ति तदोचितं यथा स्यात्तथा (श्राद्धाद् धारणादिसमेतात् श्रोतव्यो धर्म इति । औचित्यं चेदं) श्राद्धस्य, एकस्य द्वित्राणां वाग्रे सभाप्रबन्धमकृत्वा यथा सुगुरुवदनादवधारितं तथैव वक्तीति। किंभूतात्। तस्य सुगुरोरुपदेशं कथयतीत्युपदेशकथ-कस्तस्मादिति गाथाद्वयार्थः ॥ २२ ॥ ॥ २३ ॥

**ભાવાર્થ :** જે કારણથી જિનેશ્વરના મતનો આખોય વિસ્તાર જીવોને મોક્ષનો અભિલાષ પેદા કરનારો છે કેમકે "ચિરસંચિયપાવપણાસણીઈ... ઇત્યાદિ વચનો છે અને સંવેગ, સમ્યક્ત્વ હોતે છતે જ થાય, અન્યથા ન થાય. વળી સમ્યક્ત્વ ઉત્સૂત્રરહિત શુદ્ધ દેશનાથી થાય છે. જો કે સમ્યક્ત્વ, નિસર્ગથી ને અધિગમથી એમ બે રીતે ઉત્પન્ન થાય છે. છતાં પણ પ્રાયઃ કરીને મનુષ્યોને શુદ્ધદેશનાથી જ ઉત્પન્ન થતું હોવાથી આમ કહ્યું છે. તે કારણથી જિનાજ્ઞાની રુચિવાળા જીવોએ સંવિગ્ન-ગીતાર્થ, સૂત્રને અવિરુદ્ધ બોલનારા ગુરુ પાસે ધર્મ સાંભળવો જોઈએ. હવે, જો સાધુઓ ન હોય તો ધારણાદિગુણોથી યુક્ત, જે પ્રમાણે સુગુરુના મુખેથી અવધારણ કર્યું તે પ્રમાણે જ બોલનારા, તે સુગુરુના ઉપદેશને જ કહેનારા શ્રાવક પાસેથી ઉચિત પ્રકારે ધર્મ સાંભળવો.

**सा कहा सो उवएसो तन्नाणं जेण जाणए जीवो ।**
**सम्मत्तमिच्छभावं गुरुअगुरुधम्मलोयठिई ॥ २४ ॥**

[ सा कथा स उपदेशस्तज्ज्ञानं येन जानाति जीवः ।
सम्यक्त्वमिथ्याभावं गुर्वगुरुधर्मलोकस्थितिः ॥ ]

**ગાથાર્થ :** તે કથા છે, તે ઉપદેશ છે, તે જ જ્ઞાન છે કે જેના વડે જીવ, સમ્યક્-મિથ્યાભાવને, ગુરુ-અગુરુને ધર્મસ્થિતિ અને લોકસ્થિતિને જાણે.

विकथाया नेहाधिकारः किन्तु सुकथाया एव। तत्राक्षेपिण्यादिका सैव कथा प्रमाणम्, एवं स एव धर्मप्ररूपणात्मक उपदेशः तदेष ज्ञानमवबोधरूपम् येन जानाति जीवः सम्यक्त्वमिथ्यात्वभावम्; तथा, "महाव्रतधरा धीराः" इति, "सर्वाभिलाषिणः-" इति च गुर्वगुर्वोर्भावम्; तथा, '[1]राईभोयणविरई' इत्यादि, "यस्यास्ति वित्तं स नरः कुलीनः" इत्यादि च धर्मस्थितिलोकस्थित्योर्भावमुपादेयहेयभावेन । तदन्या न कथा, नोपदेशः, न ज्ञानम्, अफलत्वादिति ॥ २४ ॥

**ભાવાર્થ :** અહીં વિકથાનો તો અધિકાર જ નથી. પરંતુ સુકથાનો જ અધિકાર છે. તેમાં આક્ષેપિણી વગેરે કથા જ પ્રમાણભૂત છે. એ પ્રમાણે તે જ ધર્મપ્રરુપણાત્મક ઉપદેશ પ્રમાણ છે અને તે જ અવબોધરૂપ જ્ઞાન પ્રમાણ છે કે જેના વડે જીવ, સમ્યક્ત્વ અને મિથ્યાત્વભાવને જાણે તથા મહાવ્રતને ધારણ કરનારા ધીર હોય તે ગુરુ અને

१. रात्रिभोजनविरतिः ।

બધું ઈચ્છનારા તે અગુરુ એમ ગુરુ–અગુરુપણાને જાણી શકે, તેમ જ 'રાત્રિભોજનથી વિરતિ' રૂપ ધર્મસ્થિતિને ઉપાદેય ભાવે અને "જેની પાસે ધન છે તે જ નર કુલીન છે" એવી એવી લોકસ્થિતિને હેયભાવે જાણી શકે. તેનાથી અન્ય કથા તે કથા નથી, ઉપદેશ નથી, જ્ઞાન નથી, કેમ કે તે બધું નિષ્ફલ છે.

**जिणगुणरयणमहानिहिं लद्धूणवि किं न जाइ मिच्छत्तं ? ।**
**अह पत्ते यवि निहाणे किवणाण पुणोवि दारिद्दं ॥ २५ ॥**

[ जिनगुणरत्नमहानिधिं लब्ध्वापि किं न याति मिथ्यात्वम् ? ।
अथ प्राप्ते चापि निधाने कृपणानां पुनरपि दारिद्र्यम् ॥ ]

**ગાથાર્થ :** જિનેશ્વરના ગુણોરૂપી રત્નોના મહાનિધિને પામીને પણ શું મિથ્યાત્વ જતું નથી ? અથવા તો નિધાન પ્રાપ્ત થવા છતાં પણ કૃપણોનું દારિદ્રય જતું નથી.

जिनगुणा ज्ञानचारित्रादयस्त एव रत्नानि तेषां महानिधिरिव, स च सिद्धान्तः, तस्यैवागमे गणिपिटकत्वात्, ततस्तं लब्ध्वापि श्रुत्वेत्यर्थः । 'किम्' इति प्रश्ने, न याति मिथ्यात्वमभिनिवेशवत्ता ? । अथवा प्राप्तेऽपि निधाने कृपणानां पुनरपि तत्प्राप्त्यनन्तरमपि दारिद्र्यं 'न याति' इति संबध्यते, दानभोगयोरसंभवेन तेषाम् ॥ २५ ॥

**ભાવાર્થ :** જ્ઞાન–ચારિત્રાદિ જિનગુણોરૂપી રત્નોના મોટા ભંડારને પામીને પણ, અર્થાત્ સિદ્ધાંત – આગમને સાંભળીને પણ મિથ્યાત્વ, કદાગ્રહીપણું શું ન જાય ? અથવા તો કોઈ મોટું નિધાન મળી જાય તો પણ કૃપણ લોકોનું દારિદ્રય જતું નથી કેમકે તેઓ તેને દાનમાં ય નથી આપતા અને ભોગવી પણ શકતા નથી. તેથી તેઓને મળેલ ભંડાર પણ નિરર્થક છે.

**सो जयउ जेण विहिया संवच्छरचाउम्मासियसुपव्वा ।**
**निद्धंधसाण जायइ जेसिं पभावाउ धम्ममई ॥ २६ ॥**

[ स जयतु येन विहितानि सांवत्सरचातुर्मासिकसुपर्वाणि ।
निष्ठुराणां जायते येषां प्रभावाद् धर्ममतिः ॥ ]

**ગાથાર્થ :** જે ભગવાન વડે સાંવત્સરિક, ચાતુર્માસિક સુપર્વો કરાયા છે તે (ભગવાન) જય પામો કે જે સુપર્વોનાં પ્રભાવથી નિર્ધ્વંસ જીવોને પણ ધર્મની મતિ થાય છે.

स प्रक्रमाज्जिनो जयतु, येन भगवताऽनुपकृतोपकारिणा विहितानि सांवत्सरिक-चातुर्मासिकसुपर्वाणि, प्राकृतत्वात् पुंस्त्वम्, उपलक्षणत्वाच्चतुर्दश्यष्टमीपूर्णिमामावासी-कल्याणकदिनानि । येषां सुपर्वणां प्रभावाद् 'निद्धंधसानां' निर्दयानामपि जायते धर्ममतिः ॥ २६ ॥

**ભાવાર્થ :** અનુપકૃત ઉપર પણ ઉપકાર કરનારા જે ભગવાન વડે સાંવત્સરિક, ચાતુર્માસિક (ઉપલક્ષણથી ચતુર્દશી, અષ્ટમી, પૂર્ણિમા, અમાવાસ્યા, કલ્યાણકાદિ દિવસો) સુપર્વોનું વિધાન કરાયું છે. તે જિનેશ્વર જય પામો. જે સુપર્વોના પ્રભાવથી નિષ્ઠુર નિર્દય લોકોને પણ ધર્મમાં મતિ ઉત્પન્ન થાય છે.

**नामंपि तस्स असुहं जेण निदिट्ठाइं मिच्छपव्वाइं ।**
**जेसिं अणुसंगाओ धम्मीणवि होइ पावमई ॥ २७ ॥**

[ नामापि तस्याशुभं येन निर्दिष्टानि मिथ्यापर्वाणि ।
येषामनुषङ्गाद् धर्मिणामपि भवति पापमतिः ॥ ]

**ગાથાર્થ :** જેના વડે મિથ્યાપર્વો નિર્દિષ્ટ કરાયા છે તેનું નામ પણ પાપકર છે. જે મિથ્યાપર્વોના પ્રસંગે ધર્મી લોકોને પણ પાપની મતિ પેદા થાય છે.

नामापि, आस्तां वन्दन-संसर्गादि; तस्य कुतीर्थिकादेरशुभं पापं, येन निर्दिष्टानि मिथ्यात्वपर्वादीनि, येषां पर्वणामनुषङ्गात् प्रसङ्गाद् धर्मिणामपि भवति पापमतिः असत्यभाषण-धूलिक्षेप-काष्ठचौर्यादिरूपा ॥ २७ ॥

**ભાવાર્થ :** જે કુતીર્થિકાદિ વડે મિથ્યાપર્વો બતાવાયા છે તેનું વંદન સંસર્ગાદિ તો દૂર રહો તેમનું નામ પણ લેવું તે અશુભ છે, પાપ છે. જે મિથ્યાપર્વોના અનુસંગથી (સેવનથી) ધર્માત્માઓની પણ, અસત્યભાષણ-ધૂલક્ષેપ-કાષ્ઠચોરી વગેરે રૂપી પાપની મતિ થાય છે.

**मज्झट्ठिई पुण एसा अणुसंगेणं हवंति गुणदोसा ।**
**उक्किट्ठपुन्नपावा अमुसंगेणं न घिप्पंति ॥ २८ ॥**

[ मध्यस्थितिः पुनरेषाऽनुषङ्गेण भवन्ति गुणदोषाः ।
उत्कृष्टपुण्यपापा अनुषङ्गेण न गृह्यन्ते ॥ ]

**ગાથાર્થ :** વળી મધ્યસ્થિતિ આ છે કે અનુષંગથી ગુણ કે દોષો થતા નથી. ઉત્કૃષ્ટ પુણ્ય કે પાપ અનુષઙ્ગથી ગ્રહણ કરાતા નથી.

मध्यस्थानां स्थितिर्मर्यादा पुनरेषा । केत्याह—अनुषङ्गेण संसर्गेण भवन्ति गुणदोषाः भावुकत्वात्तेषाम् । उत्कर्षप्राप्तसुकृतदुष्कृता अनुषङ्गेण न गृह्यन्ते-संसर्गात् तेषां गुणादोषौ न स्त इति, काचमध्यस्थवैडूर्यमणिवत्, इक्षुवाटस्थनलस्तम्भवच्च ॥ २८ ॥

**ભાવાર્થ :** મધ્યસ્થોની સ્થિતિ આ છે કે સંસર્ગ વડે ગુણ ને દોષો થાય છે કેમકે ગુણ ને દોષો ભાવુક હોય છે. પરંતુ ઉત્કર્ષને પામેલાં સુકૃત કે દુષ્કૃતો ને અનુષઙ્ગ વડે ગ્રહણ કરાતાં નથી. તેઓને સંસર્ગથી ગુણ કે દોષ થતા નથી. જેમ કાચની મધ્યમાં રહેલ વૈડૂર્યરત્ન, અને ઈક્ષુ.

**अइसयपावियपावा धम्मियपव्वेसु तोवि पावरया ।**
**न चलंति सुद्धधम्मा धन्ना किवि पावपव्वेसु ॥ २९ ॥**

[ अतिशयप्रापितपापा धार्मिकपर्वसु ततोऽपि पापरताः ।
न चलन्ति शुद्धधर्माद्धन्याः केऽपि पापपर्वसु ॥ ]

**ગાથાર્થ :** તે કારણથી અતિશય પ્રાપ્ત થયેલ પાપવાળા લોકો ધાર્મિકોનાં પર્વોમાં પણ આરંભાદિ પાપમાં આસક્ત હોય છે. તથા કેટલાક ધન્યાત્માઓ પાપપર્વોમાં શુદ્ધધર્મથી ચલિત થતા નથી.

'तोवि' इतिशब्दोऽत्र संबध्यते, तेन यस्मादुत्कृष्टपुण्यपापाः संसर्गेण न गृह्यन्ते, 'तो' तस्मादतिशयमाधिक्यं प्रापितं पापं यैस्ते धार्मिकाणां पर्वस्वपि पापरता आरम्भाद्यासक्ता भवन्ति । तथा, न चलन्ति शुद्धधर्माद् धन्याः केऽप्यतिशयप्रापितधर्माणः 'पापपर्वस्वपि' इति गम्यम् ॥ २९ ॥

**ભાવાર્થ :** જે કારણથી ઉત્કૃષ્ટ પુણ્યને પાપ સંસર્ગ વડે ગ્રહણ કરાતાં નથી તે કારણથી અતિશય અધિકતાને પ્રાપ્ત થયેલા પાપવાળા જીવો ધાર્મિકપર્વોમાં પણ આરંભાદિ પાપમાં આસક્ત થાય છે. જ્યારે કેટલાક અતિશય અધિકતાને પામેલ ધર્મવાળા ધન્યાત્માઓ પાપપર્વોમાં પણ શુદ્ધધર્મથી ચલાયમાન થતા નથી.

**लच्छीवि हवइ दुविहा एगा पुरिसाण खवइ गुणरिद्धी ।**
**एगा य उल्लसंती अपुन्नपुन्नाणुभावाओ ॥ ३० ॥**

[ लक्ष्मीरपि भवति द्विविधैका पुरुषाणां क्षपयति गुणर्द्धीः ।
एका चोल्लसन्ती अपुण्यपुण्यानुभावात् ॥ ]

**ગાથાર્થ :** લક્ષ્મી પણ બે પ્રકારે હોય છે. એક પુરુષોની ગુણરૂપી ઋદ્ધિનો ક્ષય કરે છે. બીજી અપુણ્ય અને પુણ્યના અનુભાવથી ઉલ્લાસ પામતી વર્તે છે.

पर्ववल्लक्ष्मीरपि द्विधा भवति, एकाऽज्ञानकष्टलब्धा पुरुषाणां क्षपयति ज्ञानादिगुणानामृद्धिं समृद्धिम् । तथा, एका च सत्पात्रदानादिजाता लक्ष्मीरुल्लसन्ती वृद्धिं गच्छन्ती पुंसां गुणर्द्धिं धनसार्थवाहशालिभद्रादीनामिव 'पुष्णाति' इति गम्यम् । कुतः ? । अपुण्य-पुण्ययोरनुभावः प्रभावस्तस्मात् ॥ ३० ॥

**ભાવાર્થ :** પર્વની જેમ લક્ષ્મી પણ બે પ્રકારે હોય છે. એક, અજ્ઞાન કષ્ટ વડે મેળવાયેલી લક્ષ્મી પુરુષોના જ્ઞાનાદિગુણોની સમૃદ્ધિનો ક્ષય કરે છે. તથા એક સુપાત્રદાનાદિથી ઉત્પન્ન થયેલી લક્ષ્મી વૃદ્ધિ પામતી પામતી ધન્ના સાર્થવાહ અને શાલિભદ્ર આદિની જેમ પાપ ને પુણ્યના પ્રભાવથી પુરુષોની ગુણસમૃદ્ધિને પુષ્ટ કરે છે.

**गुरुणो भट्टा जाया सड्ढे थुणिऊण लिंति दाणाइं ।**
**दुन्निवि अमुणियसारा दूसमसमयम्मि बुडुंति ॥ ३१ ॥**

[ गुरवो भट्टा जाताः श्राद्धान् स्तुत्वा लान्ति दानानि ।
द्वावप्यज्ञातसारा दुःषमासमये ब्रुडन्ति ॥ ]

**ગાથાર્થ :** શ્રાવકોની સ્તુતિ કરીને, તેમની પાસેથી દાન ગ્રહણ કરે છે તે ગુરુઓ ભટ્ટ થઈ ગયા છે. સારને નહિ જાણનારા બંનેય (ગુરુ ને શ્રાવક) દુઃષમાકાળમાં ડૂબે છે.

गुरवो लिङ्गोपजीविनः, भट्टा बन्दिन इव जाताः, श्राद्धान् श्रावक-नाम्नः 'त्वं त्यागी, त्वं भोगी, त्वत्पूर्वजा अपि दानशौण्डाः' इत्यादिना स्तुत्वा लान्ति गृह्णन्ति दानानि पिण्डशय्यावस्त्रपात्रादिदेयद्रव्याणि । उपलक्षणत्वाद् नैमित्तिका इव निमित्तं मन्त्रतन्त्रादि प्रयुज्य दानानि लान्ति । ददाना अपि ह्येते 'अहो !' एते अस्मत्कीर्त्तिं कुर्वते, निमित्तादिना चोपकुर्वते' इति विचार्य यथेप्सितं ददते, न मुधिकया । ततो द्वावपि गुरुश्रावकौ "[१]गिहिणो वेयावडियं न कुज्जा" इति, तथा "[२]नक्खत्तं सुमिणं जोगं" इति, तथा "[३]पासत्थाई वंदमाणस्स" इत्येवंविधं परमार्थमजानानौ दुःषमासमायां ब्रुडन्ति 'भवाम्बुधौ' इति शेषः ॥ ३१ ॥

**ભાવાર્થ :** લિંગમાત્રથી જીવનારા ગુરુઓ ભટ્ટ જેવા બન્યા. શ્રાવકોની 'તું ત્યાગી છે, તું ભોગી છે, તારા પૂર્વજો પણ દાનવીર હતા' ઈત્યાદિ વચનો દ્વારા સ્તુતિ કરીને પિણ્ડ - શય્યા - વસ્ત્ર - પાત્રાદિ દેવા યોગ્ય દ્રવ્યોનું ગ્રહણ કરે છે, નૈમિત્તિકોની જેમ નિમિત્ત, મંત્ર, તંત્રાદિનો પ્રયોગ કરીને દાન લે છે અને આપનારા શ્રાવકો પણ "અહો ! આ અમારી કીર્તિ ગાય છે. નિમિત્તાદિ વડે અમારા પર ઉપકાર કરે છે" એમ વિચારીને યથેચ્છિત દાન આપે છે. તેથી તે બંનેય ગુરુ-શ્રાવક પરમાર્થને નહિ જાણતાં પંચમકાળમાં ભવસમુદ્રમાં ડૂબે છે.

**मिच्छपवाहे रत्तो लोओ परमत्थजाणओ थोवो ।**
**गुरुणो गारवरसिया सुद्धं धम्मं निगूहंति ॥ ३२ ॥**

[ मिथ्याप्रवाहे रक्तो लोकः परमार्थज्ञायकः स्तोकः ।
गुरवो गारवरसिकाः शुद्धं धर्मं निगूहन्ति ॥ ]

**ગાથાર્થ :** મિથ્યાપ્રવાહમાં રક્ત લોક છે તેમાં પરમાર્થને જાણનાર લોક થોડો છે. ગારવમાં રસિક ગુરુઓ શુદ્ધ ધર્મને છૂપાવે છે.

---

१. गृहिणो वैयावृत्त्यं न कुर्यात् ।
२. नक्षत्रं स्वप्नं योगं ।
३. पार्श्वस्थादीन् वन्दमानस्य ।

मिथ्या अलीकप्रवाहः—अविचारपूर्विका प्रवृत्तिस्तस्मिन्नासक्तो लोको यतः, ततः परमार्थस्य देवादिसदसद्विचारस्य ज्ञायकः स्तोकः । गुरवो नामाचार्या गौरवरसिका ऋद्धिरससातलम्पटाः शुद्धं मार्गं तपः संयमलक्षणं गोपयन्ति, "[४]परिभवई उग्गकारी सुद्धं मग्गं निगूहई बालो" इति वचनात् ॥ ३२ ॥

**ભાવાર્થ :** અવિચારપૂર્વકની પ્રવૃત્તિરૂપ મિથ્યાપ્રવાહમાં સમગ્ર લોક આસક્ત છે. તેથી દેવાદિ સદસદ્વિચારરૂપ પરમાર્થને જાણનારો લોક થોડો છે. ઋદ્ધિ - રસ અને શાતા ગારવમાં લંપટ, માત્ર નામના ગુરુઓ તપ સંયમ સ્વરૂપ શુદ્ધ ધર્મને છૂપાવે છે.

**सव्वोवि अरह देवो सुगुरु गुरु भणइ नाममित्तेण ।**
**तेसिं सरूवं सुहयं पुन्नविहूणा न याणंति ॥ ३३ ॥**

[ सर्वोऽप्यर्हन् देवः सुगुरुर्गुरुर्भणति नाममात्रेण ।
तेषां स्वरूपं सुखदं पुण्यहीना न जानन्ति ॥ ]

**ગાથાર્થ :** સર્વ પણ લોક, અરિહંત એ દેવ, સુગુરુ એ ગુરુ એમ નામમાત્રથી બોલે છે પણ પુણ્યહીન તેઓ તેમનાં સુખદ સ્વરૂપને જાણતા નથી.

सर्वोऽपि श्राद्धकुलोत्पन्नः पृष्टः सन् 'अर्हन् देवः, सुगुरुश्च गुरुः, उपलक्षणत्वादर्हदुक्तो धर्मश्च मम' इति नाममात्रेण भणति । परं तेषां स्वरूपं शुभदं सुखदं वा पुण्यविहीना न जानन्ति ॥ ३३ ॥

**ભાવાર્થ :** શ્રાવકકુલમાં ઉત્પન્ન થયેલ સર્વ લોક, તેને કોઈ પૂછે તો નામમાત્રથી એમ જ કહે છે કે 'અરિહંત એ દેવ છે, સગુરુ એ ગુરુ છે અને અરિહંતે કહેલો ધર્મ એ મારો ધર્મ છે.' પરંતુ તેઓના સુખદ એવા સ્વરૂપને પુણ્યહીન તે લોકો જાણતા નથી.

**सुद्धा जिणआणरया केसिं पावाण हुंति सिरसूलं ।**
**जेसिं ते सिरसूलं केसिं मूढाण ते गुरवो ॥ ३४ ॥**

[ शुद्धा जिनाज्ञारताः केषां पापानां भवन्ति शिरः शूलम् ।
येषां ते शिरः शूलं केषां मूढानां ते गुरवः ॥ ]

**ગાથાર્થ :** કેટલાંક પાપી જીવોને, જિનાજ્ઞામાં રત શુદ્ધ મુનિઓ શિરઃશૂલ જેવા લાગે છે. જેઓને તે શિરઃ શૂલરૂપ છે, તેઓ કેટલાંક મૂઢ લોકોનાં ગુરુઓ છે.

शुद्धाश्चित्तशुद्धिमन्तो यतयो जिनाज्ञारताः केषाञ्चित् पापानां भवन्ति शिरःशूलमिव । येषां च ते शुद्धाः शिरःशूलं, केषांचिन्मूढानां ते तादृशा अपि गुरवः सन्तीति । तेभ्यश्च शुद्धस्वरूपद्वेषिभ्यः कथं देवादिस्वरूपज्ञानं भवतीत्यर्थः ॥ ३४ ॥

---

४. परिभवत्युग्रकारिणः शुद्धं मार्गं निगूहति बालः ।

**ભાવાર્થ :** ચિત્તની શુદ્ધિવાળા જિનાજ્ઞામાં રત એવા સાધુઓ કેટલાક પાપીઓને શિરઃ શૂળરૂપે લાગે છે અને જેઓને તે શુદ્ધ સાધુઓ શિરઃ શૂળ છે તેવા પ્રકારના પણ, કેટલાક મૂઢ લોકોના ગુરુ બની ગયેલા છે. શુદ્ધસ્વરૂપના દ્વેષી એવા તેઓની પાસેથી દેવાદિસ્વરૂપનું જ્ઞાન કેવી રીતે થાય ?

**हाहा ! गुरुअअकज्जं सामी नहु अत्थि कस्स पुक्करिमो ? ।**
**कह जिणवयणं कह सुगुरुसावया कह इय अकज्जं ? ॥ ३५ ॥**

[ हाहा ! गुर्वकार्यं स्वामी नैवास्ति कस्य पूत्कर्मः ? ।
कथं जिनवचनं कथं सुगुरुश्रावकाः कथमित्यकार्यम् ? ॥ ]

**ગાથાર્થ :** હા હા ! આ મોટું અકાર્ય છે, સ્વામી નથી, કોની આગળ પોકાર કરીએ ? ક્યાં જિનવચન, ક્યાં સુગુરુ અને સુશ્રાવકો અને ક્યાં આ અકાર્ય ??

'हाहा' इति खेदे गुरुकमकर्तव्यं यदेवंविधा अपि गुरुत्वेनाङ्गीक्रियन्ते । स्वामी राजा 'नहु' नैवास्ति, ततः कस्याग्रे पूत्कुर्महे कार्यमकार्यमिति ? । तद्भिया हि ते स्वयं निवर्तन्ते, स वा हठाद् निवर्तयति तान् । तदभावे तदनर्थकमेव । कुतः ? । 'कह' इति कुत्र जिनवचनम्, कुत्र सुगुरुश्रावकाः, कुत्र चेदमकार्यं कुगुर्वङ्गीकाररूपम् ? ॥ ३५ ॥

**ભાવાર્થ :** (ગ્રંથકાર આ પરિસ્થિતિ જોઈને પોતાના હૈયાની વેદના ઠાલવતા કહે છે.) હા હા ! આ ખરેખર બહુ મોટું અકર્તવ્ય છે કે આવા પ્રકારના લોકો પણ મૂઢો વડે ગુરુ પણે સ્વીકારાય છે. હમણાં કોઈ રાજા નથી, તેથી કોની આગળ 'આ કાર્ય ને આ અકાર્ય છે' એવો પોકાર કરીએ ? જો સ્વામી પાસે પોકાર કરું તો તેના ભયથી તેઓ સ્વયં અટકે અથવા તો તે સ્વામી તેઓને બલાત્કારે અટકાવે. પણ સ્વામીનાં અભાવમાં તે પોકાર કરવો પણ અનર્થક જ છે. ક્યાં જિનેશ્વરનું વચન ? ક્યાં સુગુરુ શ્રાવકો ? અને ક્યાં આ કુગુરુના સ્વીકારરૂપ અકાર્ય ?

**सप्पे दिट्ठे नासइ लोओ नहु किंपि कोइ अक्खेइ ।**
**जो चयइ कुगुरुसप्पं हा ! मूढा भणइ तं दुट्ठं ॥ ३६ ॥**

[ सर्पे दृष्टे नश्यति लोको नैव किमपि कोऽप्याख्याति ।
यस्त्यजति कुगुरुसर्पं हा ! मूढा भणन्ति तं दुष्टम् ॥ ]

**ગાથાર્થ :** સર્પ દેખાયે છતે લોક નાસે છે કોઈ કાંઈપણ બોલતા નથી. જે કુગુરુરૂપ સર્પને તજે છે તેને મૂઢ લોકો દુષ્ટ કહે છે ખેદની વાત છે.

सर्पे दृष्टे नश्यति लोकः, नैव कोऽपि दुर्मुखोऽपि किमपि 'कातरोऽयम्' इत्यादि किञ्चिदप्याख्याति तस्य । यश्च लघुकर्मा ज्ञाततत्त्वः सन् परिहरति कुगुरुसर्पम्, हा ! मूढाः गुरुमोहिता भणन्ति तं त्यागिनं दोषवन्तम्, 'किलानेन स्ववंशागता गुरवो मुक्ताः' इति निन्दन्तीत्यर्थः ॥ ३६ ॥

**ભાવાર્થ :** સર્પ દેખાયે છતે સઘળો લોક ભાગે છે. ત્યારે કોઈ માણસ 'આ કાયર છે' ઇત્યાદિ કાંઈપણ તેને કહેતો નથી. અને જે લઘુકર્મી તત્ત્વને જાણતો છતો કુગુરુરૂપ સર્પને તજે છે ત્યારે કુગુરુથી મોહિત મૂઢ જીવો તેને દોષિત ઠરાવે છે. 'આણે પોતાના વંશમાં આવેલા ગુરુને છોડી દીધા...' એમ કહીને તેની નિંદા કરે છે તે ખરેખર દુઃખદ વાત છે.

**सप्पो इक्कं मरणं कुगुरू अणंताइं देइ मरणाइं ।**
**तो वर सप्पं गहिउं मा कुगुरुसेवणं भद्द ! ॥ ३७ ॥**

[ सर्प एकं मरणं गुरुरनन्तानि ददाति मरणानि ।
ततो वरं सर्पं ग्रहीतुं मा कुगुरुसेवनं भद्र ! ॥ ]

**ગાથાર્થ :** સર્પ એક મરણને આપે છે કુગુરુ અનંતા મરણો આપે છે તો હે ભદ્ર ! સર્પને ગ્રહણ કરવો સારો પણ કુગુરુનું સેવન ન કર.

सर्पः स्पृष्टो विराद्धो वा एकमित्येकवारं मरणं ददाति, तथा कुगुरुराराधितोऽनन्तानि ददाति मरणानि । 'तो' तस्माद् वरं सर्पे ग्रहीतुमुद्यमः । 'मा' निषेधे, कुगुरुसेवनं कार्षीरिति हे भद्र ! ॥ ३७ ॥

**ભાવાર્થ :** સ્પર્શ કરાયેલો કે વિરાધના કરાયેલો સર્પ એકવાર મરણ આપે છે. જ્યારે આરાધાયેલો એવો પણ કુગુરુ અનન્તાં મરણો આપે છે. તેથી હે ભદ્ર ! સર્પને ગ્રહણ કરવા ઉદ્યમ કરવો સારો, પણ કુગુરુનું સેવન ન કર.

**जिणआणावि चयंता गुरुणो भणिऊण जं नमिज्जंति ।**
**ता किं कीरइ लोओ छलिओ गड्डुरिपवाहेण ॥ ३८ ॥**

[ जिनाज्ञामपि त्यजन्तो गुरवो भणित्वा यन्नाम्यन्ते ।
तत् किं क्रियते लोकश्छलित ऊर्णायुप्रवाहेण ॥ ]

**ગાથાર્થ :** જિનાજ્ઞાને તજનારા એવા પણ ગુરુઓને ગુરુ તરીકે કહી કહીને લોકો નમે છે. તો શું કરવું ? ગાડરિયાપ્રવાહ વડે લોક છવાયો છે.

जिनाज्ञां "[1]समिईकसायगारवइंदियमयबंभचेरगुत्तीसु" इत्यादिरूपां त्यजन्तोऽपि तद्भङ्गद्वारा, तेऽपि गुरवो भणित्वा 'एतेऽस्मदीयाः' इत्युक्त्वा यन्नम्यन्ते लोकैः, 'ता' तत् किं क्रियते, लोकश्छलितो वञ्चितो गड्डुर्य ऊर्णायवस्तासां प्रवाहो नाम यत्र क्वापि गर्त्तादावेका पतति तत्र सकलमपि यूथं पततीति । तेन कुत्रापि कार्ये कश्चित् केनापि कदाशयेन प्रवृत्तस्तत्प्रत्ययात् तत्रान्येषामपि प्रवृत्तिः ॥ ३८ ॥

---

१. समितिकषायगौरवेन्द्रियमदब्रह्मचर्यगुप्तिषु ।

**ભાવાર્થ :** સમિતિ - ગુપ્તિ - કષાય - ગારવ - ઇન્દ્રિય - યમ - બ્રહ્મચર્યગુપ્તિ વગેરેને જિનાજ્ઞાના ભંગ દ્વારા તજનારા એવા પણ ગુરુઓને 'આ અમારા ગુરુ છે' એમ બોલીને લોકો નમે છે. તો શું કરવું ? ગાડરિયા પ્રવાહમાં તણાઈને ઠગાયેલા લોક માટે શું કરાય ?

**निद्दक्खिन्नो लोओ जइ कुवि मग्गेइ रुट्टियाखंडं ।**
**कुगुरूण संगचयणे दक्खिन्नं ही ! महामोहो ॥ ३९ ॥**

[ निर्दाक्षिण्यो लोको यदि कोऽपि मार्गयति रोट्टिकाखण्डम् ।
कुगुरूणां सङ्गत्यजने दाक्षिण्यं ही ! महामोहः ॥ ]

**ગાથાર્થ :** જો કોઈ રંક રોટલાનો ટુકડો માંગે તો લોક નિર્દાક્ષિણ્યવાળો રહે છે પણ કુગુરુઓનાં સંગને તજવામાં દાક્ષિણ્ય દાખવે છે. હા ! ખેદની વાત છે કે મહામોહ કઈ રીતે લોકને પીડે છે !

दाक्षिण्यं जनच्चित्तानुवृत्तिः, निर्गतं दाक्षिण्यं यस्य स निर्दाक्षिण्यो लोकः 'अस्ति' इति गम्यम् । कथम् ? । यदि कोऽपि रङ्कादिर्मार्गयति चाटूक्तिभी रोट्टिका पूपलिका तस्याः खण्डं 'तथापि न ददाति' इति शेषः । अथ च कुगुरूणां सङ्गत्यजने दाक्षिण्यम् 'एतेऽस्मद्वंश्यैरादृताः, वयं तद्गच्छे स्तम्भभूता आचार्यपदस्थापनाद्युत्सवकारिणाश्च, तदमून् कथं त्यजामः ?' इति ही खेदे महामोहो महदज्ञानम् ॥ ३९ ॥

**ભાવાર્થ :** જો કોઈ ભિક્ષુકાદિ મધુર વચનો વડે રોટલીનો ટુકડો માંગે તો પણ લોક તેને આપતો નથી. તે વખતે નિર્દાક્ષિણ્ય બની જાય છે. પણ કુગુરુઓના સંગનો ત્યાગ કરવામાં 'આ અમારા વંશજો વડે આદર કરાયેલા છે. અમે તેમના ગચ્છમાં સ્તંભભૂત છીએ અને આચાર્યપદસ્થાપનાદિ ઉત્સવોને કરાવનારા છીએ તો આમને કેવી રીતે છોડીએ ?' એમ કરીને દાક્ષિણ્ય બતાવે છે. તે ખરેખર મોટું અજ્ઞાન છે.

**किं भणिमो किं करिमो ताण हयासाण धिट्ठदुट्ठाण ।**
**जे दंसिऊण लिंगं खिवंति नरयम्मि मुद्धजणं ? ॥ ४० ॥**

[ किं भणामः किं कुर्मस्तेषां हताशानां धृष्टदुष्टानाम् ।
ये दर्शयित्वा लिङ्गं क्षिपन्ति नरके मुग्धजनम् ? ॥ ]

**ગાથાર્થ :** હતાશ અને ધૃષ્ટદુષ્ટ એવા તેઓને શું કહીએ ? શું કરીએ ? જેઓ લિંગ બતાવીને મુગ્ધલોકોને નરકમાં નાંખે છે.

किं भणामः, उपदेशानर्हत्वात् '[१]को दाही उवएसं' इत्युक्तेः; तथा, किं कुर्मः, उपकारापकारयोर्मध्यात् । तेषां हता आशा शुभेच्छा येषां यैर्वा तेषां हताशानाम्, तथा, धृष्टां प्रगल्भाः, दुष्टा दोषवन्तस्तेषाम्; ये प्रदर्श्य लिङ्गं, 'लिङ्गं पूज्यमेव' इत्युक्त्वा क्षिपन्ति नरके मुग्धजनं स्ववन्दापनादिजनितदोषेण ॥ ४० ॥

---

१. को दास्यत्युपदेशम् ।

**ભાવાર્થ :** જે સાધુઓ લિંગ બતાવીને ભોળા લોકોને નરકમાં પાડે છે તે આશા ને શુભેચ્છાથી રહિત હતાશ અને ધૃષ્ટદુષ્ટ સાધુઓને અમે શું કહીએ. તેઓ તો ઉપદેશને અયોગ્ય છે. તથા તેમને શું કરીએ ? ઉપકાર કે અપકાર કાંઈ કરી શકાય તેમ નથી.

**कुगुरूवि संसिमो हं जेसिं मोहाइचंडिमा दट्ठुं ।**
**सुगुरूण उवरि भत्ती अइनिविडा होइ भव्वाणं ॥ ४१ ॥**

[ कुगुरूनपि शंसाम्यहं येषां मोहादिचण्डिमानं दृष्ट्वा ।
सुगुरूणामुपरि भक्तिरतिनिबिडा भवति भव्यानाम् ॥ ]

**ગાથાર્થ :** તે કુગુરુઓની પણ હું પ્રશંસા કરું છું કે જેઓની મોહાદિ દોષોની પ્રચણ્ડતાને જોઈને ભવ્યજીવોને સુગુરુઓ ઉપર અત્યંત ભક્તિ થાય છે.

कुगुरूनपि प्रशंसामि, प्राकृतत्वादेकत्वेऽपि बहुत्वम्, अहम्; येषां मोहोऽज्ञानं स आदिर्येषां राग-द्वेषादीनां तैश्चण्डिमा रौद्रत्वं भयहेतुत्वं दृष्ट्वा सुगुरूणामुपरि सुविहितविषये भक्तिगौरवविशेषोऽतिनिबिडा भवति भव्यानाम् । श्राद्धादिकृते कलहायमानान् दृष्ट्वा भव्यानां तेष्वनादरः सुविहितेष्वादरो जायत इत्यर्थः ॥ ४१ ॥

**ભાવાર્થ :** હું તે કુગુરુઓની પણ પ્રશંસા કરું છું કે જેઓના મોહ - રાગ - દ્વેષ આદિ વડે અતિ ભયના કારણભૂત રૌદ્રપણાને જોઈને ભવ્યજીવોને સુવિહિત સુગુરુઓ ઉપર અત્યંત ગાઢ આદરવાળી ભક્તિ થાય છે.

**जह जह तुट्टइ धम्मो जह जह दुट्ठाण होइ इह उदओ ।**
**सम्मद्दिट्ठिजियाणं तह तह उल्लसइ सम्मत्तं ॥ ४२ ॥**

[ यथा यथा त्रुट्यति धर्मो यथा यथा दुष्टानां भवतीहोदयः ।
सम्यग्दृष्टिजीवानां तथा तथोल्लसति, सम्यक्त्वम् ॥ ]

**ગાથાર્થ :** આ કાળમાં જેમ જેમ ધર્મ તૂટે છે, જેમ જેમ દુષ્ટ લોકોનો અભ્યુદય થાય છે તેમ તેમ સમ્યગ્દષ્ટિજીવોનું સમ્યક્ત્વ ઉલ્લાસ પામે છે.

यथा यथा त्रुट्यत्यल्पीभवति दुर्लभः स्यादित्यर्थः, धर्मः श्रुतचारित्ररूपः, कालादिदोषात् "सैषा हुण्डावसर्पिण्यनुसमयह्सद्द्रव्यभावानुभावा" इत्यादिरूपात्; यथा यथा च दुष्टानां धर्मद्वेषिणां भवति इह काले उदय उन्नतिः; सम्यग्दृष्टिजीवानां तथा तथा उल्लसति सम्यक्त्वम्,

**"[२]कलहकरा डमरकरा असमाहिकरा अनिव्वुइकरा य ।**
**होहिंति इत्थ समणा दससुवि खित्तेसु सयराहं ॥ १ ॥"**

---

२. कलहकरा डमरकरा असमाधिकरा अनिवृत्तिकराश्च ।
भविष्यन्त्यत्र श्रमणा दशस्वपि चेत्रेषु शीघ्रम् ॥ १ ॥

इति भगवदुक्तेरविसंवाददर्शनेन भगवत्यास्थातिरेकात् ॥ ४२ ॥

**ભાવાર્થ :** આ કાળમાં જેમ જેમ શ્રુતચારિત્રરૂપ ધર્મ ઓછો થાય, દુર્લભ થાય છે કાલાદિનાં દોષથી જેમ જેમ ધર્મનાં દ્વેષી દુષ્ટ લોકોની ઉન્નતિ થાય છે તેમ તેમ સમ્યગ્દષ્ટિજીવોનું સમ્યક્ત્વ ઉલ્લસિત બને છે.

"कलहकरा.....

ઇત્યાદિ ભગવાનની ઉક્તિનું અવિસંવાદપણે દર્શન થવાથી ભગવાન ઉપર શ્રદ્ધાનો અતિરેક થાય છે અને તેથી સમ્યક્ત્વ ઉલ્લાસ પામે છે.

**जयजंतुजणणितुल्ले अइउदओ जं न जिणमए होइ ।**
**तं किट्ठकालसंभवजियाण अइपावमाहप्पं ॥ ४३ ॥**

[ जगज्जन्तुजननीतुल्यस्यात्युदयो यन्न जिनमतस्य भवति ।
तत् क्लिष्टकालसंभवजीवानामतिपापमाहात्म्यम् ॥ ]

**ગાથાર્થ :** જે કારણથી જગતના જીવોની માતાતુલ્ય એવા જિનમતનો અભ્યુદય થતો નથી તે ક્લિષ્ટકાળમાં જન્મેલા જીવોનાં અતિપાપનું માહાત્મ્ય છે.

जगज्जन्तुजननीतुल्यस्य, षष्ठीसप्तम्योरर्थाप्रभेदात्, अत्युदयो यद् न जिनमतस्य भवति, तत् क्लेशहेतुत्वात् कालोऽपि क्लिष्टः स चासौ कालश्च तत्संभवजीवानामतिपापस्य माहात्म्यम् ॥ ४३ ॥

**ભાવાર્થ :** જગતના જીવોની જનની સમાન જિનમતનો જે અત્યુદય થતો નથી તે ખરેખર ક્લેશના કારણભૂત કાળમાં પેદા થયેલા જીવોનાં અતિપાપનું આ માહાત્મ્ય છે.

**धम्मम्मि जस्स माया मिच्छत्तगहो उसुत्ति नो संका ।**
**कुगुरूवि करइ सुगुरू विउसोवि स पावपुन्नुत्ति ॥ ४४ ॥**

[ धर्मे यस्य माया मिथ्यात्वग्रह उत्सूत्रे नो शङ्का ।
कुगुरूनपि करोति सुगुरून् विद्वानपि स पापपूर्ण इति ॥ ]

**ગાથાર્થ :** જેને ધર્મમાં માયા-કપટ છે, મિથ્યાત્વનો આગ્રહ છે, ઉત્સૂત્રમાં કોઈ શંકા કે ભય નથી. જે કુગુરુઓને પણ સુગુરુ તરીકે જણાવે છે તે વિદ્વાન પણ પરમાર્થથી પાપપૂર્ણ છે.

यस्य धर्मे माया लाभपूजाख्यात्यर्थे धर्मकरणं न मुक्तये, तथा, मिथ्यात्वस्यातत्त्वस्य ग्रहः 'अस्मद्गुरुभिरिदमित्थमेवोपदिष्टम्' इति कदाग्रहः, तथा, उत्सूत्रस्यागमविरुद्धस्य न भयम्-उच्छृङ्खलतयोत्सूत्रजल्पनमिति, तथा, कुगुरूनपि तत्पक्षपाततया करोति सुगुरून् 'यः' इति गम्यम्; स शास्त्रज्ञतामात्रेण विद्वानपि परमार्थतः पापपूर्णाः 'भवन्ति' इति शेषः ॥ ४४ ॥

**ભાવાર્થ :** જેનું ધર્મકરણ મુક્તિ માટે નહિ પણ લાભ-પૂજા-ખ્યાતિને માટે છે, તથા 'અમારા ગુરુએ આ આ જ રીતે કહેલું છે' એમ અતત્ત્વનો આગ્રહ હોય. અને આગમવિરુદ્ધ ઉત્સૂત્ર બોલવામાં ભય નથી, કુગુરુઓને પણ તેમનો પક્ષપાત હોવાથી સુગુરુ તરીકે કહેવડાવે, તે શાસ્ત્રનો જ્ઞાતામાત્ર હોવાથી વિદ્વાન હોવા છતાં પણ પરમાર્થથી પાપથી ભરેલો છે. પાપપૂર્ણ થાય છે.

**किच्चंपि धम्मकिच्चं पूयापमुहं जिणिंदआणाए ।**
**भूयमणुग्गहरहियं आणाभंगाउ दुहदाइं ॥ ४५ ॥**

[ कृत्यमपि धर्मकृत्यं पूजाप्रमुखं जिनेन्द्राज्ञया ।
भूतानुग्रहरहितमाज्ञाभङ्गाद् दुःखदायि ॥ ]

**ગાથાર્થ :** પૂજા વગેરે ધર્મકૃત્ય પણ જિનેન્દ્રની આજ્ઞાપૂર્વક જ કરવું જોઈએ. જીવોની અનુકંપાથી રહિત તે ધર્મકૃત્ય આજ્ઞાનો ભંગ થવાથી દુઃખ આપનાર બને છે.

कृत्यं करणीयमप्यग्रे योजयिष्यते। किं तत्। धर्मकृत्यं पूजाप्रमुखं, आदिना देववन्दन-प्रतिक्रमण-जिनभवनविधापनादिग्रहः । कया । जिनेन्द्राज्ञयैव । 'यथा सुखदं स्यात्' इति शेषः । तद्विषयाज्ञा च यथा;—

**"[१]काले सुइभूएणं विसुद्धपुप्फाइएहिं विहिणा उ ।**
**सारथुइथुत्तगुरुई जिणपूया होइ कायव्वा ॥"**

तदेव पूजाप्रमुखं भूतानुग्रहरहितं, मोऽलाक्षणिकः, जीवानुकम्पोज्झितमाज्ञाभङ्गाद् दुःखदायि। अयं भावः—यतीनां हि द्रव्यपूजाया नाधिकारः; ये च द्रव्यपूजाधिकारिणास्ते स्वत एव कायवधप्रवृत्ताः सन्ति । ततस्तदर्थं सापेक्षाः सानुकम्पाः "[२]भूमिपेहणाजलछाणाणाइजयणाओ होई न्हाणाइं" इत्यादियतनया प्रतिमाङ्गलग्नकुन्थ्वादि निरीक्ष्य तदपसारणादिरूपया च द्रव्यतः कमपि कायवधं कुर्वन्तोऽपि भावतो रागद्वेषरहितत्वाद् भूतानुग्रहवन्त एव ॥ ४५ ॥

**ભાવાર્થ :** પૂજાદિ - આદિથી દેવવંદન - પ્રતિક્રમણ - જિનભવનવિધાપન વગેરે ધર્મકૃત્ય પણ જિનેન્દ્રની આજ્ઞાપૂર્વક જ કરવું જોઈએ. જેમ કે જિનેન્દ્રની આજ્ઞા છે કે તે "काले सुइभूएणं ................ " તે પ્રમાણે પૂજા કરવી. "યથોચિત કાળે પવિત્ર થઈને વિશુદ્ધ પુષ્પાદિ વડે વિધિપૂર્વક સારભૂત સ્તુતિ અને સ્તોત્રોથી મહાન એવી

---

१. काले शुचिभूतेन विशुद्धपुष्पादिकैर्विधिना तु ।
सारस्तुतिस्तोत्रगुर्वी जिनपूजा भवति कर्तव्या ॥ १ ॥

२. भूमिप्रेक्षणजलगालनादियतनातो भवति स्नानादि ।

જિનપૂજા કરવા યોગ્ય બને છે." તે જ પૂજા વગેરે કર્તવ્ય જીવોની અનુકમ્પાથી રહિતપણે કરે તો આજ્ઞાનો ભંગ થવાથી દુઃખદાયી થાય છે. જે દ્રવ્યપૂજાના અધિકારી ગૃહસ્થો છે. તે સ્વયં કાયવધમાં પ્રવૃત્ત છે. તેથી તેને માટે તે અનુકંપા સાપેક્ષ છે. "ભૂમિપ્રેક્ષણ, પાણી ગળવું, ઈત્યાદિ યતનાથી સ્નાનાદિ કરવું. અને એ રીતે યતનાપૂર્વક પ્રતિમાના અંગ ઉપર લાગેલા કુંથુવાદિને બારિકાઈથી જોઈને તેને દૂર કરવાપૂર્વક દ્રવ્યથી કાંઈક કાયવધને કરતાં પણ ભાવથી રાગદ્વેષરહિત હોવાથી જીવોની અનુકંપાવાળા જ છે."

**कट्ठं करंति अप्पं दमंति दव्वं चयंति धम्मत्थी ।**
**इक्कं न चयइ उस्सुत्तविलसवं जेण बुड्डुंति ॥ ४६ ॥**

[ कष्टं कुर्वन्त्यात्मानं दमयन्ति द्रव्यं त्यजन्ति धर्मार्थिनः ।
एकं न त्यजन्त्युत्सूत्रविषलवं येन ब्रुडन्ति ॥ ]

**ગાથાર્થ :** ધર્માર્થિઓ કષ્ટ કરે છે, આત્માનું દમન કરે છે, દ્રવ્યને તજે છે. એકમાત્ર ઉત્સૂત્રરૂપી વિષલવને તજતા નથી જેથી ડૂબે છે.

कष्टं लोचभूशयनानुपानत्कत्वतपःप्रमुखं कुर्वन्ति, आत्मानं दमयन्ति, द्रव्यं त्यजन्ति धर्मार्थिनः । परमेकं न त्यजन्त्यज्ञानादुत्सूत्रविषलवं येन ब्रुडन्ति भवाब्धौ ॥ ४६ ॥

**ભાવાર્થ :** ધર્મનાં અર્થીઓ લોચ, ભૂમિશયન, ખુલ્લાં પગે ચાલવું, તપ કરવો વગેરે કષ્ટ કરે છે, આત્માનું દમન કરે છે. દ્રવ્યનો ત્યાગ કરે છે પણ એકમાત્ર ઉત્સૂત્રવિષના લેશને અજ્ઞાનતાથી છોડતા નથી. જે કારણે ભવસાગરમાં ડૂબે છે.

**सुद्धविहिधम्मरागो वड्ढइ सुद्धाण संगमे सुयणा ! ।**
**सोवि य असद्धसंगे निउणाणवि गलइ अणुदियहं ॥ ४७ ॥**

[ शुद्धविधिधर्मरागो वर्धते शुद्धानां संगमे सुजनाः ! ।
सोऽपि चाशुद्धसङ्गे निपुणानामपि गलत्यनुदिवसम् ॥ ]

**ગાથાર્થ :** હે સુજનો ! શુદ્ધાત્માઓના સંગમાં શુદ્ધવિધિવાળા ધર્મનો રાગ વધે છે અને અશુદ્ધાત્માઓના સંગમાં નિપુણ લોકોનો પણ તે રાગ પ્રતિદિન ઘટે છે.

शुद्धो विधिः करणप्रकारः स चासौ धर्मश्च तत्र रागो वर्धते शुद्धानां निर्मलाचारवतां संगमे भोः सुजनाः ! । स एव च धर्मरागोऽशुद्धानां पार्श्वस्थादीनां सङ्गे विधिज्ञानामपि गलत्यनुदिनम् ॥ ४७ ॥

**ભાવાર્થ :** નિર્મળ આચારવાળા શુદ્ધ જીવોના સંગમાં હે સુજનો ! શુદ્ધ-વિધિવાળા ધર્મનો રાગ વધે છે અને તે જ ધર્મરાગ પાર્શ્વસ્થાદિ અશુદ્ધોનાં સંગમાં વિધિના જ્ઞાતાઓનો પણ પ્રતિદિન ગળે છે.

**जो सेवइ सुद्धगुरू असुद्धलोयाण सो महासत्तू ।**
**तम्हा ताण सयासे बलरहिओ मा वसिज्जासु ॥ ४८ ॥**

[ यः सेवते शुद्धगुरूनशुद्धलोकानां स महाशत्रुः ।
तस्मात्तेषां सकाशे बलरहितो मा वात्सीः ॥ ]

**ગાથાર્થ :** જે શુદ્ધ ગુરુઓને સેવે છે તે અશુદ્ધલોકોનો મહાશત્રુ છે. તેથી તેઓની પાસે બળરહિત તું ન રહીશ.

शुद्धगुरून्, अशुद्धलोकानां मिथ्यात्विनामर्थाल्लिङ्गिनां स महाशत्रुरिव । तस्मात् तेषां सकाशे स्वजनबलादिरहितो मा वसेः । ते ह्यबलं ते परिभवेयुरिति ॥ ४८ ॥

**ભાવાર્થ :** જે ભવ્યજીવ શુદ્ધગુરુઓને સેવે છે તે મિથ્યાત્વી અર્થાત્ માત્ર વેષધારી અશુદ્ધલોકોનો મહાશત્રુ છે. તેથી તેઓની પાસે સ્વજનબલાદિથી રહિત તું ન રહે. તેઓ નિર્બળ એવા તેનો પરાભવ કરે છે.

**समयविऊ असमत्था सुसमत्था जत्थ जिणमए अविऊ ।**
**तत्थ न वड्ढइ धम्मो पराभवं लहइ गुणरागी ॥ ४९ ॥**

[ समयविदोऽसमर्थाः सुसमर्था यत्र जिनमतेऽविदः ।
तत्र न वर्धते धर्मः पराभवं लभते गुणरागी ॥ ]

**ગાથાર્થ :** જ્યાં શાસ્ત્રના જ્ઞાતા હોય તે અસમર્થ હોય, અને જે સુસમર્થ હોય તે જિનમતના જ્ઞાતા ન હોય તે ક્ષેત્રમાં ધર્મ વધતો નથી. પરંતુ ગુણાનુરાગી આત્મા પણ પરાભવ પામે છે.

समयविदोऽसमर्थाः क्वचित् क्षेत्रकालादिमहिम्ना, सुसमर्था यत्र जिनमतस्याविदोऽज्ञाः । तत्र क्षेत्रादौ न वर्धते धर्मः किन्तु पराभवं लभते गुणरागी 'तिष्ठन्' इति शेषः ॥ ४९ ॥

**ભાવાર્થ :** ક્યાંક ક્ષેત્રકાલાદિના પ્રભાવથી આગમના જ્ઞાતા, અસમર્થ હોય, તથા જ્યાં સુસમર્થ હોય તે જિનમતના જ્ઞાતા ન હોય, તે ક્ષેત્રાદિમાં ધર્મ તો વૃદ્ધિ પામતો નથી, પરંતુ ત્યાં રહેતો ગુણનો રાગી આત્માય પરાભવ પામે છે.

**जं न करइ अइभावं अमग्गसेवी समत्थओ धम्मे ।**
**ता लट्ठं, अह कुज्जा ता पीडइ सुद्धधम्मत्थी ॥ ५० ॥**

[ यत्र करोत्यतिभावममार्गसेवी समर्थको धर्मे ।
तल्लष्टं, अथ कुर्यात्तदा पीडयति शुद्धधर्मार्थिनः ॥ ]

**ગાથાર્થ :** અમાર્ગને સેવનારો સમર્થક સાધુ ધર્મમાં અતિભાવને કરતો નથી તે સારું છે. જો કરે તો શુદ્ધધર્મનાં અર્થીઓને પીડે.

यद् न करोत्यतिभावमतिश्रद्धामुन्मार्गप्ररूपकः । किं० । समर्थको धर्मे । तल्लष्टम्, अयोग्यत्वात्तस्य । अथ कुर्यात्, तर्हि पीडयति शुद्ध धर्मार्थिनः ॥ ५० ॥

**ભાવાર્થ :** ઉન્માર્ગની પ્રરૂપણા કરનારો સમર્થ સાધુ જે ધર્મમાં અતિશ્રદ્ધા કરતો નથી તે પુષ્ટ છે. કેમકે તે અયોગ્ય છે. જો કરે, તો શુદ્ધ ધર્મના અર્થીઓને પીડે.

**जइ सव्वसावयाणं एगच्चं जं तु मिच्छवायम्मि ।**
**धम्मत्थियाण सुंदर ! ता कह णु पराभवं कुज्जा ? ॥ ५१ ॥**

[ यदि सर्वश्रावकाणामेकत्वं यत्तु मिथ्यावादे ।
धर्मार्थिनां सुन्दर ! तदा कथं नु पराभवं कुर्यात् ? ॥ ]

**ગાથાર્થ :** મિથ્યાવાદમાં સર્વશ્રાવકોનું એકત્વ જે થાય છે તેવું જો ધર્માર્થીઓને ધર્મવાદમાં એકત્વ થાય તો હે સુંદર ! કઈ રીતે તેનો કોઈ પરાભવ કરે ?

'यदि' अग्रे योजयिष्यते, सर्वश्राद्धानामेकत्वमेकीभावो यत्तु यत्पुनर्मिथ्यावादः 'अत्र चैत्ये वयमेव स्तोत्रारत्रिकाद्यधिकारिणः, अस्मासु सत्सु कथमभूतपूर्वः सुविहितप्रवेशोत्सवः' इत्यादिरूपो वर्तते, तदेकत्वं यदि धर्मार्थिनां धर्मविवादे भवति, भोः सुन्दर ! 'ता' तर्हि कथं केन प्रकारेण 'नु' वितर्के पराभवं धर्मार्थिनां मिथ्यात्वलोकः कुर्यात् ? ॥ ५१ ॥

**ભાવાર્થ :** 'આ ચૈત્યમાં અમે જ સ્તોત્ર આરતી આદિ કરવાના અધિકારી છીએ. અમે હોતે છતે અભૂતપૂર્વ એવો સુવિહિતોના પ્રવેશનો ઉત્સવ કઈ રીતે હોઈ શકે ? ઈત્યાદિ મિથ્યાવાદમાં સર્વશ્રાવકોનો જે એકીભાવ વર્તે છે. તે એકત્વ જો ધર્મનાં અર્થીઓને ધર્મના વિવાદમાં થાય તો હે સુંદર ! ધર્માર્થીઓનો પરાભવ મિથ્યાત્વીલોક કઈ રીતે કરી શકે ??

**तं जयइ पुरिसरयणं सुगुणड्ढं हेमगिरिवरमहग्घं ।**
**जस्सासयम्मि सेवइ सुविहिरओ सुद्धजिणधम्मं ॥ ५२ ॥**

[ तज्जयति पुरुषरत्नं सुगुणाढ्यं हेमगिरिवरमहार्घम् ।
यस्याश्रये सेवते सुविधिरतः शुद्धजिनधर्मम् ॥ ]

**ગાથાર્થ :** સદ્ગુણોથી આઢ્ય અને મેરૂપર્વતની જેમ મહામૂલ્યવાન તે પુરુષરત્ન જય પામે છે કે જેના આશ્રયમાં સમ્યક્‌વિધિમાં રત બનેલો આત્મા શુદ્ધ જિનધર્મને સેવે છે.

जयति पुरुषरत्नमौदार्यधैर्यादिसुगुणाढ्यम्, अत एव मेरुवन्महामूल्यम् । यस्याधारे सेवते सुविधिरतो विधिना धर्मकरणनिष्ठो जनः शुद्धजिनधर्मम ॥ ५२ ॥

**ભાવાર્થ :** ઔદાર્ય ધૈર્યાદિગુણોથી ભરેલું અને તેથી જ મેરૂની જેમ મહામૂલ્ય એવું તે પુરુષરત્ન જય પામે છે કે જેના આશ્રયમાં રહેલ વિધિપૂર્વક ધર્મ કરવાની નિષ્ઠાવાળા આત્માઓ શુદ્ધજિનધર્મને સેવે છે.

**सुरतरुचिंतामणिणो अग्घं न लहंति तस्स पुरिसस्स ।**
**जो सुविहिरयजणाणं धम्माधारं सदा देइ ॥ ५३ ॥**

[ सुरतरुचिन्तामणयोऽर्घं न लभन्ते तस्य पुरुषस्य ।
यः सुविधिरतजनेभ्यो धर्माधारं सदा ददाति ॥ ]

**ગાથાર્થ :** જે સારા વિધિમાં રત લોકોને હંમેશા ધર્માધાર આપે છે તે પુરુષની તુલના, કલ્પવૃક્ષ, ચિંતામણિ રત્ન પણ કરી શકે નહિ.

सुरतरुचिन्तामणयोऽर्घं मूल्यं साम्यमित्यर्थः, न प्राप्नुवन्ति तस्य पुरुषस्य, यः सुविधिरतजनानामिष्टसंपादनोपद्रववारणादिना धर्माधारं सदा ददाति ॥ ५३ ॥

**ભાવાર્થ :** જે સુવિધિમાં રક્ત જીવોને, ઈષ્ટ પ્રાપ્ત કરાવવારૂપ, ઉપદ્રવ દૂર કરવારૂપ ધર્મનો આધાર હંમેશા આપે છે તે પુરુષનું મૂલ્ય કલ્પવૃક્ષ અને ચિંતામણિ રત્ન કરતાંય અધિક છે.

**लज्जंति जाणिमो हं सप्पुरिसा निययनामगहणेण ।**
**पुण तेसिं कित्तणाओ अम्हाणं गलंति कम्माइं ॥ ५४ ॥**

[ लज्जन्ते जानाम्यहं सत्पुरुषा निजनामग्रहणेन ।
पुनस्तेषां कीर्तनादस्माकं गलन्ति कर्माणि ॥ ]

**ગાથાર્થ :** હું જાણું છું કે સત્પુરુષો પોતાના નામગ્રહણમાં લજ્જા પામે છે વળી તેઓના કીર્તનથી અમારાં કર્મો ગળી જાય છે.

लज्जन्ते, जानाम्यहम्, सत्पुरुषाः स्वनामग्रहणे, पुनरग्रे योजयिष्यते, तेषां गुणकीर्त्तनात् पुनरस्माकं गलन्ति कर्माणि ॥ ५४ ॥

**ભાવાર્થ :** ઉપર મુજબ.

**आणारहियं कोहाइसंजुयं अप्पसंसणत्थं च ।**
**धम्मं सेवंताणं नय कित्ती नेय धम्मं च ॥ ५५ ॥**

[ आज्ञारहितं क्रोधादिसंयुतमात्मशंसनार्थं च ।
धर्मे सेवमानानां न च कीर्त्तिर्नैव धर्मश्च ॥ ]

**ગાથાર્થ :** આજ્ઞારહિતપણે, ક્રોધાદિથી યુક્ત આત્માની પ્રશંસા માટે ધર્મને સેવનારાઓની કીર્તિ થતી નથી અને ધર્મ થતો નથી.

आज्ञारहितं स्वबुद्धिकल्पितं क्रोधादिसंयुतमात्मप्रशंसार्थं च धर्मे सेवमानानां न कीर्त्तिः श्लाघा, न च धर्मो भवति ॥ ५५ ॥

**ભાવાર્થ :** આજ્ઞારહિતપણે, સ્વબુદ્ધિની કલ્પનાથી, ક્રોધાદિપૂર્વક અને આત્મપ્રશંસાને માટે ધર્મને સેવનારાઓની પ્રશંસા તો થતી નથી ને ધર્મ પણ થતો નથી.

**इयरजणसंसणाए हिट्ठा उस्सुत्तभासणे न भयं ।**
**ही ही ! ताण नराणं दुहाइं जइ मुणइ जिणनाहो ॥ ५६ ॥**

[ इतरजनशंसनया हृष्टा उत्सूत्रभाषणे न भयम् ।
ही ही ! तेषां नराणां दुःखानि यदि जानाति जिननाथः ॥ ]

**ગાથાર્થ :** ઈતરલોકોની પ્રશંસા વડે જે હર્ષ પામેલા છે ઉત્સૂત્રભાષણમાં જેને ભય નથી તે મનુષ્યોના દુઃખોને જો જાણે તો તે જિનનાથ જ જાણે છે.

धर्मबाह्यजनशंसनया हृष्टा ये, उत्सूत्रभाषिते च न भयं येषाम्, ही ही तेषां नराणां दुःखानि यदि जानाति तर्हि जिननाथ एव ॥ ५६ ॥

**ભાવાર્થ :** ઉપર મુજબ

**उस्सुत्तभासगाणं बोहीनासो अणंतसंसारो ।**
**पाणच्चएवि धीरा उस्सुत्तं ताण भासंति ॥ ५७ ॥**

[ उत्सूत्रभाषकाणां बोधिनाशोऽनन्तसंसारः ।
प्राणत्ययेऽपि धीरा उत्सूत्रं तस्मान्न भाषन्ते ॥ ]

**ગાથાર્થ :** ઉત્સૂત્ર બોલનારાઓને બોધિનો નાશ અને અનન્ત સંસારની પ્રાપ્તિ થાય છે તેથી ધીરપુરુષો પ્રાણના ભોગે પણ ઉત્સૂત્ર બોલતા નથી.

उत्सूत्रभाषकानां (? णां) बोधिनाशः प्रेत्य जिनधर्माप्राप्तिः, अनन्तसंसारश्च । तस्मात् प्राणत्ययेऽपि धीरा उत्सूत्रं न भाषन्ते, कालिकाचार्यवत् ॥ ५७ ॥

**ભાવાર્થ :** ઉત્સૂત્ર બોલનારાઓને બોધિનો નાશ અને અનન્ત સંસારની પ્રાપ્તિ થાય છે તેથી ધીરપુરુષો પ્રાણના ભોગે પણ ઉત્સૂત્ર બોલતા નથી. કાલિકાચાર્યની જેમ.

**मुद्धाण रंजणत्थं अविहिपसंसं कयावि न करिज्जा ।**
**किं कुलवहुणो कत्थवि थुणंति वेसाण चरियाइं ? ॥ ५८ ॥**

[ मुग्धानां रञ्जनार्थमविधिप्रशंसां कदापि न कुर्यात् ।
किं कुलवध्वः क्वापि स्तुवन्ति वेश्यानां चरितानि ? ॥ ]

**ગાથાર્થ :** મુગ્ધ જીવોને ખુશ કરવા માટે અવિધિની પ્રશંસા ક્યારેય કરવી જોઈએ નહિ. શું કુલવધૂઓ ક્યાંય પણ વેશ્યાના ચરિતોને સ્તવે છે ?

मुग्धानां रञ्जनार्थे प्रीतयेऽविधिप्रशंसां कदापि न कुर्यात् । किं कुलवध्वः कुत्रापि देशकालादौ स्तुवन्ति वेश्याचरितानि ?, अपि तु न, तत्स्तुतौ तासां सकलङ्कत्वप्रसङ्गात् ॥ ५८ ॥

**ભાવાર્થ :** મુગ્ધ ભોળા જીવોની પ્રીતિને માટે અવિધિની પ્રશંસા ક્યારેય ન કરવી. શું કુલવાન સ્ત્રીઓ કોઈ પણ દેશમાં કે કાળે વેશ્યાના ચરિત્રની સ્તુતિ કરે ? ન જ કરે. જો કરે તો પોતે કલંકિત ગણાય.

**जिणआणाभंगभयं भवसयभीयाण होइ जीवाणं ।**
**भवसयअभीरुयाणं जिणआणाभंजणं कीडा ॥ ५९ ॥**

[ जिनाज्ञाभङ्गभयं भवशतभीतानां भवति जीवानाम् ।
भवशताभीरुकाणां जिनाज्ञाभञ्जनं क्रीडा ॥ ]

**ગાથાર્થ :** સેંકડો ભવોથી ભય પામેલા જીવોને જિનાજ્ઞાના ભંગનો ભય થાય. સેંકડો ભવોથી ભય નહિ પામેલા જીવોને જિનાજ્ઞાભંગ રમત જેવું છે.

अर्हदाज्ञाभङ्गभयं भवशतभीतानां जायते जीवानाम् । भवशताभीरूणां जिनाज्ञाभञ्जनं क्रीडेव, यथा मल्लादीनां मुष्टिप्रहाररूपं दुःखमपि क्रीडा भवति ॥ ५९ ॥

**ભાવાર્થ :** અનેક ભવોથી ગભરાયેલા જીવોને જિનેશ્વરની આજ્ઞાનો ભંગ કરવામાં ભય લાગે છે. અનેક ભવોનો ભય જેને લાગ્યો નથી તે જીવોને તો જિનાજ્ઞાનો ભંગ કરવો તે રમતમાત્ર રૂપ છે. જેમ મલ્લ વગેરેને મુષ્ટિપ્રહારરૂપ દુઃખ પણ ક્રીડારૂપ બને છે તેમ.

**को असुयाणं दोसो जं सुयसहियाण चेयणा नट्ठा ।**
**धिद्धी ! कम्माण जओ जिणोवि लद्धो अलद्धुत्ति ॥ ६० ॥**

[ कोऽश्रुतानां दोषो यत् श्रुतसहितानां चेतना नष्टा ।
धिग् धिक् ! कर्माणि यतो जिनोऽपि लब्धोऽलब्ध इति ॥ ]

**ગાથાર્થ :** જો શ્રુતસહિત જીવોની ચેતના પણ નષ્ટ થઈ ગઈ છે તો અશ્રુતોનો તો કયો દોષ ? કર્મોને ધિક્કાર થાઓ કે જેથી પ્રાપ્ત થયેલ પણ જિન, અપ્રાપ્ત જેવા થાય છે.

कोऽश्रुतानां दोषो दूषणम् ? यत् सुश्रुतानामपि चेतना बुद्धिर्नष्टा । धिग् धिक् 'कर्मणाम्' इति द्वितीयार्थे षष्ठी, तेन कर्माणि । यतः कर्ममाहात्म्याज्जमाल्यादीनामिवोत्सूत्रोक्तेर्जिनोऽर्हल्लँ-ब्धोऽप्यलब्ध इव ॥ ६० ॥

**ભાવાર્થ :** જો સુશ્રુત - બહુજ્ઞાનવાળા પણ લોકોની બુદ્ધિ નાશ પામી ગઈ છે તો અશ્રુતોનો તો શો દોષ ? કર્મોને ધિક્કાર થાઓ કે જે કર્મનાં માહાત્મ્યથી જમાલી વગેરેને ઉત્સૂત્રવચનનું ઉચ્ચારણ થવાથી જાણે પ્રાપ્ત થયેલા એવા પણ અરિહંત અપ્રાપ્ત જેમ બને.

**इयराणवि उवहासं तमजुत्तं भाय ! कुलपसूयाणं ।**
**एस पुण कावि अग्गी जं हासं सुद्ध धम्मम्मि ॥ ६१ ॥**

[ इतरेषामप्युपहासस्तदयुक्तं भ्रातः ! कुलप्रसूतानाम् ।
एष पुनः कोऽप्यग्निर्यद् हास्यं शुद्धधर्मे ॥ ]

**गाथार्थ :** કુલવાનોને બીજાઓનો ઉપહાસ કરવો તે પણ ભાઈ ! અયુક્ત છે. આ વળી કોઈ અગ્નિ છે જે શુદ્ધધર્મમાં પણ ઉદ્ધત વચન બોલવારૂપ હાસ્ય છે.

इतरेषामपि हास्यार्हाणामुपहासं (? सः) क्रियते, तदयुक्त भ्रातः ! कुलजानाम् । एष पुनः कोऽप्यग्निरिव, स्त्रीत्वं प्राकृतत्वात्, यद् हास्यं शुद्धधर्मेऽप्युल्लण्ठोक्तिभणनम् ॥ ६१ ॥

**भावार्थ :** ઉપર મુજબ.

**दोसो जिणिंदवयणे संतोसो जाण मिच्छपावम्मि ।**
**ताणंपि सुद्धहियया परमहियं दाउमिच्छंति ॥ ६२ ॥**

[ द्वेषो जिनेन्द्रवचने संतोषो येषां मिथ्यात्वपापे ।
तेषामपि शुद्धहृदयाः परमहितं दातुमिच्छन्ति ॥ ]

**गाथार्थ :** જેઓને જિનેન્દ્રના વચન ઉપર દ્વેષ છે, મિથ્યાત્વના પાપમાં સંતોષ છે. તેઓને પણ, શુદ્ધહૃદયવાળા આત્માઓ પરમહિતને આપવા ઇચ્છે છે.

द्वेषोऽर्हदुक्ते वचने, संतोषस्तुष्टिर्येषां मिथ्यात्वपापे, तत्कारिषु प्रीतिकरणात्; तेषामपि शुद्धहृदयाः परमहितं ज्ञानादिरूपं मुक्तिमार्गे दर्शयितुं दातुं वेच्छन्ति ॥ ६२ ॥

**भावार्थ :** અરિહંતના વચનો પર જેને દ્વેષ છે. મિથ્યાત્વ સંબંધી પાપોમાં જેઓને સંતોષ છે તે કરનારાઓને વિષે જેને પ્રીતિ થાય છે તેઓને પણ શુદ્ધહૃદયવાળા મહાત્માઓ જ્ઞાનાદિરૂપ પરમહિતકર મોક્ષમાર્ગ બતાવવા અથવા આપવા ઇચ્છે છે.

**अहवा सरलसहावा सुयणा सव्वत्थ हुंति अवियप्पा ।**
**छड्डुंतविसभराणवि कुणंति करुणं दुजीहाणं ॥ ६३ ॥**

[ अथवा सरलस्वभावाः सुजनाः सर्वत्र भवन्त्यविकल्पाः ।
मुञ्चद्विषभरेष्वपि कुर्वन्ति करुणां द्विजिह्वेषु ॥ ]

**गाथार्थ :** અથવા તો સરલ સ્વભાવવાળા સુજનો સર્વત્ર અવિકલ્પવાળા હોય છે. તેઓ વિષના સમૂહને છોડનારાં સર્પો ઉપર પણ કરુણા કરે છે.

अथवा, सरलस्वभावाः सन्तः सर्वत्र भवन्त्यविकल्पास्तुल्यमतयः शत्रौ मित्रे च हितकरणे । अत एव च्छर्दद्विषभराणामुद्गिरद्गरलभाराणामपि कुर्वन्ति करुणां द्विजिह्वानां सर्पाणामसतां चोपरि ॥ ६३ ॥

**ભાવાર્થ :** અથવા, સરળ સ્વભાવવાળા સંતો સર્વસ્થાને તુલ્યમતિવાળા વિકલ્પ વગરના હોય છે. શત્રુ કે મિત્રના હિતકરણમાં તુલ્યબુદ્ધિવાળા હોય છે. આથી જ ઓકતા વિષભારવાળા પણ સર્પો ઉપર અને દુર્જનો ઉપર કરુણા કરે છે.

**गिहवावारविमुक्के बहुमुणिलोएवि नत्थि सम्मत्तं ।**
**आलंबणनिलयाणं सड्ढाणं भाय ! किं भणिमो ? ॥ ६४ ॥**

[ गृहव्यापारविमुक्ते बहुमुनिलोकेऽपि नास्ति सम्यक्त्वम् ।
आलम्बननिलयानां श्राद्धानां भ्रातः ! किं भणामः ? ॥ ]

**ગાથાર્થ :** ગૃહવ્યાપારથી મુકાયેલા એવા પણ બહુમુનિલોકમાં સમ્યકત્વ નથી. તો ભાઈ ! આલંબનના ઘર એવા શ્રાવકોનું તો શું કહીએ ??

गृहव्यापारेण कृषिवाणिज्यादिना विमुक्ते बहुमुनिलोके, आस्ता-मन्यत्र, नास्ति सम्यक्त्वं तत्त्वश्रद्धानम्, स्वस्वमतस्थापकेषु गुणिगणदूषकेषु सूत्रोत्तीर्णि (?) भाषकेषु सम्यक्त्वाभावात् । तर्हि आलम्बन-निलयानां श्राद्धानां भ्रातः ! सम्यक्त्वनास्तित्वे किं भणामः, पुत्रकलत्रादिरक्षायै भूतप्रेतच्छलादौ मिथ्यात्वकरणात् तेषां केषाञ्चित् ॥ ६४ ॥

**ભાવાર્થ :** ખેતી, વેપાર આદિથી મુકાયેલા મુનિલોકમાં પણ તત્ત્વની શ્રદ્ધારૂપ સમ્યક્ત્વ નથી. કેમ કે પોતપોતાના મતના સ્થાપકોમાં, ગુણિજનોના ગુણને દૂષિત કરનારાઓમાં, સૂત્રનું ઉલ્લંઘન કરીને બોલનારાઓમાં સમ્યક્ત્વનો અભાવ હોય છે. તો આલંબનના આવાસરૂપ શ્રાવકોને પુત્રકલત્રાદિની રક્ષા માટે, ભૂતપ્રેતાદિમાં મિથ્યાત્વનું કરણ હોવાથી સમ્યકત્વના અભાવ વિષે શું કહીએ ?

**न सयं न परं को वा, जइ जिय ! उस्सुत्तभासणं विहियं ।**
**ता बुड्डसि निब्भंतं निरत्थयं तवफडाडोवं ॥ ६५ ॥**

[ न स्वयं न परं को वा, यदि जीव ! उत्सूत्रभाषणं विहितम् ।
तदा ब्रुडसि निर्भ्रान्तं निरर्थकस्तपः फटाटोपः ॥ ]

**ગાથાર્થ :** સ્વયં ઉત્સૂત્ર ન કહેવું, બીજાને નામે ઉત્સૂત્ર ન કહેવું, અથવા તો કોણ જાણે છે જિનવચનને ? ઇત્યાદિ ન બોલવું. હે જીવ ! જો ઉત્સૂત્ર ભાષણ કર્યું તો નિશ્ચિતપણે ડૂબી જઈશ. અને તપ પણ નિરર્થક થશે.

न स्वयमिति स्वबुद्धया प्रकल्प्योत्सूत्रं वाच्यम् । तथा; परं गुर्वादिकमपेक्ष्य 'मद्गुरुणेदमित्थमेवोपदिष्टम्' इति कृत्वोत्सूत्रं न वाच्यम् । तथा, को वक्ति को जानाति गहनमिदम्, केऽप्यन्यथा वदन्ति, तदन्ये चान्यथा, ततोऽसंबद्धं जिनवचनमित्यादि वोत्सूत्रं न वाच्यम्, नस्यात्रापि संबन्धात् । यदि जीव ! उत्सूत्रभाषणं विहितं 'ता' तर्हि ब्रुडसि निर्भ्रान्तम् । निरर्थकं च तप एव स्फटाटोपमिव फणामण्डलमिव तं करोषि ॥ ६५ ॥

**ભાવાર્થ :** સ્વબુદ્ધિથી કલ્પના કરીને ઉત્સૂત્ર ન કહેવું તથા ગુર્વાદિના નામે 'મારા ગુરુએ આ, આમ જ કહ્યું છે' એમ કરીને ઉત્સૂત્ર ન બોલવું તથા "કોણ કહે છે ? આ ગહન વસ્તુને કોણ જાણે છે ? કેટલાક આમ બોલે છે, તો વળી બીજા બીજી રીતે કહે છે તેથી જિનવચન સંબંધ વિનાનાં છે." ઇત્યાદિ ઉત્સૂત્ર ન બોલવું. હે જીવ ! જો ઉત્સૂત્રભાષણ કર્યું તો ભ્રાન્તિ વિના નિઃશંકપણે ડૂબીશ. અને તારા તપનો આડંબર નિરર્થક થશે.

**जह जह जिणिंदवयणं सम्मं परिणमइ सुद्धहिययाणं ।**
**तह तह लोयपवाहे धम्मं पडिहाइ नडचरियं ॥ ६६ ॥**

[ यथा यथा जिनेन्द्रवचनं सम्यक् परिणमति शुद्धहृदयानाम् ।
तथा तथा लोकप्रवाहे धर्मः प्रतिभाति नटचरितम् ॥ ]

**ગાથાર્થ :** જેમ જેમ શુદ્ધહૃદયવાળાઓને જિનેન્દ્રનું વચન સમ્યક્ પરિણામ પામે છે તેમ તેમ લોકપ્રવાહમાં થતો ધર્મ તેઓને નટચરિત જેવો લાગે છે.

यथा यथाऽर्हद्वचः सम्यक् परिणमति चित्तेऽवतिष्ठति (? ते) शुद्धहृदयानाम्, तथा तथा लोकप्रवाहे यं धर्ममविधिरूपं कुर्वन्ति स धर्मस्तेषां नटचरितमिव प्रतिभाति, तेषां सम्यग्दृष्टीनां ज्ञाततत्त्वानाम् । कथम् । यदेतत् सर्वे धर्माडम्बरं लोकरञ्जनमात्रं न पुनः कर्मनिर्जराकरमिति भावार्थः ? ॥ ६६ ॥

**ભાવાર્થ :** શુદ્ધહૃદયવાળા આત્માઓને જેમ જેમ અરિહંતનું વચન સારી રીતે ચિત્તમાં પરિણામ પામે છે તેમ તેમ તે જ્ઞાતતત્ત્વવાળા સમ્યગ્દષ્ટિઓને, લોકનાં પ્રવાહમાં જે અવિધિરૂપ ધર્મ કરે છે તે ધર્મ નટના આચરણ જેવું લાગે છે. જેમ નટનું આચરણ માત્ર લોકોના મનોરંજનને માટે હોય છે તેમ લોકપ્રવાહમાં થતો ધર્મનો આડમ્બર પણ માત્ર લોકરંજન માટે છે. કર્મની નિર્જરા કરાવનાર નથી.

**जाण जिणिंदो निवसइ सम्मं हिययम्मि सुद्धनाणेण ।**
**ताण तिणंव विरायइ स मिच्छधम्मो जणो सयलो ॥ ६७ ॥**

[ येषां जिनेन्द्रो निवसति सम्यग्धृदये शुद्धज्ञानेन ।
तेषां तृणमिव विराजति स मिथ्याधर्मो जनः सकलः ॥ ]

**ગાથાર્થ :** જેઓનાં હૃદયમાં શુદ્ધ જ્ઞાન વડે જિનેન્દ્ર સમ્યક્પણે નિવાસ કરે છે તેઓને આખો મિથ્યાધર્મી લોક તૃણ જેવો લાગે છે.

येषां हृदये जिनेन्द्रः सत्यतया ज्ञातधर्मरहस्यत्वेन निवसति सम्यक् स्वान्ते शद्धज्ञानात्, तेषां तृणमिव विराजते प्रतिभाति स मिथ्याधर्मो जनः सकलः ॥ ६७ ॥

જેઓનાં હૃદયમાં સાચા અર્થમાં ધર્મનાં રહસ્યનું જ્ઞાન હોવાથી સારી રીતે જિનેન્દ્ર નિવાસ કરે છે તેઓને મિથ્યાધર્મવાળો સઘળો લોક તૃણ જેવો તુચ્છ લાગે છે.

**लोयपवाहसमीरणउद्दंडपयंडचंडलहरीए ।**
**दढसम्मत्तमहाबलरहिया गरुयावि हल्लंति ॥ ६८ ॥**

[ लोकप्रवाहसमीरणोद्दण्डप्रचण्डचण्डलहर्या ।
दृढसम्यक्त्वमहाबलरहित गुरवोऽपि चलन्ति ॥ ]

**ગાથાર્થ :** લોકપ્રવાહરૂપી વાયુની પ્રચંડ, ગાઢ, રૌદ્ર લહેરથી, દઢસમ્યક્ત્વરૂપ મહાન બળથી રહિત ગુરુઓ પણ ચલાયમાન થાય છે.

लोकप्रवाहवायोरुद्दण्डा प्रचण्डा प्रौढा निबिडा चण्डा रौद्रा या लहरी वेगविशेषस्तया प्रेरिताश्चालिताः सन्तो दृढसम्यक्त्वमेव महद् बलं सामर्थ्यं तेन रहिता गुरवोऽपि ऋद्धिकुलाद्यपेक्षया महान्तोऽपि हल्लन्ति चलन्ति वृक्षा इव ॥ ६८ ॥

**ભાવાર્થ :** લોકપ્રવાહરૂપ વાયુના પ્રચંડ, પ્રૌઢ અને ભયંકર એવા વેગથી, દઢસમ્યક્ત્વરૂપી વિશિષ્ટ સામર્થ્યથી રહિત એવા ગુરુઓ પણ વૃક્ષની જેમ ચલાયમાન થઈ જાય છે.

**जिणमयलवहीलाए जं दुक्खं पाउणंति अन्नाणी ।**
**नाणीण तं सरित्ता भएण हिययं थरत्थरइ ॥ ६९ ॥**

[ जिनमतलवहेलया यद् दुःखं प्राप्नुवन्त्यज्ञानाः ।
ज्ञानिनां तत् स्मृत्वा भयेन हृदयं कम्पते ॥ ]

**ગાથાર્થ :** અજ્ઞાનીઓ લેશમાત્ર પણ જિનમતની અવહેલનાથી જે દુઃખ પ્રાપ્ત કરે છે તેને યાદ કરીને પણ જ્ઞાનીઓનું હૃદય ભયથીં ધ્રુજવા લાગે છે.

जिनमतलवहीलयार्हच्छासनावहेलया यद् दुःखं कष्टं प्राप्नुवन्त्यज्ञानिनः, ज्ञानिनां तद् दुःखं स्मृत्वा भयेन हृदयं थरथरायते कम्पत इत्यर्थः ॥ ६९ ॥

**ભાવાર્થ :** ઉપર મુજબ.

**रे जीव ! अन्नाणीणं मिच्छद्दिट्ठीण नियसि किं दोसे ? ।**
**अप्पावि किं न याणसि नज्जइ कट्ठेण सम्मत्तं ? ॥ ७० ॥**

[ रे जीव ! अज्ञानानां मिथ्यादृष्टीनां पश्यसि किं दोषान् ? ।
आत्मानमपि किं न जानाति ज्ञायते कष्टेन सम्यक्त्वम् ? ॥ ]

**ગાથાર્થ :** હે જીવ ! અજ્ઞાની એવા મિથ્યાદષ્ટિઓના દોષોને કેમ જુએ છે ? પોતાના આત્માને ય જાણતો કેમ નથી ? તને કષ્ટ વડે પણ સમ્યક્ત્વ જણાય છે ?

रे जीव ! अज्ञानिनां मिथ्यादृष्टीनां 'नयसि' इति पश्यसि किं दोषान्, आत्मानमेव किं न जानासि ? त्वयापि ज्ञायते कष्टेनोपदेशसहस्रदानरूपेण सम्यक्त्वं याथातथ्येनार्हच्छासनम् ॥ ७० ॥

**ભાવાર્થ :** હે જીવ ! અજ્ઞાની મિથ્યાદષ્ટિઓના દોષોને શું જુએ છે ? તારા આત્માને પણ કેમ જાણતો નથી ? શું તું પણ હજાર ઉપદેશ આપવારૂપ કષ્ટવડે પણ યથાતથ્યપણે (સંપૂર્ણપણે) અરિહંતના શાસનને જાણે છે ?

**मिच्छत्तमायरंतवि जे इह वंछंति सुद्धजिणधम्मं ।**
**ते घत्थावि जरेणं भुत्तुं इच्छंति खीराइं ॥ ७१ ॥**

[ मिथ्यात्वमाचरन्तोऽपि य इह वाञ्छन्ति शुद्धजिनधर्मम् ।
ते ग्रस्ता अपि ज्वरेण भोक्तुमिच्छन्ति क्षीरादि ॥ ]

**ગાથાર્થ :** જે લોકો મિથ્યાત્વને આચરતા પણ, શુદ્ધજિનધર્મને ઇચ્છે છે તેઓ જ્વરથી ગ્રસ્ત હોવા છતાં પણ ક્ષીરાદિ ખાવાને ઇચ્છે છે.

मिथ्यात्वं कुदेवपूजनकुगुरूपास्त्यविधिधर्मकरणरूपमाचरन्तोऽपि ये इह वाञ्छन्ति शुद्धजिनधर्मम्, ते ग्रस्ता अपि ज्वरेण, भोक्तुमिच्छन्तिक्षीरादि ॥ ७१ ॥

**ભાવાર્થ :** કુદેવનું પૂજન, કુગુરુની ઉપાસના, અવિધિપૂર્વક ધર્મકરણરૂપ મિથ્યાત્વને આચરતા એવા પણ જે લોકો અહીં શુદ્ધજિનધર્મને ઇચ્છે છે, તે તાવથી ઘેરાયેલા હોવા છતાં ખીર વગેરે ખાવા ઇચ્છે છે.

**जह केवि सुकुलवहुणो सीलं मइलंति लंति कुलनामं ।**
**मिच्छत्तमायरंतवि वहंति तह सुगुरुक्केरत्तं ॥ ७२ ॥**

[ यथा का अपि सुकुलवध्वः शीलं मलिनयन्ति लान्ति कुलनाम ।
मिथ्यात्वमाचरन्तोऽपि वहन्ति तथा सुगुरुसंबन्धित्वम् ॥ ]

**ગાથાર્થ :** જેમ કોઈક સુકુલની સ્ત્રીઓ શીલનું ખંડન કરે છે અને કુળનું નામ લે છે તેમ મિથ્યાત્વને આચરતા પણ લોકો સુગુરુના સંબંધીપણાને વહન કરે છે.

यथा काश्चित्, पुंस्त्वं प्राकृतत्वात्, कुलवध्वः शीलं गुप्ताङ्गादर्शनपरपुरुषासंभाषणादिकं मलिनयन्ति खण्डयन्ति, लान्ति च कुलनाम; एवं मिथ्यात्वमाचरन्तोऽपि वहन्ति तथा तेन दृष्टान्तेन सुगुरुसत्कत्वं 'वयममुकस्य सुगुरोः शिष्याः' इति ॥ ७२ ॥

**ભાવાર્થ :** જેમ કોઈક કુલવધૂઓ, ગુપ્તાંગ ન દેખાડવા, પરપુરુષની સાથે સંભાષણ ન કરવું ઇત્યાદિ શીલનું ખંડન કરે છે અને કુલનું નામ (રક્ષણ માટે) ગ્રહણ કરે છે તેમ, મિથ્યાત્વને આચરતા લોકો પણ તે દૃષ્ટાન્ત વડે સુગુરુના સંબંધીપણું 'અમે અમુક સુગુરુના શિષ્યો છીએ' એ રીતે વહન કરે છે.

**उस्सुत्तमायरंतवि ठवंति अप्पं सुसावगत्तम्मि ।**
**ते रुद्दोरघत्थवि तुलंति सरिसं धणड्ढेहिं ॥ ७३ ॥**

[ उत्सूत्रमाचरन्तोऽपि स्थापयन्त्यात्मानं सुश्रावकत्वे ।
ते रौद्ररौरग्रस्ता अपि तोलयन्ति सदृशं धनाढ्यैः ॥ ]

**ગાથાર્થ :** ઉત્સૂત્રને આચરતા એવા પણ જે લોકો સુશ્રાવકપણામાં પોતાની સ્થાપના કરે છે તેઓ રૌદ્રદરિદ્રતાથી પીડાયેલા છતાં પણ પોતાને ધનાઢ્યો સાથે સરખાવે છે.

अविधिना धर्म कुर्वन्तोऽपि स्थापयन्त्यात्मानं सुश्रावकत्वे ये, ते रौद्रदारिद्र्यपीडिता अपि तोलयन्ति गणयन्ति सदृशमात्मानं धनाढ्यैः ॥ ७३ ॥

**ભાવાર્થ :** ઉપર મુજબ.

**किवि कुलकमम्मि रत्तां किवि रत्ता सुद्धजिणवरमयम्मि ।**
**इय अंतरम्मि पिच्छइ मूढा नायं न याणंति ॥ ७४ ॥**

[ केऽपि कुलक्रमे रक्ताः केऽपि रक्ताः शुद्धजिनवरमते ।
इत्यन्तरे पश्यत मूढा न्यायं न जानन्ति ॥ ]

**ગાથાર્થ :** કેટલાક કુલક્રમમાં રક્ત હોય છે. કેટલાક લોકો શુદ્ધ જિનેશ્વરનાં મતમાં રક્ત છે. એ બંનેમાં જુઓ, મૂઢ લોકો ન્યાય જાણી શકતા નથી.

केऽपि निर्विवेकाः कुलक्रमे रक्ताः, केऽपि च लघुकर्माणो रक्ताः शुद्धजिनवरमते, इत्यन्तरे विशेषे विवेक्यविवेकिनोः सत्यपि, पश्यत कौतुकं, मूढा न्यायं परिच्छेद्यवस्तुनि निश्चयं न जानन्ति ॥ ७४ ॥

**ભાવાર્થ :** કેટલાક નિર્વિવેકી લોકો કુલક્રમમાં રક્ત છે. અને કેટલાક લઘુકર્મી આત્માઓ શુદ્ધજિનધર્મમાં રક્ત છે. એમાં વિવેકી-અવિવેકીનો તફાવત હોવા છતાં આશ્ચર્ય તો જુઓ કે, મૂઢ જીવો જાણવા યોગ્ય વસ્તુમાં નિશ્ચયને જાણતા નથી.

**संगोवि जाण अहिओ तेसिं धम्माइं जे पकुव्वंति ।**
**मोत्तूणचोरसंगं करिंति ते चोरियं पावा ॥ ७५ ॥**

[ सङ्गोऽपि येषामहितस्तेषां धर्मान् ये प्रकुर्वन्ति ।
मुक्त्वा चौरसङ्गं कुर्वन्ति ते चौरिकां पापाः ॥ ]

**ગાથાર્થ :** જેઓનો સંગ પણ અહિતકર છે તેમના ધર્મોને જે કરે છે તે પાપીઓ ચોરના સંગને છોડીને ચોરીને કરે છે.

सङ्गोऽपि येषामहितश्चौरपल्लीवासिवणिग्वत्, तेषां धर्मान्-चामुण्डार्चादीन् ये प्रकुर्वन्ति ते मुक्त्वा चौरसङ्गं कुर्वन्ति चौरिकां चौर्ये पापिनः ॥

**ભાવાર્થ :** ચોરની પલ્લીમાં રહેનાર વણિકની જેમ જેઓનો સંગ પણ અહિતકર છે તેઓના ચામુણ્ડાપૂજા વગેરે ધર્મોને જે કરે છે તે પાપીઓ ચોરના સંગને છોડીને ચોરી કરે છે.

**जत्थ पसुमहिसलक्खा पव्वे हम्मंति पावनवमीए ।**
**पूयंति तंपि सड्ढा हा ! हीला वीयरायस्स ॥ ७६ ॥**

[ यत्र च्छागमहिषलक्षाः पर्वणि हन्यन्ते पापनवम्याम् ।
पूजयन्ति तदपि श्राद्धा हा ! हेला वीतरागस्य ॥ ]

**ગાથાર્થ :** જે પર્વમાં પાપનવમીમાં લાખો બકરાં, પાડાઓ હણાય છે તે પણ પર્વને શ્રાવકો પૂજે છે તે હા ! વીતરાગની હીલના છે.

यस्मिन् पर्वणि पापनवम्यां छागमहिषलक्षा हन्यन्ते, तदपि पर्व श्राद्धाः पूजयन्ति, पर्वोपचारात् तत् पर्व पूज्यं देवविशेषमित्यर्थः, हा ! हीला वीतरागस्येयम् ॥ ७६ ॥

**ભાવાર્થ :** જે પર્વમાં પાપનવમીએ લાખો બકરાં-પાડા હણાય છે તે પણ પર્વને (ઉપચારથી પર્વથી પૂજ્ય દેવવિશેષને) શ્રાવકો પૂજે છે. તે ખેદપૂર્વક કહેવું પડે છે કે - વીતરાગની આ મોટી અવહેલના છે.

**जो गिहकुडुंबसामी संतो मिच्छत्तरोवणं कुणइ ।**
**तेण सयलोवि वंसो पक्खित्तो भवसमुद्दम्मि ॥ ७७ ॥**

[ यो गृहकुटुम्बस्वामी सन् मिथ्यात्वरोपणं करोति ।
तेन सकलोऽपि वंशः प्रक्षिप्तो भवसमुद्रे ॥ ]

**ગાથાર્થ :** જે ગૃહકુટુંબનો સ્વામી થઈને મિથ્યાત્વનું રોપણ કરે છે તેણે આખાય વંશને ભવસમુદ્રમાં નાંખ્યો છે.

यो गृहकुटुम्बस्वामी सन् मिथ्यात्वस्थापनम् 'अत्रेदं नैवेद्यम्, अत्र विवाहादावयं विधिः' इत्यादि करोति । तेन सकलोऽपि वंशः स्वात्मा च प्रक्षिप्तो भवाब्धौ ॥ ७७ ॥

જે ઘરકુટુંબનો માલિક થઈને 'અહીં આ નૈવેદ્ય ચડાવવું, અહીં વિવાહાદિમાં આ વિધિ કરવો' ઇત્યાદિ મિથ્યાત્વની સ્થાપના કરે છે તેના વડે આખોય વંશ અને તે પોતે ભવસમુદ્રમાં નંખાયો છે.

**कुडचउत्थीनवमीइबारसीइपिंडदाणपमुहाइं ।**
**मिच्छत्तभावगाइं कुणंति तेसिं न सम्मत्तं ॥ ७८ ॥**

[ कुटचतुर्थीनवमीद्वादशीपिण्डदानप्रमुखाणि ।
मिथ्यात्वभावकानि कुर्वन्ति तेषां न सम्यक्त्वम् ॥ ]

**ગાથાર્થ :** જેઓ કુટચતુર્થી, નવમી, દ્વાદશી, પિણ્ડદાન વગેરે મિથ્યાત્વભાવના સૂચક પર્વોને કરે છે તેઓને સમ્યક્ત્વ નથી.

कुडचतुर्थी लौकिकपर्वविशेषः 'करवा चउथि' इति प्रसिद्धिः, नवमी पूर्वोक्ता, द्वादशी वत्सद्वादश्यादिका, पिण्डदानं पितृणाम्, प्रमुखशब्देन लौकिकलोकोत्तरसर्वमिथ्यात्वग्रहः तानि मिथ्यात्वभावकानि मिथ्यात्वभावसूचकानि कुर्वन्ति ये, तेषां न सम्यक्त्वम् ॥ ७८ ॥

**ભાવાર્થ :** કટુચતુર્થી 'કડવા ચોથ' તરીકે લોકમાં પ્રસિદ્ધ, નવમી, વત્સદ્વાદશી, પિતૃઓને પિણ્ડદાન વગેરે લૌકિક - લોકોત્તર સર્વ મિથ્યાત્વના ભાવને સૂચવનારા પર્વો જે કરે છે તેઓમાં સમ્યક્ત્વ નથી.

**जइ अइकलम्मि खुत्तं सगडं कड्ढंति केइ धुरिधवला ।**
**तह मिच्छाउ कुडुंबं इह विरला केइ कड्ढंति ॥ ७९ ॥**

[ यथाऽतिपङ्के मग्नं शकटं कर्षन्ति केचिद् धुर्यधवलाः ।
तथा मिथ्वात्वात्कुटुम्बमिह विरलाः केचित्कर्षन्ति ॥ ]

**ગાથાર્થ :** જેમ અતિ કાદવમાં ખૂંચેલાં ગાડાંને કેટલાક શ્રેષ્ઠ વૃષભો ખેંચે છે. તેમ આ જગતમાં કેટલાક વિરલ લોકો, મિથ્યાત્વમાંથી કુટુંબને ખેંચે છે.

यथाऽतिपङ्किलप्रदेशे मग्नं शकटं कर्षन्ति केचिद् धौरेयधवलाः प्रधानवृषभाः, तथा मिथ्यात्वात् कुटुम्बमिह जगति विरलाः केचित् कर्षन्त्युद्धरन्ति ॥ ७९ ॥

**ભાવાર્થ :** ઉપર મુજબ.

**जह वद्दलेण सूरं महियलपयडंपि नेय पिच्छंति ।**
**मिच्छत्तस्स य उदए तहेव न नियंति जिणदेवं ॥ ८० ॥**

[ यथा वार्दलेन सूरं महीतलप्रकटमपि नैव पश्यन्ति ।
मिथ्यात्वस्य चोदये तथैव न पश्यन्ति जिनदेवम् ॥ ]

**ગાથાર્થ :** જેમ વાદળ વડે, પૃથ્વીતલ પર પ્રકટ એવા પણ સૂર્યને લોકો જોતાં નથી તેમ જ મિથ્યાત્વના ઉદયમાં ભાવદષ્ટિવડે જિનદેવને જોતા નથી.

यथा वारां दलं वार्दलं तेन अभ्रेण सूरं महीतलप्रकटमपि नैव प्रेक्षन्ते लोकाः, तथैव मिथ्यात्वस्योदये न पश्यन्ति भावदृशा जिनदेवं गुर्वाद्यपि वा ॥ ८० ॥

**ભાવાર્થ :** ઉપર મુજબ.

**किं सोवि जणणि जाओ जाओ जणणीइ किं गओ विद्धिं ।**
**जइ मिच्छरओ जाओ गुणेसु तह मच्छरं वहइ ? ॥ ८१ ॥**

[ किं सोऽपि जनन्या जातो जातो जनन्या किं गतो वृद्धिम् ।
यदि मिथ्यात्वरतो जातो गुणेषु तथा मत्सरं वहति ? ॥ ]

**ગાથાર્થ :** શું તે પણ માતાથી ઉત્પન્ન થયેલો જ છે ! માતાથી ઉત્પન્ન થયો છે તોપણ શું પુષ્ટિ પામ્યો ? જો મિથ્યાત્વમાં રત થયો તો ગુણોને વિષે મત્સર વહન કરે છે ?

किमिति किमर्थं सोऽपि मानवो लुप्तविभक्तिकत्वाज्जनन्या जात एव प्रसूत एव,

**"जननी यानि चिह्नानि करोति मदविह्वला ।**
**प्रकटानि तु जायन्ते तानि चिह्नानि जातके ॥"**

इत्यादिजनोक्तेर्मातुर्दोषापत्तेः; अथ च जातो मात्रा तथापि किं गतो वृद्धिं पुष्टिम्, यदि मिथ्यात्वरतः, 'गुणेषु' इत्यभेदोपचाराद् गुणिषु तथा मत्सरमसहिष्णुत्वं वहति करोति, पीठमहापीठऋषिवत् ? ॥ ८१ ॥

**ભાવાર્થ :** જો મિથ્યાત્વમાં રત એવો જાતક, પીઠ-મહાપીઠ ઋષિની જેમ ગુણોને વિષે, અભેદ ઉપચારથી ગુણવાનોને વિષે માત્સર્ય-અસહિષ્ણુપણું વહન કરે છે તો શું તે પણ માતાથી ઉત્પન્ન થયેલો છે ? અથવા માતાથી ઉત્પન્ન થયો તો પણ શું વૃદ્ધિને પામ્યો છે ? કેમકે કહેવત છે કે "મદથી વિહ્વલ માતા જે લક્ષણો કરે છે તે ચિહ્નો જાતકમાં પ્રગટપણે ઉત્પન્ન થાય છે."

**वेसाण बंदियाण य माहणडुंबाण जक्खसिक्खाणं ।**
**भत्ता भक्खट्ठाणं विरयाणं जंति दूरे णं ॥ ८२ ॥**

[ वेश्यानां बन्दिकानां च ब्राह्मणचाण्डालानां यक्षशेखानाम् ।
भक्ता भक्ष्यस्थानं विरतेभ्यो यान्ति दूरे ॥ ]

**ગાથાર્થ :** વેશ્યાઓના, બન્દિકોના, બ્રાહ્મણોના, ચાણ્ડાલોના, યક્ષો અને શેખોનાં ભક્તો વિરક્તોથી દૂર ભક્ષ્યસ્થાનમાં જાય છે.

वेश्यानां बन्दिकानां भट्टानां, ब्राह्मणा द्विजाः, डुम्बाश्चाण्डालाः सन्तो ये गीतं गायन्ति ततो द्वन्द्वे तेषाम्, यक्षाः क्षेत्रपालनारसिंहाद्याः, शेखास्तुरुष्कगुरवः, ततो द्वन्द्वे तेषां भक्ता भोज्यसमाः, षष्ठ्याः पञ्चम्यर्थेन विरतेभ्यो यान्ति दूरे 'णं' इत्यलङ्कारे ॥ ८२ ॥

**ભાવાર્થ :** વેશ્યાઓ, ભટ્ટો, બ્રાહ્મણો, ગીત ગાનારા ચંડાલો, ક્ષેત્રપાલ વગેરે યક્ષો, અને યવનોના ગુરુ એવા શેખોના ભક્તો વિરક્તોથી દૂર ભક્ષ્યસ્થાનમાં જાય છે.

**सुद्धे मग्गे जाया सुहेण गच्छंति सुद्धमग्गम्मि ।**
**जं पुण अमग्गजाया मग्गे गच्छंति तं चुज्जं ॥ ८३ ॥**

[ शुद्धे मार्गे जाताः सुखेन गच्छन्ति शुद्धमार्गे ।
यत्पुनरमार्गजाता मार्गे गच्छन्ति तच्चित्रम् ॥ ]

**ગાથાર્થ :** શુદ્ધ માર્ગમાં ઉત્પન્ન થયેલા, શુદ્ધમાર્ગમાં સુખપૂર્વક જાય છે. વળી જે અમાર્ગમાં ઉત્પન્ન થયેલા છે તેઓ માર્ગમાં ચાલે છે તે આશ્ચર્ય છે.

शुद्धे मार्गे सुविहितपथि जाताः श्राद्धाः साधवो वा ते सुखेनानायासेन गच्छन्ति शुद्धमार्गे, नाश्चर्यमत्र । ये पुनरुन्मार्गे जाताः पार्श्वस्थादिगच्छे साधुत्वेन श्राद्धत्वेन वा निष्पन्ना मार्गे विधिरूपे गच्छन्ति तत् 'चुज्जं' चित्रम् ॥ ८३ ॥

**ભાવાર્થ :** સુવિહિતમાર્ગમાં ઉત્પન્ન થયેલા શ્રાવકો કે સાધુઓ શુદ્ધમાર્ગમાં સુખપૂર્વક જાય છે. એમાં આશ્ચર્ય નથી. પણ જે ઉન્માર્ગમાં પેદા થયા છે, પાર્શ્વસ્થાદિના ગચ્છમાં સાધુપણે કે શ્રાવકપણે થયા તેઓ માર્ગમાં વિધિપૂર્વક ચાલે છે તે આશ્ચર્ય છે.

**मिच्छत्तसेवगाणं विग्घसयाइंपि बिंति नो पावा ।**
**विग्घलवम्मिवि पडिए दढधम्माणं पणच्चंति ॥ ८४ ॥**

[ मिथ्यात्वसेवकानां विघ्नशतान्यपि ब्रुवन्ति नो पापाः ।
विघ्नलवेऽपि पतिते दृढधर्माणां प्रनृत्यन्ति ॥ ]

**ગાથાર્થ :** મિથ્યાત્વસેવીઓના સેંકડો વિઘ્નોને પણ પાપીઓ બોલતા નથી. દૃઢધર્મીઓને એકાદ વિઘ્ન આવી પડે તો હર્ષથી નાચે છે.

मिथ्यात्वसेवकानां विघ्नशतान्यपि जायमानानि दृष्ट्वा 'बिंति' इति ब्रुवते नैव किञ्चिद् धनहान्यादिविघ्नं पापात्मानः । किञ्चिद् विघ्नलवेऽपि पतिते जाते दृढधर्माणां प्रनृत्यन्ति अतिहृष्टचित्ताः सन्त इव ॥ ८४ ॥

**ભાવાર્થ :** પાપી જીવો, મિથ્યાત્વના સેવકોને ઉત્પન્ન થતાં સેંકડો વિઘ્નોને જોઈને પણ કાંઈ બોલતા નથી. દૃઢધર્મીઓને કાંઈક વિઘ્નનો લેશ પણ આવી પડે તો અતિ હર્ષિત ચિત્તવાળા થઈને જાણે નાચે છે.

**सम्मत्तसंजुयाणं विग्घंपि हु होई उच्छवसरिच्छं ।**
**परमुच्छवंपि मिच्छत्तसंजुयं अइमहाविग्घं ॥ ८५ ॥**

[ सम्यक्त्वसंयुतानां विघ्नोऽपि भवत्युत्सवसदृशः ।
परमोत्सवोऽपि मिथ्यात्वसंयुतोऽतिमहाविघ्नः ॥ ]

**ગાથાર્થ :** સમ્યક્ત્વસંયુક્ત આત્માઓને વિઘ્ન પણ ઉત્સવસમાન થાય છે મિથ્યાત્વથી સંયુક્ત પરમોત્સવ પણ અતિ મોટા વિઘ્નરૂપ છે.

सम्यक्त्वसंयुतानां विघ्नः, नपुंसकत्वं प्राकृतत्वात्, प्रायो न भवति, स च विघ्नोऽपि 'हुः' अवधारणे, भवत्युत्सवसदृक्षः, "तव[1]नियमसुट्ठियाणां" इत्युक्तेः । परमोत्सवोऽपि मिथ्यात्वयुक्तोऽतिमहाविघ्न एव, विषसंपृक्तपरमान्नवत् ॥ ८५ ॥

**ભાવાર્થ :** સમ્યક્ત્વથી યુક્ત આત્માઓને પ્રાયઃ વિઘ્ન આવતા નથી. કદાચ આવે તો તે વિઘ્ન પણ ઉત્સવ સમાન બને છે. જ્યારે મિથ્યાત્વથી યુક્ત પરમ ઉત્સવ પણ

---

१. तपोनियमसुस्थितानाम् ।

વિષમિશ્રિતપરમાન્નની જેમ અતિ મોટા વિઘ્નરૂપ જ છે.

**इंदोवि ताण पणमइ हीलंतो नियरिद्धिवित्थारं ।**
**मरणंतेवि हु पत्ते सम्मत्तं जे न छड्डुंति ॥ ८६ ॥**

[ इन्द्रोऽपि तान् प्रणमति हेलयन् निजर्द्धिविस्तारम् ।
मरणान्तेऽपि हि प्राप्ते सम्यक्त्वं ये न मुञ्चन्ति ॥ ]

**ગાથાર્થ :** જેઓ મરણાન્ત વિઘ્ન પ્રાપ્ત થયે છતે પણ સમ્યક્ત્વને છોડતા નથી તેઓને પોતાની ઋદ્ધિના વિસ્તારની નિંદા કરતો ઇન્દ્ર પણ પ્રણામ કરે છે.

इन्द्रोऽपि तान् प्रणमति हीलयन् निजर्द्धिविस्तारम् । मरणान्तेऽपि, आस्तामन्यविघ्ने, 'हुः' निश्चये, प्राप्तं सम्यक्त्वं ये न त्यजन्ति, अरहन्नकवत् ॥ ८६ ॥

**ભાવાર્થ :** જેઓ સામાન્ય વિઘ્નની વાત તો દૂર રહી, મરણાન્ત વિઘ્ન પ્રાપ્ત થયે છતે પણ અર્હન્નકની જેમ સમ્યક્ત્વને છોડતાં નથી તેઓને પોતાની ઋદ્ધિના વિસ્તારની નિંદા કરતો ઇન્દ્ર પણ પ્રણામ કરે છે.

**छड्डुंति नियजीयं तिणंव मुक्खत्थिणो न उण सम्मं ।**
**लब्भइ पुणोवि जीयं सम्मत्तं हारियं कत्तो ? ॥ ८७ ॥**

[ मुञ्चन्ति निजजीवितं तृणमिव मोक्षार्थिनो न पुनः सम्यक्त्वम् ।
लभ्यते पुनरपि जीवितं सम्यक्त्वं हारितं कुतः ? ॥ ]

**ગાથાર્થ :** મોક્ષના અર્થીઓ પોતાના જીવિતને તૃણની જેમ મૂકી દે છે પણ સમ્યક્ત્વને તજતા નથી. જીવિત ફરી પણ પ્રાપ્ત થાય છે પણ હારેલું સમ્યક્ત્વ ક્યાંથી પ્રાપ્ત થાય ?

त्यजति निजकजीवं जीव-जीवितयोरभेदात् जीवितम्, तृणमिव मोक्षार्थिनः, न पुनः सम्यक्त्वम् । यतो लभ्यते पुनरपि जीवितमुत्तरभवे, सम्यक्त्वं तु हारितं सत् कुतः कस्माल्लभ्यते, निर्गमितस्य तस्य पुनः प्राप्तिरुत्कर्षतोऽनन्तकालात् ॥ ८७ ॥

**ભાવાર્થ :** મોક્ષના અભિલાષી જીવો, પોતાના જીવિતને તણખલાની જેમ તજી દે છે પણ સમ્યક્ત્વને તજતા નથી. જે કારણથી જીવિત તો પછીના ભવમાં ય મળે પણ હારેલું સમ્યક્ત્વ ક્યાંથી મેળવી શકાય ? કેમકે ગુમાવેલા સમ્યક્ત્વની પુનઃ પ્રાપ્તિ ઉત્કૃષ્ટથી અનન્તકાળે થાય છે.

**गयविहवावि सविहवा सहिया सम्मत्तरयणराएण ।**
**सम्मत्तरयणरहिया संतेवि धणे दरिद्दत्ति ॥ ८८ ॥**

[ गतविभवा अपि सविभवाः सहिताः सम्यक्त्वरत्नराजेन ।
सम्यक्त्वरत्नरहिताः सत्यपि धने दरिद्रा इति ॥ ]

**ગાથાર્થ :** સમ્યક્ત્વરૂપી રત્નરાજથી સહિત જીવો વિભવ વિનાના હોવા છતાં વિભવવાળા છે. સમ્યક્ત્વરૂપરત્નથી રહિત જીવો ધન હોતે છતે દરિદ્ર છે.

गतविभवा अपि सद्द्रव्या एव ते । के ? । सहिताः सम्यक्त्वरत्नराज्येन, तद्युक्तानमायतावश्यं विभवलाभात् । तद्रहिताः पुनः सत्यपि घने दरिद्रा एव । 'इति' वाक्यसमाप्त्यर्थः ॥ ८८ ॥

**ભાવાર્થ :** સમ્યક્ત્વરૂપ રત્નરાજથી સહિત આત્માઓ ગતવિભવવાળા પણ વૈભવવાળા જ છે, કેમ કે સમ્યક્ત્વથી યુક્ત જીવોને ભવિષ્યમાં અવશ્યપણે વૈભવની પ્રાપ્તિ થાય છે. તથા સમ્યક્ત્વરહિત જીવો છતે પૈસે દરિદ્ર જ છે.

**जिणपूयणपत्थावे जइ कुवि सड्ढाण देइ धणकोडिं ।**
**मोत्तूण तं असारं सारं विरयंति जिणपूयं ॥ ८९ ॥**

[ जिनपूजनप्रस्तावे यदि कोऽपि श्राद्धेभ्यो ददाति धनकोटिम् ।
मुक्त्वा तामसारां सारां विरचयन्ति जिनपूजाम् ॥ ]

**ગાથાર્થ :** જિનપૂજાના અવસરે શ્રાવકોને જો કોઈ કરોડોનું ધન આપે તો અસાર એવા તેને છોડીને તે સારભૂત જિનપૂજાને કરે.

जिनस्य द्रव्यार्चनावसरे यदि कोऽपि देवादिः 'पूजां त्यज' इत्युक्त्वा श्राद्धानां ददाति धनकोटिम्, मुक्त्वा तामसारां चौराग्निभूपादिहार्यां, सारां सम्यक्त्वशुद्धिकर्त्री विरचयन्ति जिनपूजाम् ॥ ८९ ॥

**ભાવાર્થ :** જિનની દ્રવ્યપૂજાના અવસરે જો કોઈ દેવ વગેરે, 'તું પૂજાને છોડી દે' એમ કહીને શ્રાવકોને ધનની કોડિ આપે, તો પણ ચોર, અગ્નિ, રાજા વગેરેથી હરણ કરવા યોગ્ય અસાર એવા તે ક્રોડ ધનને છોડીને સારભૂત સમ્યક્ત્વને શુદ્ધ કરનારી જિનપૂજાને કરે.

**तित्थयराणं पूया सम्मत्तगुणाण कारणं भणियं ।**
**सावि य मिच्छत्तयरी जिणसमए देसिय अपूया ॥ ९० ॥**

[ तीर्थङ्कराणां पूजा सम्यक्त्वगुणानां कारणं भणितम् ।
सापि च मिथ्यात्वकरी जिनसमये देशिताऽपूजा ॥ ]

**ગાથાર્થ :** તીર્થંકરોની પૂજા, આગમમાં સમ્યક્ત્વ અને ગુણોના કારણ તરીકે કહેવાઈ છે. તે પૂજા પણ, જો અવિધિપૂર્વકની અપૂજા હોય તો મિથ્યાત્વને કરનારી આગમમાં કહેવાઈ છે.

तीर्थकृतां पूजा सम्यक्त्वगुणानां सम्यक्त्वं प्रतीतं गुणा ज्ञानादय-स्तेषां कारणं हेतुर्भणिताऽऽगमे । यदुक्तं श्रीआवश्यके;— "[१]अकसिणापवत्तगाणां" इति । सापि च मिथ्यात्वकरी जिनसमये देशितोक्ता। 'यदि' इत्यध्याहारात्, यद्यपूजा कुत्सिता पूजाऽविधिपूजेति ॥ ९० ॥

**ભાવાર્થ :** ઉપર મુજબ.

**जं जं जिणआणाए तं चिय मन्नइ न मन्नइ सेसं ।**
**जाणइ लोयपवाहे नहु तत्तं सो य तत्तविऊ ॥ ९१ ॥**

[ यद्यज्जिनाज्ञायां तदेव मन्यते न मन्यते शेषम् ।
जानाति लोकप्रवाहे नैव तत्त्वं स च तत्त्ववित् ॥ ]

**ગાથાર્થ :** જે જે જિનાજ્ઞામાં હોય તે જ માને, શેષ ન માને. આથી જ લોકપ્રવાહમાં તત્ત્વને જાણતો નથી તે જ તત્ત્વવેત્તા છે.

यदेवाचार्यावन्दन-वन्दनकादि कृत्यं जिनाज्ञायां वर्तते तदेव मन्यते न मन्यते शेषम्। अतएव जानाति लोकप्रवाहे 'नहु' नैव तत्त्वम् स एव तादृशस्तत्त्ववित्, नापरः ॥ ९१ ॥

**ભાવાર્થ :** જે આચાર્યને અવંદન-વંદનાદિ કૃત્ય જિનાજ્ઞામાં વર્તે છે તેને જ માને, બીજું ન માને, એથી જ લોકના પ્રવાહમાં તત્ત્વ ન જ માને તેવો માણસ જ તત્ત્વજ્ઞ છે, બીજો નહિ.

**जिणआणाए धम्मो आणारहियाण फुडमधम्मोत्ति ।**
**इय मुणिऊण य तत्तं जिणआणाए कुणह धम्मं ॥ ९२ ॥**

[ जिनाज्ञया धर्म आज्ञारहितानां स्फुटमधर्म इति ।
इति ज्ञात्वा च तत्त्वं जिनाज्ञया कुरुत धर्मम् ॥ ]

**ગાથાર્થ :** જિનાજ્ઞાથી ધર્મ છે આજ્ઞારહિતોને પ્રગટપણે અધર્મ છે. એમ જાણીને તત્ત્વને સમજીને જિનની આજ્ઞા વડે જ ધર્મ કરો.

जिनाज्ञया धर्मः, आज्ञारहितानां स्फुटमधर्म इति,

**"आज्ञाराद्धा विराद्धा च शिवाय च भवाय च ।"**

इति वचनात् । इति पूर्वोक्तं मुणित्वा ज्ञात्वा तत्त्वं जिनाज्ञयैव धर्मं कुरुतेति ॥ ९२ ॥

**ભાવાર્થ :** ઉપર મુજબ.

---

१. अकृत्स्नप्रवर्तकानाम् ।

**साहीणे गुरुजोगे जे नहु, निसुणंति सुद्धधम्मत्थं ।**
**ते दुट्ठधिट्ठचित्ता अह सुहडा भवभयविहूणा ॥ ९३ ॥**

[ स्वाधीने गुरुयोगे ये नैव शृण्वन्ति शुद्धधर्मार्थम् ।
ते दुष्टधृष्टचित्ता अथ सुभटा भवभयविहीनाः ॥ ]

**ગાથાર્થ :** સ્વાધીન ગુરુયોગ હોતે છતે જેઓ શુદ્ધધર્મના અર્થને સાંભળતા નથી તે ધૃષ્ટદુષ્ટચિત્તવાળા સંસારના ભયથી હીન સુભટો છે.

स्वाधीनगुरुयोगे केऽप्यालस्यादित्रयोदशप्रमादपदप्रमत्ताः सन्ते 'नहु' नैव निशृण्वन्ति शुद्धधर्मार्थम्, ते धृष्टदुष्टचित्ता निःशङ्कं दुष्टं क्रूरं चित्तं येषां ते तथा; अथवा ते सुभटाः शूराः, यतो भवभयविहीनाः ॥ ९३ ॥

**ભાવાર્થ :** સ્વાધીન ગુરુનો યોગ હોતે છતે જે લોકો આળસ વગેરે ૧૩ પ્રમાદનાં સ્થાનોથી પ્રમાદી બનેલા છતાં શુદ્ધધર્મના અર્થને સાંભળતા નથી. તે નિઃશંકપણે દુષ્ટચિત્તવાળા છે. અથવા તો શૂરવીર છે કે જેથી સંસારના ભયથી પણ રહિત છે.

**सुद्धकुलधम्मजायवि गुणिणो न रमंति लिंति जिणदिक्खं ।**
**तत्तोवि परमतत्तं तओवि उवयारओ मुक्खं ॥ ९४ ॥**

[ शुद्धकुलधर्मजाता अपि गुणिनो न रमन्ते लान्ति जिनदीक्षाम् ।
ततोऽपि परमतत्त्वं ततोऽप्युपकारतो मोक्षम् ॥ ]

**ગાથાર્થ :** શુદ્ધકુલધર્મ જ્યાં છે તેવા કુળમાં ઉત્પન્ન થયેલા પણ ગુણવાનો પ્રમાદસ્થાનોમાં રમતા નથી, જિનદીક્ષાને સ્વીકારે છે ત્યાર પછી પણ પરમતત્ત્વને, ત્યારપછી પણ ઉપકારથી મોક્ષને પ્રાપ્ત કરે છે.

शुद्धः कुलधर्मः कुलाचारो यत्र तत्र जाता अपि क्षत्रियवणिगादिश्राद्धकुलोत्पन्ना अपि गुणिनः संवेगयुक्ता न रमन्ति (? न्ते) । धर्मश्रुत्यनन्तरं प्रमादस्थाने, लान्ति जिनदीक्षां सम्यक्त्वम्, द्वितीयपञ्चासके जिनदीक्षाशब्देन सम्यक्त्वोक्तेः, ततोऽपि परमतत्त्वं सर्वविरतिम्, ततोऽपि भव्योपकाराद् मोक्षं लभन्ते ॥ ९४ ॥

**ભાવાર્થ :** શુદ્ધ કુલાચાર જ્યાં છે તેવા ક્ષત્રિયવણિકાદિ શ્રાદ્ધકુલમાં ઉત્પન્ન થયેલા પણ સંવેગયુક્ત જીવો ધર્મશ્રવણની પછી પ્રમાદના સ્થાનમાં રમતા નથી, જિનદીક્ષારૂપ સમ્યક્ત્વને ગ્રહણ કરે છે. દ્વિતીય પંચાશકમાં જિનદીક્ષાશબ્દ વડે સમ્યક્ત્વનું કથન હોવાથી અહીં જિનદીક્ષાનો અર્થ સમ્યક્ત્વ કર્યો છે. ત્યાર પછી પણ સર્વવિરતિરૂપ પરમતત્ત્વને અને તેની પછી પણ ભવ્યજીવો પર ઉપકાર કરવાથી મોક્ષને પ્રાપ્ત કરે છે.

**वन्नेमि नारयाउ जेसिं दुक्खाइं संभरंताणं ।**
**भव्वाण जणइ हरिहररिद्धिसमिद्धीवि उद्धोसं ॥ ९५ ॥**

[ वर्णयामि नारकान् येषां दुःखानि स्मरताम् ।
भव्यानां जनयति हरिहरर्द्धि समृद्धिरपि रोमाञ्चम् ॥ ]

**ગાથાર્થ :** નારકોનું વર્ણન કરું છું કે જેઓનાં દુઃખોને યાદ કરતા ભવ્યજીવોને હરિહરની ઋદ્ધિ સમૃદ્ધિ પણ રોમાંચ ઉત્પન્ન કરે છે.

वर्णयामि नारकान् येषां दुःखानि स्मरतां भव्यानां हरिहरऋद्धिसमृद्धिरपि आस्तामन्येषाम्, लोके तयोरेव ऋद्धिमत्त्वेन रूढेः, 'उद्धोसं' इति भीत्या रोमाञ्चं जनयति । ते हि ऋद्धिगौरवस्य नरकफलतां श्रुत्वा महत्या अपि ऋद्धेर्बिभ्यन्ती (? ती) त्यर्थः ॥ ९५ ॥

**ભાવાર્થ :** નારકોનું વર્ણન કરું છું કે જેઓનાં દુઃખોનું સ્મરણમાત્ર કરતા ભવ્યજીવોને બીજા સામાન્ય લોકોની તો દૂર રહે પણ હરિહરની ઋદ્ધિસમૃદ્ધિ પણ ભયથી રોમાંચને ઉત્પન્ન કરે છે તે ભવ્યજીવો ઋદ્ધિના ગૌરવને નરકના ફલરૂપે જાણીને સાંભળીને મોટી પણ ઋદ્ધિ-સમૃદ્ધિથી ભય પામે છે.

**सिरिधम्मदासगणिणा रइयं उवएसमालसिद्धंतं ।**
**सव्वेवि समणसड्ढा मन्नंति पढंति पाढंति ॥ ९६ ॥**

**तं चेव केवि अहमा छलिया अभिमाणमोहभूएहिं ।**
**किरियाए हीलंता हा ! हा ! दुक्खाइं न गिणंति ॥ ९७ ॥**

[ श्रीधर्मदासगणिना रचितमुपदेशमालासिद्धान्तम् ।
सर्वेऽपि श्रमणश्राद्धा मन्यन्ते पठन्ति पाठयन्ति ॥

तमेव केऽप्यधमाश्छलिता अभिमानमोहभूताभ्याम् ।
क्रियया हेलयन्तो हा ! हा ! दुःखानि न गणयन्ति ॥ ]

**ગાથાર્થ :** શ્રીધર્મદાસગણી વડે રચાયેલા ઉપદેશમાલાના સિદ્ધાંતને સર્વે પણ શ્રમણો અને શ્રાવકો માને છે, ભણે છે, ભણાવે છે.

**ગાથાર્થ :** તે જ સિદ્ધાંતને અભિમાન અને મોહરૂપી ભૂતો વડે ઠગાયેલા કેટલાક અધમજીવો ક્રિયાથી હીલના પમાડતા હા ! દુઃખોને ગણકારતા નથી.

श्रीधर्मदासगणिना श्रीवीरतीर्थवर्तिना महर्षिणा रचितमुपदेशमालारूपं सिद्धान्तोक्तार्थानामेव भणनात् सिद्धान्तं सर्वेऽपि श्रमणाः श्राद्धा मन्यन्ते, पठन्ति स्वयं, पाठयन्ति परान् । तमपि केचिदधमाश्छलिता भ्रान्ताः, अभिमानोऽभिनिवेशो मोहोऽज्ञानं तावेव भूतौ ताभ्यां क्रियया तदुक्तानुष्ठाननिराकृत्या हीलयन्तः, अथवा 'क्रियया' पाठनाकरणेन, हा ! हा ! दुःखानि न गणयन्ति ॥ ९६ ॥ ९७ ॥

**ભાવાર્થ :** શ્રીમહાવીરના તીર્થમાં વર્તતા મહર્ષિ શ્રીધર્મદાસગણી વડે રચાયેલા ઉપદેશમાલારૂપ સિદ્ધાંતને સર્વે શ્રમણો અને શ્રાવકો માને છે, સ્વયં ભણે છે, બીજાને ભણાવે છે. તે સિદ્ધાંતને પણ કેટલાંક ઠગાયેલા ભ્રાંત થયેલા અધમજીવો, અભિમાન અને મોહ (અજ્ઞાન) રૂપ ભૂત વડે તેમાં કહેલા અનુષ્ઠાનના નિરાકરણરૂપ ક્રિયા વડે હીલના પમાડતા, અથવા પઠનપાઠન ન કરવારૂપ ક્રિયા વડે તિરસ્કાર કરતા, ખેદની વાત છે કે દુઃખોને ગણકારતા નથી.

**इयराण ठक्कुराणवि आणाभंगेण होउ मरणदुहं ।**
**किं पुण तिलोयपहुणो जिणिंददेवाहिदेवस्स ? ॥ ९८ ॥**

[ इतरेषां राज्ञामप्याज्ञाभङ्गेन भवति मरणदुःखम् ।
किं पुनस्त्रिलोकीप्रभोर्जिनेन्द्रदेवाधिदेवस्य ? ॥ ]

**ગાથાર્થ :** ઈતર ઠાકુરોની પણ આજ્ઞાના ભંગથી મરણનું દુઃખ મળે છે તો વળી ત્રણ લોકના પ્રભુ જિનેન્દ્રદેવાધિદેવની આજ્ઞાભંગથી શું ન થાય ?

इतरेषामपि सामान्यानां ठक्कुराणां राज्ञामाज्ञाभङ्गेन भवति मरणदुःखम्, किं पुनस्त्रिलोकप्रभोर्जिनेन्द्रदेवाधिदेवस्य आज्ञाभङ्गेन, तत्खण्डने हि अनन्तमरणसंभवात् ? ॥ ९८ ॥

**ભાવાર્થ :** સામન્ય ઠાકુર રાજાઓની આજ્ઞાના ભંગથી પણ મરણનું દુઃખ થાય છે તો વળી ત્રણલોકના સ્વામી એવા જિનેન્દ્રદેવાધિદેવની આજ્ઞાભંગથી શું (ન થાય) ? તેની આજ્ઞાના ખંડનમાં અનંત મરણનો સંભવ છે.

**जगगुरुजिणस्स वयणं सयलाण जियाण होइ हियकरणं ।**
**ता तस्स विराहणया कह धम्मो कह णु जीवदया ? ॥ ९९ ॥**

[ जगद्गुरुजिनस्य वचनं सकलानां जीवानां भवति हितकरणम् ।
तस्मात्तस्य विराधनया कथं धर्मः कथं नु जीवदया ? ॥ ]

**ગાથાર્થ :** જગતના ગુરુ જિનેશ્વરનું વચન સઘળા જીવોનું હિત કરનાર છે. તેથી તેની વિરાધનાથી ધર્મ કઈ રીતે ? જીવદયા પણ કયા પ્રકારે ઘટે ?
(કેમ કે જીવદયા અરિહંતના વચન વડે જ સાધ્ય છે.)

जगद्गुरोर्जिनेन्द्रस्य वचनमागमः सकलानां जीवानां भवति हितकरणम् । तस्मात् तस्य विराधनया कथं धर्मः साधुश्रावकसंबन्धी ? कथं नु केन प्रकारेण जीवदया, तस्या अर्हदुक्त्यैव साध्यत्वात् ? ॥ ९९ ॥

**ભાવાર્થ :** ઉપર મુજબ.

**किरियाइ फुडाडोवं अहियं साहंति आगमविहूणं ।**
**मुद्धाण रंजणत्थं सुद्धाण हीलणट्ठाए ॥ १०० ॥**

[ क्रियायाः स्फुटटोपमधिकं कथयन्त्यागमविहीनम् ।
मुग्धानां रञ्जनार्थं शुद्धानां हेलनार्थम् ॥ ]

**ગાથાર્થ :** મુગ્ધ લોકોના મનોરંજનને માટે, શુદ્ધ લોકોની નિન્દાને માટે, કેટલાક ક્રિયાના આડંબરને સ્વમતિકલ્પિતપણે, આગમથી રહિતપણે કહે છે.

क्रियाया अनुष्ठानस्य स्फुटटोपमिवाडम्बरमित्यर्थः, अधिकं स्वमतिकल्पितं साधयन्ति प्ररूपयन्ति केऽपि, यथा 'पुष्पनैवेद्यादिपूजानिषेधं, विधिनाऽविधिना वा सामायिकादिकरणम्, श्राद्धस्यापि मुण्डितमस्तकत्वं षट्पदिकादिरक्षायै कार्यम्, इत्यादि स्थापयन्ति । किंभूतम् । आगमविहीनम्, पुष्पपूजायाः श्रीवीरेण कारितत्वात्, नैवेद्यादिगीतार्थाचीर्णम्; अविधिकरणं च महादोषाय "जो[1] जहवायं न कुणइ" इत्याद्युक्तेः; श्राद्धस्य शिरोमुण्डनं दशमप्रतिमाया अर्वाग् न श्रूयते, तत्कृतौ लाघवोत्पत्तेः, इत्याद्यागमबाधितम् । किमर्थम् । मुग्धानां जनानां रञ्जनार्थम्, शुद्धप्ररूपकानां हीलनार्थम् ॥ १०० ॥

**ભાવાર્થ :** કેટલાંક લોકો, મુગ્ધજનોના રંજન માટે, શુદ્ધ પ્રરૂપકોની નિંદા માટે ક્રિયા-અનુષ્ઠાનના આડમ્બરને અધિક કરીને સ્વમતિકલ્પનાથી કહે છે કે – પુષ્પ નૈવેદ્યાદિ પૂજાનો નિષેધ, વિધિ કે અવિધિથી સામાયિકાદિ કરવું, શ્રાવકે પણ ભમરી આદિની રક્ષા માટે મસ્તક મુંડાવવું ઇત્યાદિની સ્થાપના કરે છે. તે પણ આગમ-નિરપેક્ષપણે. તે આ રીતે – પુષ્પપૂજા શ્રીવીરે કરાવી હોવાથી તેમની પહેલી વાત આગમવિહીન, નૈવેદ્યાદિ ગીતાર્થોએ આચરેલું છે, અવિધિપૂર્વકનું કરણ મહાદોષને માટે છે "जो जहवायं न कुणइ" ઇત્યાદિ ઉક્તિ હોવાથી. શ્રાવકનું મસ્તક મુંડન ૧૦મી પ્રતિમાની પહેલા સંભળાતું નથી. તે કરવામાં લઘુતાની ઉત્પત્તિ થતી હોવાથી. ઇત્યાદિ બધી વસ્તુ આગમ સાથે બાધિત છે.

**जो देइ सुद्धधम्मं सो परमप्पा जयम्मि न हु अन्नो ।**
**किं कप्पदुमसरिसो इयरतरू होइ कइयावि ? ॥ १०१ ॥**

[ यो ददाति शुद्धधर्मं स परमात्मा जगति नैवान्यः ।
किं कल्पद्रुमसदृश इतरतरुर्भवति कदापि ? ॥ ]

**ગાથાર્થ :** જે શુદ્ધધર્મ આપે છે તે પરમાત્મા છે. જગતમાં બીજો કોઈ પરમાત્મા નથી. શું કલ્પવૃક્ષ સમાન બીજું વૃક્ષ ક્યારેય હોય છે ?

यः साध्वादिर्ददाति शुद्धधर्मं स परमात्मेवातिवल्लभ इव सर्वोपकारार्हः, जगति नैवान्यस्तत्समः । किं कल्पद्रुमसदृशोऽन्यतरुः सहकारादिर्भवति कस्मिन्नपि काले ? ॥ १०१ ॥

---

१ यो यथावादं न करोति ।

**ભાવાર્થ :** જે સાધુ વગેરે શુદ્ધધર્મને આપે છે તે પરમાત્માની જેમ અતિ વલ્લભ છે, સર્વના ઉપકારને યોગ્ય છે. જગતમાં તેના જેવો બીજો કોઈ નથી. શું કોઈ પણ કાળે અન્ય સહકારાદિનું વૃક્ષ કલ્પવૃક્ષ સમાન થઈ શકે ?

**जे अमुणियगुणदोसा ते कह विबुहाण हुंति मज्झत्था ? ।**
**अह तेवि हु मज्झत्था ता विसअमयाण तुल्लत्तं ॥ १०२ ॥**

[ येऽज्ञातगुणदोषास्ते कथं विबुधानां भवन्ति मध्यस्थाः ? ।
अथ तेऽपि हि मध्यस्थास्तदा विषामृतयोस्तुल्यत्वम् ॥ ]

**ગાથાર્થ :** જેણે ગુણ કે દોષને જાણ્યા નથી તે વ્યક્તિ પંડિતોને મધ્યસ્થ તરીકે કેવી રીતે સંમત થાય ? અથવા તેઓ પણ જો મધ્યસ્થ ગણાય તો વિષ અને અમૃતનું સરખાપણું થઈ જાય ?

येऽमुणितगुणदोषास्ते कथं विदुषां भवन्ति मध्यस्थाः—मध्यस्थतया संमता इत्यर्थः ? । मध्यस्था हि ये, ते गुणिषु प्रीतिं दधति, दुष्टेषु चोपेक्षां कुर्वन्ति । यदि तेऽपि गुणदोषानभिज्ञा अपि माध्यस्थ्यभाजः, 'ता' तर्हि विषामृतयोस्तुल्यत्वम् ॥ १०२ ॥

**ભાવાર્થ :** જેઓએ ગુણ અને દોષને જાણ્યા નથી તેઓ પંડિતોને મધ્યસ્થ તરીકે કઈ રીતે માન્ય બની શકે ? જેઓ ખરેખર મધ્યસ્થ હોય તેઓ ગુણવાનોને વિષે પ્રીતિને ધારણ કરે અને દુષ્ટોને વિષે ઉપેક્ષા કરે છે. જો ગુણ અને દોષને નહિ જાણનારા એવા પણ તેઓ મધ્યસ્થને ભજનારા હોય તો વિષ અને અમૃતનું તુલ્યપણું થઈ જાય !

**मूलं जिणिंददेवो तव्वयणं गुरुजणं महासुयणं ।**
**सेसं पावट्ठाणं परमप्पणयं च वज्जेमि ॥ १०३ ॥**

[ मूलं जिनेन्द्रदेवस्तद्वचनं गुरुजनो महासुजनः ।
शेषः पापस्थानं परमात्मीयं च वर्जयामि ॥ ]

**ગાથાર્થ :** જિનેન્દ્રદેવ, તેનું વચન, મહાસુજન એવો ગુરુજન એ જ મારું મૂળ (આશ્રયસ્થાન) છે. બાકીના પોતાના કે પરતીર્થિકસંબંધી પાપસ્થાનને હું વર્જું છું.

मूलमाश्रयो ममार्हन्, तथा, तद्वचनं तत्प्रणीतो धर्मः, तथा, गुरुजनः सुजनः, नपुंसकत्वं प्राकृतत्वात्, अर्हन्तं धर्मं सुगुरुं चाश्रयामीत्यर्थः । शेषमेभ्योऽन्यद् यत् पापस्थानं मिथ्यात्वादि परं परतीर्थिकसंबन्धिकम्, 'अप्पणायं' इति आत्मीयकं कुलक्रमायातं गोत्रदेवीपूजन-पार्श्वस्थनमनाऽविधिप्ररूपणादि वर्जयामि ॥ १०३ ॥

**ભાવાર્થ :** મારું મૂળ આશ્રય અરિહંત દેવ તથા તેણે બતાવેલ ધર્મ, તથા સુજન એવો ગુરુજન છે. હું અરિહંત, ધર્મ અને સુગુરુનો આશ્રય કરું છું. એ સિવાય બીજા

પરતીર્થિક સંબંધી મિથ્યાત્વાદિ પાપસ્થાન અને સ્વ કુલના ક્રમથી આવેલ ગોત્રદેવીપૂજન-પાર્શ્વસ્થનમન-અવિધિની પ્રરૂપણા ઇત્યાદિને તજું છું.

**अम्हाण रायरोसं कस्सुवरि इत्थ नत्थि गुरुविसए ।**
**जिणआणरया गुरुणो धम्मत्थं सेस वोसिरिमो ॥ १०४ ॥**

[ अस्माकं रागरोषं कस्योपर्यत्र नास्ति गुरुविषये ।
जिनाज्ञारता गुरवो धर्मार्थं रोषान् व्युत्सृजामः ॥ ]

**ગાથાર્થ :** આ જગતમાં અમારે કોઈપણ ગુરુના વિષયમાં કોઈની ઉપર રાગ કે રોષ નથી. જિનાજ્ઞામાં રત ગુરુઓને ધર્મને માટે સ્વીકારીએ છીએ. બાકીનાનો ત્યાગ કરીએ છીએ.

अस्माकं रागरोषं समाहारान्नपुंसकत्वात् प्रीति-द्वेषौ कस्याप्युपरि अत्र जगति नास्ति गुरुविषये, केवलं जिनाज्ञारता गुरवो धर्मार्थे 'अङ्गीक्रियन्ते' इति शेषः । उप० देवान् निर्दोषान्, प्रोक्तं च धर्ममङ्गीकुर्मः । शेषानेताद्विपरीतान् व्युत्सृजामः ॥ १०४ ॥

**ભાવાર્થ :** ઉપર મુજબ.

**नो अप्पणा पराया गुरुणो कइयावि हुंति सुद्धाणं ।**
**जिणवयणरयणमंडणमंडिय सव्वेवि ते सुगुरू ॥ १०५ ॥**

[ नो आत्मीयाः परकीया गुरव कदापि भवन्ति शुद्धानाम् ।
जिनवचनरत्नमण्डनमण्डिताः सर्वेऽपि ते सुगुरवः ॥ ]

**ગાથાર્થ :** શુદ્ધ લોકોના ક્યારેય પોતાના, કે પારકા ગુરુઓ હોતા નથી. જે જિનવચનરૂપ રત્નથી શોભિત હોય તે સર્વે પણ સુગુરુઓ છે એમ માને.

नो नैव आत्मीयाः परकीया वा गुरवः कदापि भवन्ति शुद्धानाम् । 'एते हि अस्मत्पूर्वजादृतास्तेन यादृशास्तादृशा वा भवन्तु, एतत्पार्श्व एव व्रताद्युच्चार, कार्यः, वस्त्रपात्रादि वा एतेभ्य एव देयम्, इति विभागो न कल्पते । किं तर्हि । जिनवचनरत्नमण्डन-मण्डिता ये, सर्वेऽपि ते स्वगुरवः ॥ १०५ ॥

**ભાવાર્થ :** શુદ્ધ આત્માઓને, 'આમને અમારાં પૂર્વજોએ આદર્યા છે તેથી તેઓ જેવાં પણ હોય તેવા પણ તેમની પાસે જ વ્રતાદિ ઉચ્ચરાવવા, તેમને જ વસ્ત્રપાત્રાદિ આપવા ઇત્યાદિરૂપ પોતાના તરીકેનો ભાવ કે પારકા તરીકેનો ભાવ હોતો નથી. પોતાના કે પારકા એવો વિભાગ તે કરતા નથી. જિનવચનરૂપી રત્નથી સુશોભિત હોય તે બધાંને જ સુગુરુ તરીકે માને.

**बलिकिज्जामो सज्जणजणस्स सुविसुद्धपुन्नजुत्तस्स ।**
**जस्स लहु संगमेणं विसुद्धबुद्धि समुल्लसह ॥ १०६ ॥**

[ बलीक्रियामहे सज्जनजनस्य सुविशुद्धपुण्ययुक्तस्य ।
यस्य लघु संगमेन विशुद्धबुद्धिः समुल्लसति ॥ ]

**ગાથાર્થ :** સુવિશુદ્ધ પુણ્યથી યુક્ત એવા સજ્જનલોકને અમે વારી જઈએ છીએ કે જેના સંગમથી શીઘ્ર ધર્મ કરવામાં ઉદ્યમ સ્વરૂપ વિશુદ્ધબુદ્ધિ ઉલ્લાસ પામે છે.

वयं बलिक्रियामहे सज्जनजनस्य सुगुरोः सुविशुद्धेन पुण्येन श्रुतचारित्ररूपेण युक्तस्य, यस्य संगमेन लघु शीघ्रं शुद्धबुद्धिर्धर्मकरणोद्यमः समुल्लसति ॥ १०६ ॥

**ભાવાર્થ :** ઉપર મુજબ.

**अज्जवि गुरुणो गुणिणो सुद्धा दीसंति तडयडा केइ ।**
**परं जिणवल्लहसरिसो पुणोवि जिणवल्लहो चेव ॥ १०७ ॥**

[ अद्यापि गुरवो गुणिनः शुद्धा दृश्यन्ते क्रियाकठोराः ।
परं जिनवल्लभदृशः पुनरपि जिनवल्लभ एव ॥ ]

**ગાથાર્થ :** આજે પણ ગુણવાન, શુદ્ધ, ક્રિયામાં કઠોર એવા ગુરુઓ દેખાય છે પરંતુ જિનવલ્લભ સમાન તો વળી જિનવલ્લભ જ છે.

अस्मिन्नपि काले गुरवो गुणिनो ज्ञानादियुक्ताः शुद्धाः शुद्धप्ररूपकाः साक्षाद् वीक्ष्यन्ते । 'तडयडा' इति देश्यत्वात् क्रियाकठोराः केऽपि कियन्तः । परं जिनवल्लभसदृशः पुनरपि जिनवल्लभ एव । स हि जिनेश्वराचार्यदीक्षितोऽपि चैत्यवासं कटुविपाकं मत्वा संवेगात् सुविहितशिरोमणिश्रीमदभयदेवसूरिपार्श्वमुपसंपन्नः ॥ १०७ ॥

**ભાવાર્થ :** આ કાળમાં પણ જ્ઞાનાદિથી યુક્ત, શુદ્ધ પ્રરૂપક, કેટલાંક ક્રિયામાં કઠોર ગુરુઓ સાક્ષાત્ દેખાય છે. પરંતુ જિનવલ્લભ જેવાં તો પુનઃ જિનવલ્લભ જ છે. તે જિનેશ્વર, આચાર્ય પાસે દીક્ષિત થઈને પણ ચૈત્યવાસને કટુવિપાકવાળો માનીને સંવેગથી સુવિહિતશિરોમણિ-શ્રીમદ્અભયદેવસૂરિ પાસે આવ્યા.

**वयणेवि सुगुरुजिणवल्लहस्स केसिं न उल्लसइ सम्मं ।**
**अह कह दिणमणितेयं उलुयाणं हरइ अंधत्तं ? ॥ १०८ ॥**

[ वचनेऽपि सुगुरुजिनवल्लभस्य केषां नोल्लसति सम्यक्त्वम् ।
अथ कथं दिनमणितेज उलूकानां हरत्यन्धत्वम् ? ॥ ]

**ગાથાર્થ :** જિનવલ્લભસુગુરુના વચનથી પણ કોનું સમ્યક્ત્વ ઉલ્લસિત થતું નથી ? અથવા તો સૂર્યનું તેજ ઘુવડોના અંધત્વને કઈ રીતે દૂર કરી શકે ??

वचनात् सुगुरुजिनवल्लभस्यापि केषाञ्चित् सम्यक्त्वं नोल्लसति । अत्र दृष्टान्तमाह 'अथ' इति पक्षान्तरे, दिनमणितेज उलूकानामन्धत्वं कथं केन प्रकारेण हरति ? ॥ १०८ ॥

**ભાવાર્થ :** ઉપર મુજબ.

**तिहुयणजणं मरंतं दट्ठूण नियंति जे न अप्पाणं ।**
**विरमंति न पावाउ धिद्धी ! धिट्ठत्तणं ताण ॥ १०९ ॥**

[ त्रिभुवनजनं म्रियमाणं दृष्ट्वा पश्यन्ति ये नात्मानम् ।
विरमन्ति न पापाद् धिग्धिग् धृष्टत्वं तेषाम् ॥ ]

**ગાથાર્થ :** ત્રિભુવનના લોકોને મરતાં જોઈને જે પ્રમાદીઓ પોતાનાં આત્માને જોતા નથી, પાપથી અટકતા નથી, તેઓની ધિટ્ઠાઈને ધિક્કાર થાઓ.

त्रिभुवनजनं म्रियमाणां दृष्ट्वा पश्यन्ति ये प्रमादिनो नात्मानम् । कथमेवम् ? । यतो विरमन्ति न पापाद् दुष्कर्मांशः, तेषां धृष्टत्वं धिग् धिक् । तस्माद् धर्मप्रमादस्त्याज्य एव ॥ १०९ ॥

**ભાવાર્થ :** ત્રિભુવનના લોકોને મરતાં જોઈને જે પ્રમાદીઓ પોતાનાં આત્માને જોતા નથી, પાપથી અટકતા નથી, તેઓની ધિટ્ઠાઈને ધિક્કાર થાઓ. માટે ધર્મમાં પ્રમાદને છોડી જ દો.

**सोएण कंदिऊणं कुट्टेऊणं सिरं च उरउयरं ।**
**अप्पं खिवंति नरए तंपि य धिद्धी कुनेहत्तं ॥ ११० ॥**

[ शोकेन क्रन्दयित्वा कुट्टयित्वा शिरश्चोरोहृदयम् ।
आत्मानं क्षिपन्ति नरके तदपि च धिग्धिक् कुस्नेहत्वम् ॥ ]

**ગાથાર્થ :** શોકથી આક્રન્દ કરીને, મસ્તક, પેટ, હૃદય કૂટીને આત્માને નરકમાં નાંખે છે તે કુસ્નેહત્વને ધિક્કાર થાઓ.

शोकेनेष्टवियोगजेन क्रन्दयित्वा, कुट्टयित्वा शिर उरो हृदयमुदरं च, ततश्चात्मानं क्षिपन्ति नरके उपलक्षणत्वात् तिर्यग्गत्यादौ; तस्मादपि धिग् धिक् कुस्नेहत्वं मृतार्थे शिरः कुट्टनादि ॥ ११० ॥

**ભાવાર્થ :** ઈષ્ટના વિયોગથી ઉત્પન્ન થયેલા શોક વડે આક્રન્દ કરીને, માથુ - છાતી, પેટ કૂટીને આત્માને નરકમાં ઉપલક્ષણથી તિર્યંચગતિમાં નાંખે છે તે કુસ્નેહત્વને ધિક્કાર થાઓ.

**एगंपि य मरणदुहं अन्नं अप्पावि खिप्पए नरए ।**
**एगं च मालपडणं अन्नं च लउडेण सिरघाओ ॥ १११ ॥**

[ एकमपि च मरणदुःखमन्यदात्मापि क्षिप्यते नरके ।
एकं च मालपतनमन्यश्च लकुटेन शिरोघातः ॥ ]

**ગાથાર્થ :** એક તો મરણનું દુઃખ, અન્ય વળી આત્માને નરકમાં નાંખે છે. એક માળ ઉપરથી પડવું, બીજું વળી લાકડીથી મસ્તકનો ઘાત કરવો.

एकं प्रियमरणदुःखं तदर्थे शोकश्च आत्मानं क्षिप्यते (? ति) नरके । अत्रार्थे लौकिकदृष्टान्तः—एकं पुनर्मालात् पतनम्, अन्यः पुनर्लकुटेन यष्ट्या शिरोघातः ॥ १११ ॥

**ભાવાર્થ :** એક બાજુ પ્રિય વ્યક્તિના મરણનું દુઃખ અને બીજી બાજુ તેને માટે કરાતો શોક આત્માને નરકમાં નાંખે. એ માટે લૌકિકદષ્ટાંત બતાવે છે. એક તો માળ ઉપરથી પડવું અને પાછું તેની જ ઉપર લાકડીનો ઘાત કરવા જેવું છે.

**संपइ दूसमकाले धम्मत्थी सुगुरुसावया दुलहा ।**
**नामगुरु नामसड्ढा सरागदोसा बहू अत्थि ॥ ११२ ॥**

[ संप्रति दुःषमाकाले धर्मार्थिनः सुगुरुश्रावका दुर्लभाः ।
नामगुरवो नामश्राद्धाः सरागद्वेषा बहवः सन्ति ॥ ]

**ગાથાર્થ :** હમણાં દુઃષમકાળમાં ધર્મના અર્થી સુગુરુઓ અને સુશ્રાવકો દુર્લભ છે. રાગ-દ્વેષ સહિત નામથી જ આચાર્ય અને નામથી શ્રાવકો ઘણા છે.

संप्रति दुःषमाकाले धर्मार्थिनः सुगुरवः श्रावकाश्च दुर्लभाः, नाम्नैव गुरवो द्रव्याचार्याः, नाम्नैव श्राद्धाः सरागद्वेषा बहवः 'अस्ति' इत्यव्ययं सन्तीत्यर्थे ॥ ११२ ॥

**ભાવાર્થ :** ઉપર મુજબ.

**कहियंपि सुद्धधम्मं काहिवि धन्नाण जणइ आणंदं ।**
**मिच्छत्तमोहियाणं होइ रई मिच्छधम्मेसु ॥ ११३ ॥**

[ कथितोऽपि शुद्धधर्मः केषामपि धन्यानां जनयत्यानन्दम् ।
मिथ्यात्वमोहितानां भवति रतिर्मिथ्याधर्मेषु ॥ ]

**ગાથાર્થ :** કહેવાયેલો એવો પણ શુદ્ધધર્મ કેટલાક ધન્ય જીવોને આનંદ ઉત્પન્ન કરે છે, મિથ્યાત્વથી મોહિત લોકોને મિથ્યાધર્મોમાં રતિ આનંદ થાય છે.

लिङ्गव्यत्यये कथितोऽपि शुद्धधर्मः केषामपि स्तोकानामेव धन्यानां जनयत्यानन्दम्, यतो मिथ्यात्वमोहितानां भवति रतिः स्वास्थ्यं मिथ्याधर्मेषु लोकादिधर्मेषु ॥ ११३ ॥

**ભાવાર્થ :** ઉપર મુજબ.

**इक्कंपि महादुक्खं जिणसमयविऊण सुद्धहिययाणं ।**
**जं मूढा पावाइं धम्मं भणिऊण सेवंति ॥ ११४ ॥**

[ एकमपि महादुःखं जिनसमयविदां शुद्धहृदयानाम् ।
यन्मूढाः पापानि धर्मं भणित्वा सेवन्ते ॥ ]

**ગાથાર્થ :** જિનના આગમને જાણનારા શુદ્ધ હૃદયવાળા જીવોને એક મહાદુઃખ છે કે મૂઢ લોકો પાપોને, ધર્મ કહી કહીને સેવે છે.

अर्हन्मतविदां शुद्धहृदामप्येकं महादुःखं यन्मूढा मिथ्यात्वमोहिताः पापानि अगम्यगमनवधादीनि 'धर्मः' इति भणित्वा सेवन्ते, यदाहुस्ते भागवते;—

**"कामादुपागतां गच्छेदगम्यामपि योषितम् ।**
**जितेन्द्रियोऽपि तां त्यक्त्वा युज्यते स्त्रीवधेन सः ॥"**

इत्यादि; तथा, "द्वौ मासौ मत्स्यमांसेन" इत्यादि च । तथा, जैनम्मन्य अपि केचिद् 'यथा कथञ्चित् साधुभ्यो देयम्, लिङ्गमात्रमेव च वन्द्यम्' इत्याद्युक्त्वा आधाकर्मिकदाना-संयतभक्त्यादिकमपि धर्मतया कारयन्ति ॥ ११४ ॥

**ભાવાર્થ :** અરિહંતના મતને જાણનારા શુદ્ધ હૃદયવાળાઓને એક મહાદુઃખ થાય છે કે મિથ્યાત્વથી મોહાયેલા લોકો પાપોને ધર્મ કહીને સેવે છે. ભાગવતમાં કહ્યું છે "कामादुपागतां..... કામથી પાસે આવેલી અગમ્ય સ્ત્રીને પણ ભોગવવી. જો જિતેન્દ્રિય એવો પણ તે તેણીને તજે તો સ્ત્રીવધના પાપનો ભાગી બને છે તથા, "द्वौ मासौ मत्स्यमांसेन" ઇત્યાદિ. તથા પોતાને જૈન માનનારા એવાં પણ કેટલાક 'કોઈ પણ રીતે સાધુને આપવું, લિંગમાત્રથી બધાને વંદન કરવા 'ઇત્યાદિ કહીને આધાકર્મી દાન, અસંયતની ભક્તિ વગેરેને પણ ધર્મપણે કરાવે છે.'

**थोवा महाणुभावा जे जिणवयणे रमंति संविग्गा ।**
**तत्तो भवभयभीया सम्मं सत्तीइ पालंति ॥ ११५ ॥**

[ स्तोका महानुभावा ये जिनवचने रमन्ते संविग्नाः ।
ततो भवभयभीताः सम्यक्त्वं शक्त्या पालयन्ति ॥ ]

**ગાથાર્થ :** જે સંવિગ્નો જિનવચનમાં રમે છે તે મહાનુભાવો થોડા છે. તેના કરતા, સંસારના ભયથી ભીત બનેલા શક્તિપૂર્વક સમ્યક્ત્વનું પાલન કરે તેવા થોડા છે.

स्तोका महानुभावा महासत्त्वाः सन्ति येऽर्हदुक्तौ रमन्ति (? न्ते) रतिं कुर्वन्ति तद्वचनं शृण्वन्तीत्यर्थः । किं० । संविग्नाः संवेगशालिनः । ततस्तेभ्यः शुश्रूषकेभ्यः सकाशाद् ये भवभयभीताः सन्तः स्वशक्त्यनुसारेण सम्यक्त्वं पालयन्ति ते स्तोकाः, शुश्रूषाया निह्नवादिष्वपि सत्त्वात् । कोऽर्थः ? । ये जिनवचः शुश्रूषन्ति तेऽल्पाः, तेभ्योऽपि सम्यक्त्व-धारकाः स्तोकाः ॥ ११५ ॥

**ભાવાર્થ :** જે જિનવચનમાં રમે છે, તે સાંભળે છે. સંવેગથી શોભિત છે તે મહાસત્ત્વવાળા મહાનુભાવ થોડા છે. તે શુશ્રૂષકો કરતા સંસારના ભયથી ભય પામેલા જે પોતાની શક્તિ અનુસારે સમ્યક્ત્વનું પાલન કરે છે. તે થોડા છે.

**सव्वंगंपि हु सगडं जह न चलइ इक्कबडहिलरहियं ।**
**तह धम्मफडाडोवं न चलइ सम्मत्तपरिहीणं ॥ ११६ ॥**

[ सर्वाङ्गमपि खलु शकटं यथा न चलत्येककीलिकारहितम् ।
तथा धर्मस्फटाटोपो न चलति सम्यक्त्वपरिहीनः ॥ ]

**ગાથાર્થ :** સર્વાંગયુક્ત એવું પણ ગાડું જેમ એક ખીલીથી રહિત થાય તો ચાલતું નથી તેમ ધર્મનો આડંબર પણ, સમ્યક્ત્વહીન હોય તો ચાલતો નથી.

सर्वाङ्गयुक्तमप्यनो यथा न चलति, एका चासौ 'बडहिला' च लोकप्रसिद्धो धूर्मूले कीलिकाविशेषस्तया रहितम्, तथा धर्माडम्बरः, नपुंसकत्वं प्राकृतशैल्या, न चलति सम्यक्त्वपरिहीनः ॥ ११६ ॥

**ભાવાર્થ :** ઉપર મુજબ.

**न मुणंति धम्मतत्तं सत्थं परमत्थगुणहियं अहियं ।**
**बालाण ताण उवरिं कह रोसो मुणियधम्माणं ? ॥ ११७ ॥**

[ न जानन्ति धर्मतत्त्वं शास्त्रं परमार्थगुणहितमधिकम् ।
बालानां तेषामुपरि कथं रोषो ज्ञातधर्माणाम् ? ॥ ]

**ગાથાર્થ :** જે ધર્મના રહસ્યને જાણતા નથી, પરમાર્થથી ગુણરૂપ જ્ઞાનાદિને અધિક હિતકર એવા શાસ્ત્રને જાણતા નથી. તે બાલજીવો ઉપર ધર્મને જાણનારાઓને કેવી રીતે રોષ થાય ? ઉલટું દયા જ ઉદ્ભવે.

न मुणन्ति धर्मरहस्यम्, तथा, शास्त्रं न जानन्ति । किंभूतं शास्त्रम्, अधिकं यथा भवत्येवं परमार्थगुणानां ज्ञानादीनां हितम् । तेषां बालानामुपरि को रोषो मुणितधर्माणाम् ? प्रत्युतानुकम्पैव भवति ॥ ११७ ॥

**ભાવાર્થ :** ઉપર મુજબ.

**अप्पावि जाण वयरी तेसिं कह होई परजिए करुणा ।**
**चोराण बंदियाण य दिट्ठंतेणं मुणेयव्वं ॥ ११८ ॥**

[ आत्मापि येषां वैरी तेषां कथं भवति परजीवे करुणा ।
चौराणां बन्दिनां च दृष्टान्तेन ज्ञातव्यम् ॥ ]

**ગાથાર્થ :** જેઓનો પોતાનો આત્મા પણ વૈરી છે તેઓને પરજીવો પ્રત્યે કરુણા કઈ રીતે હોય ? તે વાત ચોર અને બંદીના દૃષ્ટાંતથી જાણવી.

स्वजीवोऽपि, आस्तामन्यः, येषां वैरी इव, जानन्तोऽपि कदाग्रहग्रस्तो उत्सूत्रोक्त्यादिनाऽऽत्मानमपि नरकं प्रापयन्ति, तेषामात्मशत्रूणां कथं भवति परजीवे उपदेश्ये करुणा । चौराणां तथा बन्दिकानां, ये बलादन्यान् गृहीत्वा धनार्थे बन्दीकुर्वन्ति तेषां दृष्टान्तेन मुणितव्यमेतत् पूर्वोक्तम् । ते हि प्राक् स्वमरणमङ्गीकृत्य ततोऽन्यान् प्रहरन्तीति ॥ ११८ ॥

ભાવાર્થ : બીજો તો દૂર રહો પણ પોતાનો જીવ પણ જેનો વૈરી જેવો છે. અર્થાત્ જાણવા છતાં કદાગ્રહથી ગ્રસ્ત લોકો ઉત્સૂત્ર બોલવા આદિ વડે આત્માને નરકમાં નાંખતા હોવાથી પોતાના શત્રુ છે. તેઓને બીજા જીવો પ્રત્યે કરુણા કઈ રીતે થાય ? જે લોકો ધનને માટે બલાત્કારે અન્યોને પકડીને બંદી બનાવે છે, તેઓ પહેલા સ્વમરણ સ્વીકારીને પછી બીજાઓને પ્રહાર કરે છે. એ દૃષ્ટાંતથી જાણવું.

**जे रज्जधणाईणं कारणभूया हवंति वावारा ।**
**तेवि हु अइपावजुया धन्ना छड्डुंति भवभीया ॥ ११९ ॥**

[ ये राज्यधनादीनां कारणभूता भवन्ति व्यापाराः ।
तानपि खल्वतिपापयुतान् धन्या मुञ्चन्ति भवभीताः ॥ .]

ગાથાર્થ : જે રાજ્ય-ધનાદિનાં કારણભૂત વ્યાપારો છે તેને પણ અતિપાપયુક્ત જાણીને ભવથી ભય પામેલા ધન્યજીવો છોડી દે છે.

ये राज्यधनादीनां हेतुभूता व्यापाराः शत्रुहनन–राज्यसेवा–कृषि–वाणिज्यादयस्तानपि, 'हुः' निश्चये, धन्याश्छर्दयन्ति भवभयभीताः सन्तो यतस्तेऽतिपापयुताः ॥ ११९ ॥

ભાવાર્થ : રાજ્ય-ધન વગેરેના કારણભૂત જે શત્રુહનન-રાજ્યસેવા-ખેતી વાણિજ્યાદિ વ્યાપારો છે તેને પણ અતિપાપયુક્ત હોવાથી સંસારથી ભય પામેલા ધન્ય જીવો તજે છે.

**बीया य सत्तरहिया धणसयणाईहिं मोहिया लुद्धा ।**
**सेवंति पावकम्मं वावारे उयरभरणट्ठे ॥ १२० ॥**

[ द्वितीयाश्च सत्त्वरहिता धनस्वजनादिभिर्मोहिता लुब्धाः ।
सेवन्ते पापकर्म व्यापारे उदरभरणार्थे ॥ ]

ગાથાર્થ : અને બીજા કેટલાક સત્ત્વરહિત લોકો, ધનસ્વજનાદિથી મોહ પામેલા, લોભવાળા ઉદરભરણરૂપ વ્યાપારમાં પાપકર્મને સેવે છે.

पूर्वोक्तमहासत्त्वेभ्योऽन्ये निःसत्त्वा धनार्जनस्वजनरक्षणादिभिर्मोहितास्त एव लुब्धा लोभवन्तः सेवन्ते पापकर्म कृष्यब्धितरणदेशान्तरयान–कर्मादानसेवादिदुष्कर्म । कस्मिन् ? । व्यापारे उदरभरणार्थरूपे नोपकारायेत्यर्थः ॥ १२० ॥

ભાવાર્થ : પૂર્વે કહેલ મહાસત્ત્વશાળીઓથી અન્ય જે નિઃસત્ત્વ લોકો ધન મેળવવું –સ્વજનરક્ષણ આદિથી મોહિત થયેલા, લોભવાળા ઉદરભરણાર્થરૂપ વેપારમાં ખેતી–સમુદ્ર તરવા—દેશાંતરગમન—કર્માદાનસેવનાદિ દુષ્કર્મો સેવે છે.

**तइयाहमाण अहमा कारणरहिया अनाणगव्वेण ।**
**जे जंपंति उस्सुत्तं तेसिं धिद्धित्थु पंडित्ते ॥ १२१ ॥**

[ तृतीया अधमानामधमा कारणरहिता अज्ञानगर्वेण ।
ये जल्पन्त्युत्सूत्रं तेषां धिग्धिगस्तु पाण्डित्यम् ॥ ]

**ગાથાર્થ :** ત્રીજા અધમોમાંયે અધમ કોટિના જીવો, કારણ વિના અજ્ઞાનગર્વ વડે જે ઉત્સૂત્ર બોલે છે તેઓના પાંડિત્યને ધિક્કાર થાઓ.

तृतीया अधमानामप्यधमाः सन्ति ये धनार्जनादिहेतुरहिता जल्पन्त्युत्सूत्रमज्ञानगर्वेण। तेषां पाण्डित्यं धिग् धिगस्तु, यदकारणमपि दुर्गतिं नयति ॥ १२१ ॥

**ભાવાર્થ :** ત્રીજા પ્રકારના અધમાધમ જીવો છે જે ધનાર્જનાદિ કારણ વિના પણ અજ્ઞાન અભિમાનથી ઉત્સૂત્રને બોલે છે. તેઓના પાણ્ડિત્યને ધિક્કાર થાઓ કે જે વિના કારણે દુર્ગતિમાં લઈ જાય છે.

**जं वीरजिणस्स जिओ मरियभवुस्सुत्तलेसदेसणओ ।**
**सागरकोडाकोडिं हिंडइ अइभीमभवगहणे ॥ १२२ ॥**

[ यद् वीरजिनस्य जीवो मरीचिभवोत्सूत्रलेशदेशनतः ।
सागरकोटाकोटीर्हिण्डत्यतिभीमभवगहने ॥ ]

**ગાથાર્થ :** જે કારણથી વીરજિનનો જીવ, મરીચીના ભવમાં લેશમાત્ર ઉત્સૂત્રની દેશનાથી કોટાકોટિ સાગરોપમ અતિભયંકર ભવવનમાં ભમ્યો.

यद् वीरजिनस्य जीवो मरीचिभवे उत्सूत्रलेशदेशनतः सागरोपम–कोटाकोटिं हिराडति भ्रमति अतिभीमभवगहने ॥ १२२ ॥

**ભાવાર્થ :** ઉપર મુજબ.

**ता जे इमंपि वयणं वारं वारं सुणित्तु समयम्मि ।**
**दोसेण अवगणित्ता उस्सुत्तपयाइं सेवंति ॥ १२३ ॥**

[ तस्माद् ये इदमपि वचनं वारं वारं श्रुत्वा समये ।
द्वेषेणावगणय्योत्सूत्रपदानि सेवन्ते ॥ ]

**ગાથાર્થ :** તેથી જેઓ આ (પૂર્વોક્ત) વચનને આગમમાં વારંવાર સાંભળીને દ્વેષથી અવગણીને ઉત્સૂત્રપદોને સેવે છે (અને બોલે છે.)

ततो ये इदं पूर्वोक्तं वचनं वारं वारं श्रुत्वा समये आवश्यकनिर्युक्त्यादौ दोषेणाभिनि-वेशरूपेणावगणय्य उत्सूत्रपदानि सेवन्ते, करणद्वारा जल्पन्ति च ॥ १२३ ॥

**ભાવાર્થ :** ઉપર મુજબ.

**ताण कहं जिणधम्मं कह नाणं कह दुहाण वेरग्गं ? ।**
**कूडाभिमाणपंडियनडिया बुडुंति नरयम्मि ॥ १२४ ॥**

[ तेषां कथं जिनधर्मः कथं ज्ञानं कथं दुःखेभ्यो वैराग्यम् ? ।
कूटयभिमानपाण्डित्यनटिता ब्रुडन्ति नरके ॥ ]

**ગાથાર્થ :** તેઓને કઈ રીતે જિનધર્મ મળે ? કઈ રીતે જ્ઞાન (સદ્બોધ) થાય, કઈ રીતે દુઃખોથી વૈરાગ્ય થાય ? જુઠ્ઠા અભિમાનવાળા પાણ્ડિત્યથી વિડંબણા પમાડાયેલા તે લોકો નરકમાં પડે છે.

तेषां कथं जिनधर्मः, कथं ज्ञानं सद्बोधः, कथं दुःखेभ्य उद्वेजनम् ? । तर्हि किं भवति ? । कूटेऽभिमानो यत्र तच्च तत् पाण्डित्यं च तेन नटिता विडम्बिता ब्रुडन्ति नरके ॥ १२४ ॥

**ભાવાર્થ :** ઉપર મુજબ.

**मा मा जंपइ बहुयं जे बद्धा चिक्कणेहिं कम्मेहिं ।**
**सव्वेसिं तेसिं जायइ हिओवएसो महादोसो ॥ १२५ ॥**

[ मा मा जल्पत बहु ये बद्धाश्चिक्कणैः कर्मभिः ।
सर्वेषां तेषां जायते हितोपदेशो महाद्वेषः ॥ ]

**ગાથાર્થ :** બહુ હિતોપદેશ ન બોલો. જેઓ અતિ ચીકણા કર્મો વડે બંધાયેલા છે તે સર્વેને હિતનો ઉપદેશ મહાદોષવાળો થાય છે.

'मा मा' इति निषेधे, जल्पत बहुकं हितोपदेशम्, । कुतः ? । ये बद्धाश्चिक्कणैर्निबिडैः कर्मभिः सर्वेषां तेषां जायते हितोपदेशो महादोषो द्वेषः '[१]आमे घडे निहित्तं' इत्यादिको महादोषो वा ॥ १२५ ॥

**ભાવાર્થ :** ઉપર મુજબ.

**हिययम्मि जे कुसुद्धा ते किं बुज्झयंति धम्मवयणेहिं ? ।**
**ता ताण कए गुणिणो निरत्थयं दमिहिं अप्पाणं ॥ १२६ ॥**

[ हृदये ये कुशुद्धास्ते किं बुध्यन्ते धर्मवचनैः ? ।
तस्मात् तेषां कृते गुणिनो निरर्थकं दमयन्त्यात्मानम् ॥ ]

**ગાથાર્થ :** જેઓ હૃદયમાં કુશુદ્ધ - મલિન છે તેઓ ધર્મવચનો વડે શું બોધ પામી શકે ? તેથી ગુણવાનો, તેમને માટે નિરર્થક આત્માને દમે છે.

हृदये कुशुद्धाः कदाग्रहादिदोषयुक्तास्ते किं बुध्यन्ते शुद्धवचनैरागमोक्तिभिः ? । 'ता' तस्मात् तेषां कृते गुणिनो दमयन्ति तत्प्रतिबोध-प्रयासेनात्मानं स्वम् ॥ १२६ ॥

**ભાવાર્થ :** જેઓ હૃદયમાં કદાગ્રહાદિદોષથી યુક્ત છે તેઓ આગમના વચનો વડે શું બોધ પામે ? તેથી તેમને પ્રતિબોધ કરવાના પ્રયત્ન વડે ગુણવાનો પોતાનું દમન

१. आमे घटे निहितम् ।

કરે છે. તે નિરર્થક છે.

**दूरे करणं दूरम्मि साहणं तह पभावणा दूरे ।**
**जिणधम्मसद्दहावि तिक्खदुक्खाइं निट्ठवइ ॥ १२७ ॥**

[ दूरे करणं दूरे साधनं तथा प्रभावना दूरे ।
जिनधर्मश्रद्धापि तीक्ष्णदुःखानि निष्ठापयति ॥ ]

**ગાથાર્થ :** કરણ દૂર રહો, સાધન તથા પ્રભાવના દૂર રહો, માત્ર જિનધર્મની શ્રદ્ધા પણ તીક્ષ્ણદુ:ખોનો નાશ કરે છે.

करणं दूरे चतुर्धा धर्मस्य वर्तते, तथा प्रसाधनं वाचा भणनं दूरे, तथा, प्रभावना "[1]पावयणी धम्मकही" इत्येवंविधप्रभावकाञ्चितार्हन्मतमहिमा दूरे । किं तर्हि ? । जिनधर्मश्रद्धानमपि तीक्ष्णदुःखानि निष्ठापयति, इलापुत्रवत् ॥ १२७ ॥

**ભાવાર્થ :** ચાર પ્રકારના ધર્મના સેવનરૂપ કરણ દૂર રહો, વાણીથી બોલવા રૂપ તેને સિદ્ધ કરવારૂપ પ્રસાધન દૂર રહો, "पावयणी धम्मकही" એવા પ્રકારના પ્રભાવકથી થયેલ અરિહંતના મતનો મહિમા, તે સ્વરૂપ પ્રભાવના પણ દૂર રહો, કેવલ જિનધર્મની શ્રદ્ધા પણ તીક્ષ્ણદુ:ખોને દૂર કરે છે. ઈલાપુત્રની જેમ.

**कइया होही दिवसो जइया सुगुरूण पायमूलम्मि ।**
**उस्सुत्तलेसविसलवरहिओ णिसुणेमि जिणधम्मं ॥ १२८ ॥**

[ कदा भविष्यति दिवसो यदा सुगुरूणां पादमूले ।
उत्सूत्रलेशविषलवरहितः श्रोष्यामि जिनधर्मम् ? ॥ ]

**ગાથાર્થ :** તે દિવસ ક્યારે થશે કે જ્યારે સુગુરુના ચરણતળે રહેલો હું ઉત્સૂત્રના લેશ રૂપ વિષલવથી રહિત બનેલો જિનધર્મને સાંભળીશ ?

कदा कस्मिन् काले भविष्यति स दिवसो दिनं, पक्षाद्युपलक्षणम्, यदा सुगुरुपादमूले स्थितोऽहं जिनधर्मं निश्रुणोमि, "वर्तमानसामीप्ये वर्तमानवद्वा" इति वचनात् श्रोष्यामि । किंभूतः सन् । उत्सूत्रलेश-विषलवरहितः ॥ १२८ ॥

**ભાવાર્થ :** ઉપર મુજબ.

**दिट्ठावि केवि गुरूणो हियए न रमंति मुणियतत्ताणं ।**
**केवि पुण अदिट्ठच्चिय रमंति जिनवल्लहो जेम ॥ १२९ ॥**

[ दृष्टा अपि केऽपि गुरवो हृदये न रमन्ते ज्ञाततत्त्वानाम् ।
केऽपि पुनरदृष्टा एव रमन्ते जिनवल्लभो यथा ॥ ]

---

१. प्रावचनिक; धर्मकथी ।

**ગાથાર્થ :** તત્ત્વજ્ઞાતાઓને કેટલાક ગુરુઓ જોવાયેલા પણ હૃદયમાં રમતા નથી. તો વળી કેટલાક નહિ જોવાયેલા પણ હૃદયમાં રમે છે જેમકે જિનવલ્લભ.

दृष्टा अपि, आस्तां (? सताम्) श्रुताः केऽपि गुरवः सामाचारीदक्षा हृदि न रमन्ते मुणिततत्त्वानाम् । तत्त्वज्ञास्तु जानन्ति यन्नैकाकि ज्ञानं सुगुरुताहेतुः, केवला क्रिया वा, किन्तु ज्ञानक्रिये द्वे अपि संवेगयुते सुगुरुताकारणं भवतः । दृश्यमानेषु क्वचित् संवेगाभावः, क्वचित् क्रियाऽभावः, क्वचित् श्रुताभाव इति संतोषाय न तेषाम् । केऽपि पुनरदृष्टा एव तच्चरितश्रुत्या रमन्ते । क इव ? । जिनवल्लभो यथा ॥ १२९ ॥

**ભાવાર્થ :** તત્ત્વને જાણનારાઓને, સંભળાયેલા તો દૂર પણ જોવાયેલા પણ કેટલાક સામાચારી માત્રમાં નિપુણ એવા ગુરુઓ હૃદયમાં રમતા નથી. કારણ કે તત્ત્વજ્ઞો જાણે છે કે એકલું જ્ઞાન, કે એકલી ક્રિયા સુગુરુપણાનું કારણ નથી. પણ બંનેય સંવેગયુક્ત સુગુરુપણાનું કારણ થાય છે. દેખાતા કેટલાક ગુરુઓમાં ક્યાંક સંવેગનો અભાવ છે, ક્યાંક ક્રિયાનો અભાવ છે, ક્યાંક શ્રુતનો અભાવ છે. તેથી તત્ત્વજ્ઞોના સંતોષને માટે થતા નથી. તો વળી કેટલાક તો જોવાયા ન હોવા છતાં તેમના ચારિત્રના શ્રવણથી જ હૃદયમાં રમે છે. જેમકે જિનવલ્લભ ગુરુ.

**अजिया अइपाविट्ठा सुद्धगुरू जिणवरिंदतुल्लत्ति ।**
**जो इह एवं मन्नइ सो विमुहो सुद्धधम्मस्स ॥ १३० ॥**

[ अजिता अतिपापिष्ठाः शुद्धगुरवो जिनवरेन्द्रतुल्या इति ।
य इहैवं मन्यते स विमुखः शुद्धधर्मस्य ॥ ]

**ગાથાર્થ :** નહિ જીતાયેલા, અતિપાપિષ્ઠ લોકોને પણ, 'આ શુદ્ધગુરુઓ છે જિનવરેન્દ્રતુલ્ય છે' એમ જે માને છે તે શુદ્ધધર્મની વિમુખ છે.

अजिताः षड्जीववधनिरपेक्षा अत एवातिपापिष्ठा ये भवन्ति तेऽपि शुद्धगुरवो गौतमादिकल्पा अथवा जिनवरेन्द्रतुल्या इत्येवं यः कोऽप्यविवेकलुप्तदृगिह मन्यते स विमुखः पराङ्मुखः शुद्धधर्मस्य ॥ १३० ॥

**ભાવાર્થ :** ષટ્જીવનિકાયના વધમાં નિરપેક્ષ એવા નહિ જીતેલા અતિપાપિષ્ઠ લોકો છે તે પણ શુદ્ધગુરુ છે, ગૌતમાદિ જેવા અથવા તો જિનેન્દ્રવરતુલ્ય છે. એમ જે અવિવેકથી લુપ્ત થયેલી દૃષ્ટિવાળો માણસ માને છે તે શુદ્ધધર્મની વિમુખ છે.

**जो तं वंदसि पुज्जसि वयणं हीलेसि तस्स रागेण ।**
**ता कह वंदसि पुज्जसि जणवायठिइंपि न मुणेसि ॥ १३१ ॥**

[ यं त्वं वन्दसे पूजयसि वचनं हेलयसि तस्य रागेण ।
तदा कथं वन्दसे पूजयसि जनवादस्थितिमपि न जानासि ॥ ]

ગાથાર્થ : જેને તું વંદે છે, પૂજે છે, તેના જ વચનની રાગથી તું નિંદા કરે છે તો કેમ તું તેને વંદે છે પૂજે છે ? જનવાદની સ્થિતિને પણ જાણતો નથી ?

"व्यत्ययोऽप्यासाम्" इत्युक्तेर्द्वितीयार्थे प्रथमा, ततो यं जिनं त्वं वन्दसे, तथा पूजयसि, तस्यैव चार्हतो वचनमागमरूपं हीलयसि रागेण प्रस्तावात्स्वगुरुप्ररूपितोत्सूत्रादिदृष्टिरागेण। 'ता' तर्हि कथं त्वं वन्दसे पूजयसि वा ?। 'किम्' इत्याध्याहार्यम्। किं जनवादस्थितिमपि लोकोक्तिव्यवहारमपि न जानासि ? ॥ १३१ ॥

**ભાવાર્થ :** જે જિનને તું વંદે છે તથા પૂજે છે, તે જ અરિહંતના આગમરૂપ વચનની, સ્વગુરુપ્રરૂપિતઉત્સૂત્રાદિ પ્રત્યેના દૃષ્ટિરાગ વડે હીલના કરે છે. તો કઈ રીતે તું વંદે છે પૂજે છે ? શું લોકોકિતના વ્યવહારને પણ જાણતો નથી ? તે લોકસ્થિતિ કઈ છે તે કહે છે.

का सा स्थितिरित्याह—

તે લોકસ્થિતિ કઈ છે તે કહે છે.

**लोएवि इमं सुणियं जो आराहिज्जइ सो न कोविज्जा ।**
**मन्निज्ज तस्स वयणं जइ इच्छसि इच्छियं काउं ॥ १३२ ॥**

[ लोकेऽपीदं श्रुतं यमाराधयेत् तं न कोपयेत् ।
मन्येत तस्य वचनं यदीच्छसीप्सितं कर्तुम् ॥ ]

ગાથાર્થ : લોકમાં પણ એમ સંભળાયેલું છે કે – જો પોતાનું ઇચ્છિત કરવાને ઇચ્છતો હોય તો, જેને (રાજાદિકને) આરાધે તેના પ્રત્યે કોપ ન કરવો અને તેનું વચન માનવું.

लोकेऽपीदं श्रुतम्, आस्तां लोकोत्तरे, यमाराधयेद् राजादिकं तं न कोपयेत्, मानयेत् तस्य वचनमाज्ञारूपम्, यदि चेदिच्छसि ईप्सितं स्वहितमनुष्ठातुम् ॥ १३२ ॥

**ભાવાર્થ :** ઉપર મુજબ.

**दूसमदंडे लोए सुदुक्खसिद्धम्मि दुक्खउदयम्मि ।**
**धन्नाण जाण न चलइ सम्मत्तं ताण पणमामि ॥ १३३ ॥**

[ दुःषमादण्डे लोके सुदुःखसिद्धे दुःखोदये ।
धन्यानां येषां न चलति सम्यक्त्वं तान् प्रणमामि ॥ ]

ગાથાર્થ : દુઃષમારૂપી દંડ જેમાં છે, તથા અતિદુઃખોથી નિષ્પન્ન દુઃખનો ઉદય જેમાં છે એવા લોકમાં જે ધન્યોનું સમ્યક્ત્વ ચલાયમાન થતું નથી તેઓને પ્રણામ કરું છું.

दुःषमैव पञ्चमारक एव दण्डयत्यासीकरोत्यायुर्बलसंपन्मेधाद्यपहारेण लोकमिति दुःषमा-

दाण्डस्तस्मिँल्लोके सांप्रतकालभाविजने, अतएव सुदुःखसिद्धे तीक्ष्णकृच्छ्रनिष्पन्ने । पुनः किंभूते । दुःखानां मानसिकादीनां कष्टानामुदयो यत्र तस्मिन् । ईदृशेऽपि लोके धन्यानां येषां सम्यक्त्वं न चलति, अस्मिन् काले हि सम्यक्त्वस्य दुर्लभत्वात्, ततस्तान् प्रणमामि ॥ १३३ ॥

**ભાવાર્થ :** આયુ, બળ, સંપત્તિ, મેધા આદિને ક્ષીણ કરવા વડે જે દંડે છે તે દુઃષમકાળરૂપ દંડવાળા લોકમાં, તીક્ષ્ણકષ્ટોથી ઉત્પન્ન માનસિકાદિ દુઃખોના ઉદયમાં પણ જે ધન્ય જીવોનું સમ્યક્ત્વ ચલાયમાન થતું નથી, તેઓને હું પ્રણામ કરું છું.

**नियमइअणुसारेणं ववहारनएण समयबुद्धीए ।**
**कालक्खित्ताणुमाणे परिक्खिओ जाणिओ सुगुरू ॥ १३४ ॥**

**तहवि हु नियजडयाए कम्मगुरुत्तस्स नेय वीससिमो ।**
**धन्नाण कयत्थाणं सुद्धगुरू मिलइ पुन्नेहिं ॥ १३५ ॥**

**अहयं पुणो अधन्नो ता जइ पत्तो य अह न पत्तो य ।**
**तहवि हु मह सो सरणं संपइ जो जुगप्पहाणगुरू ॥ १३६**

[ निजमत्यनुसारेण व्यवहारनयेन समयबुद्ध्या ।
कालक्षेत्रानुमानेन परीक्षितो ज्ञातः सुगुरुः ॥

तथापि खलु निजजडतां कर्मगुरुत्वं नैव विश्वसिमः ।
धन्यानां कृतार्थानां शुद्धगुरुर्मिलति पुण्यैः ॥

अहकं पुनरधन्यस्तस्माद्यदि प्राप्तश्चाथ न प्राप्तश्च ।
तथापि खलु मम स शरणं संप्रति यो युगप्रधानगुरुः ॥ ]

**ગાથાર્થ :** સ્વમતિના અનુસારે, વ્યવહારનયથી, શાસ્ત્રની બુદ્ધિથી, કાલ ને ક્ષેત્રના અનુમાનથી પરીક્ષા કરાયેલા સુગુરુ તરીકે જણાયા છે.

**ગાથાર્થ :** તો પણ પોતાની જડતા અને કર્મની ગુરુતાનો અમે વિશ્વાસ કરતાં નથી, જે કારણથી ધન્ય અને કૃતાર્થ જીવોને પુણ્યથી જ શુદ્ધગુરુ સુગુરુ મળે છે.

**ગાથાર્થ :** વળી હું અધન્ય છું તેથી જો પ્રાપ્ત કરાયા કે ન કરાયા. તો પણ હમણાં જે યુગપ્રધાનગુરુ છે તે જ મારે શરણ થાઓ.

निजमत्यनुसारेण, तथा

**"[१]आलएणं विहारेणं ठाणंचंकमणेण य ।**
**सक्का सुविहिया णाउं भासा वेणइएगा य ॥ १ ॥"**

---

१. आलयेन विहारेण स्थानचङ्क्रमणेन च ।
शक्याः सुविहिता ज्ञातुं भाषया वैनयिकेन च ॥ १ ॥

इत्यादिना व्यवहारनयेन, तथा, "[1]सव्वजिणाणं जम्हा बउसकुसीलेहिं वट्टए तित्थं" इत्यादिश्रुतसुबुद्ध्या, कालक्षेत्रानुमानेन सुगुरुर्धर्माचार्यः **श्रीजिनपत्तिसूरिस्त्वम्** परीक्षितो विचारितस्तथा ज्ञातोऽवगतः । यद्यप्येवमस्ति तथापि, 'हुः' निश्चये, जडतायाः कर्मगुरुत्वस्य च नैव विश्वसिमः, यतो धन्यानां कृतार्थानां शुद्धगुरुर्मिलति पुण्यैरेव । ननु तर्हि तव किम् ? अहं पुनरधन्यो येन मे नाजनि प्राग् गुरुयोगस्ततो जातेऽपि तस्मिन् शङ्के 'ता' तस्माद् यदि प्राप्तः सोऽथ च न प्राप्तस्तथापि मे भवतु शरणं स इति संप्रति काले यो युगप्रधानगुरुः ॥ १३४ ॥ १३५ ॥ १३६ ॥

**ભાવાર્થ :** (૧૩૪, ૧૩૫, ૧૩૬) નિજમતિને અનુસારે, "आलएणं......" "આલય વડે, વિહાર વડે, સ્થાને ચંક્રમણ કરવા વડે, ભાષા વડે અને વિનય વડે સુવિહિત સાધુઓ ઓળખી - જાણી શકાય છે." ઈત્યાદિ વ્યવહારનય વડે, તથા 'સર્વજિનેશ્વરોનું તીર્થ બકુશ ને કુશીલો વડે જ વર્તે છે.' ઈત્યાદિ શ્રુતની બુદ્ધિથી, કાલ અને ક્ષેત્રના અનુમાનથી શ્રીજિનપત્તિસૂરિ રૂપ સુગુરુની પરીક્ષા કરી અને જાણ્યા. તો પણ અમે પોતાની જડતા અને કર્મની ગુરુતાનો વિશ્વાસ કરતા નથી, કેમકે ધન્યોને કૃતાર્થ જીવોને પુણ્યથી જ શુદ્ધ ગુરુ મળે છે. હું વળી અધન્ય છું. જેથી મને પૂર્વે ગુરુનો યોગ થયો નથી. તેથી હવે યોગ થવા છતાં પણ શંકા કરું છું જો પ્રાપ્ત થયો કે ન થયો તોપણ વર્તમાનમાં જે યુગપ્રધાનગુરુ છે તે મારું શરણ હો.

**जिणधम्मं दुन्नेयं अइसयनाणीहिं नज्जए सम्मं ।**
**तहवि हु समयट्ठिईए ववहारणएण नायव्वं ॥ १३७ ॥**

[ जिनधर्मो दुर्ज्ञेयोऽतिशयज्ञानिभिर्ज्ञायते सम्यक् ।
तथापि खलु समयस्थित्या व्यवहारनयेन ज्ञातव्यः ॥ ]

**ગાથાર્થ :** જિનધર્મ દુર્જ્ઞેય છે, અતિશયજ્ઞાનીઓ વડે સારી રીતે જણાય છે તોપણ શાસ્ત્રની સ્થિતિ વડે વ્યવહારનયથી જાણવા યોગ્ય છે.

जिनधर्मो दुर्ज्ञेयः, उत्सर्गापवादनिश्चयव्यवहारादिनयात्मकत्वात्, ततोऽतिशयज्ञानिभिश्चतुर्दशपूर्वधरादिभिर्ज्ञायते सम्यक्स्थितत्वेन; तथा पि समयस्थित्या—

**"[2]उस्सग्गववायाविऊ गीयत्थो निस्सओ य जो तस्स ।**
**अणगूहंतो विरियं असढो सव्वत्थ चारित्ते ॥ १ ॥"**

---

१. सर्वजिनानां यस्माद् बकुशकुशीलैर्वर्तते तीर्थम् ।

२. उत्सर्गापवादविद् गीतार्थो निश्चयश्च यस्तस्य ।
अगूहन् वीर्यमशठः सर्वत्र चारित्रे ॥ २ ॥

इत्यादिकया । तथा,

"[1]निच्छयओ दुन्नेयं को भावो कम्मि वट्टए समणो ।
ववहारओ उ जुज्जइ जो पुव्वविऊ चरित्तम्मि ॥ १ ॥"

इत्यादिव्यवहारनयेन च वेदितव्योऽर्हद्धर्माराधकगुरुद्वारा जिनधर्मः ॥ १३७ ॥

**ભાવાર્થ :** ઉત્સર્ગ - અપવાદ - નિશ્ચય - વ્યવહારાદિનયાત્મક હોવાથી જિનધર્મ દુઃખે કરીને જાણી શકાય તેવો છે. ૧૪ પૂર્વધરાદિ અતિશય જ્ઞાનીઓ વડે સારી રીતે જાણી શકાય છે. તોપણ, "[1]उस्सग्गववायाविऊ......." ઇત્યાદિરૂપ શાસ્ત્રની નીતિથી તથા "[2]निच्छयओ दुन्नेयं......" ઇત્યાદિ વ્યવહાર નય વડે અરિહંતના ધર્મના આરાધક ગુરુ દ્વારા જિનધર્મ જાણવો જોઈએ.

**जम्हा जिणेहिं भणियं सुयववहारं विसोहयंतस्स ।**
**जायइ विसुद्धबोही जिणआणाराहगत्ताओ ॥ १३८ ॥**

[ यस्माज्जिनैर्भणितं श्रुतव्यवहारं विशोधयतः ।
जायेत विशुद्धबोहिर्जिनाज्ञाराधकत्वात् ॥ ]

**ગાથાર્થ :** જે કારણથી જિનેશ્વરોએ કહ્યું છે કે – શ્રુતવ્યવહારને શુદ્ધ કરનારને વિશુદ્ધબોધિ ઉત્પન્ન થાય છે. જિનાજ્ઞાનો આરાધક હોવાથી.

यद् यस्माज्जिनैर्भणितं श्रुतव्यवहारं विशोधयतः श्रुतव्यवहारेण चारित्रशुद्धिं कुर्वतो जायते शुद्ध। बोधिर्धर्मप्राप्तिः, केवलिनापि तस्याङ्गीकरणात्। कस्मात्? जिनाज्ञाराधकत्वात्। जिनाज्ञा चैवम्;—

"[2]जो जिणमयं पवज्जह ता मा ववहारनिच्छयं मुयह ।
ववहारनयच्छेए तित्थुच्छेओ जओ भणिओ ॥ १ ॥" ॥ १३८ ॥

**ભાવાર્થ :** જે કારણથી જિનેશ્વરોએ કહ્યું છે કે – શ્રુતવ્યવહાર વડે ચારિત્રની શુદ્ધિ કરનારને શુદ્ધ બોધિધર્મની પ્રાપ્તિ થાય છે કેમકે કેવલી પણ તે શ્રુતના વ્યવહારને સ્વીકારે છે. જિનાજ્ઞાનું આરાધકપણું હોવાથી. અને જિનાજ્ઞા આ પ્રમાણે છે – "જો જિનમતને સ્વીકારો છો તો વ્યવહાર નિશ્ચયને છોડતા નહિ. કેમકે વ્યવહારનયના છેદમાં તીર્થનો છેદ છે તેમ કહેવાયું છે.

---

१. निश्चयतो दुर्ज्ञानः को भावः कस्मिन् वर्तते श्रमणः ।
व्यवहारतस्तु युज्यते यः पूर्वविद्चारित्रे ॥ १ ॥

२. यदि जिनमतं प्रपद्यध्वं ततो मा व्यवहार-निश्चयौ मुञ्चत ।
व्यवहारनयच्छेदे तीर्थच्छेदो यतो भणितः ॥ १ ॥

**जे जे दीसंति गुरू समयपरिक्खाए ते न पुज्जंति ।**
**पुणमेगं सद्दहणं दुप्पसहो जाव जं चरणं ॥ १३९ ॥**

[ ये ये दृश्यन्ते गुरवः समयपरीक्षया ते न पूर्यन्ते ।
पुनरेकं श्रद्धानं दुष्प्रसहं यावद् यच्चरणम् ॥ ]

**ગાથાર્થ :** જે જે ગુરુઓ દેખાય છે તે શાસ્ત્રની પરીક્ષા વડે તે સમર્થ થતા નથી, પણ વળી એક શ્રદ્ધા છે કે દુષ્પ્રસહસૂરિ પર્યંત ચારિત્ર છે એવું પ્રતિપાદન કરેલું છે.

ये ये दृश्यन्ते गुरवः संप्रति समयपरीक्षया ते न पूर्यन्ते परीक्षां न सहन्ते । पुनरेकं श्रद्धानं वर्तते । दुष्प्रसहो यावद् यद् यस्माच्चरणं प्रतिपादितमस्ति ॥ १३९ ॥

**ભાવાર્થ :** ઉપર મુજબ.

**ता एगो जुगपवरो मज्झत्थमणेहिं समयदिट्ठीए ।**
**सम्मं परिक्खियव्वो मुत्तूणं पवाहहलबोलं ॥ १४० ॥**

[ तस्मादेको युगप्रवरो मध्यस्थमनोभिः समयदृष्ट्या ।
सम्यक्परीक्षितव्यो मुक्त्वा प्रवाहकलकलम् ॥ ]

**ગાથાર્થ :** તેથી મધ્યસ્થમનવાળા પુરુષોએ શાસ્ત્રોની દૃષ્ટિ વડે એક યુગપ્રવરની સારી રીતે પરીક્ષા કરી લેવી. પ્રવાહના કોલાહલને છોડી દેવો.

तस्मादेको युगप्रवरो मध्यस्थमनोभिः पुम्भिः समयं दृष्ट्वा निशीथव्यवहारादिश्रुतविचारणया सम्यक् परीक्षणीयः किं कृत्वा ? । मुक्त्वा प्रवाहकलकलम् ॥ १४० ॥

**ભાવાર્થ :** ઉપર મુજબ.

**संपइ दसमच्छेरयनामायरिएहिं जणियजणमोहा ।**
**सुहधम्माउ निउणवि चलंति बहुजणपवाहाओ ॥ १४१ ॥**

[ संप्रति दशमाश्चर्यनामाचार्यैर्जनितजनमोहाः ।
शुभधर्मान्निपुणा अपि चलन्ति बहुजनप्रवाहात् ॥ ]

**ગાથાર્થ :** હમણાં દશમા આશ્ચર્ય અને નામાચાર્યો વડે મોહ પામેલા નિપુણ એવા પણ લોકો બહુજનના પ્રવાહથી શુભધર્મથી ચલિત થાય છે.

संप्रति दुःषमायां दशमाश्चर्यं चासंयतपूजालक्षणम्, नामाचार्याश्च लिङ्गमात्रोपजीविनः साधुक्रियाविकलाः सूरयस्तैर्दशमाचार्यैर्जनितो 'जण' इति प्राकृतजनोचितो मोहो येषां मध्यपदलोपात् ते जनितजनमोहा निपुणा अपि शुद्धधर्माच्चलन्ति । कस्मात् ? । बहुजनप्रवाहात् 'वंशक्रमायाता भ्रष्टा अपि गुरवो मान्या एव' इत्यादिकात् ॥ १४१ ॥

**ભાવાર્થ :** દુઃષમકાળમાં અસંયતપૂજારૂપ ૧૦મું અછેરું અને નામાચાર્યો એટલે કે

લિંગમાત્રથી જીવનારા, સાધુક્રિયારહિત સૂરિઓ વડે ઉત્પન્ન કરાયો છે મોહ જેમને એવા નિપુણ લોકો પણ, 'વંશના ક્રમથી આવેલા ભ્રષ્ટ થયેલા પણ ગુરુઓ માન્ય જ કરવા જોઈએ' ઈત્યાદિ બહુજનપ્રવાહથી શુદ્ધધર્મથી ચલાયમાન થાય છે.

**जाणिज्ज मिच्छदिट्ठी जे पडियालंबणाइं गिण्हंति ।**
**जे पुण सम्मद्दिट्ठी तेसिं मणो चडणपयडीए ॥ १४२ ॥**

[ जानीत मिथ्यादृष्टीन् ये पतितालम्बनानि गृह्णन्ति ।
ये पुनः सम्यग्दृष्टयस्तेषां मनश्चटनपदिकायाम् ॥ ]

**ગાથાર્થ :** જે પતિતોનું આલંબન લે છે તેને મિથ્યાદષ્ટિ જાણો. જે વળી સમ્યગ્દષ્ટિ છે તેઓનું મન ચડવાના પગથિયામાં હોય છે.

जानीत मिथ्यादृष्टींस्तान् ये पतितानां मार्गभ्रष्टपार्श्वस्थादीनां तच्छ्राद्धानां वालम्बनानि तदाचीर्णकुप्रवृत्तिबहुमानवस्तुपालाद्याचीर्णाप्रपाकूपारामादिकरणरूपानि गृह्णन्ति । ये पुनः सम्यग्दृष्टयस्तेषां मनश्चित्तं चटनपदिकायां गुणस्थानारोहमार्गे भवति ॥ १४२ ॥

**ભાવાર્થ :** જે માર્ગભ્રષ્ટનું પાર્શ્વસ્થાદિનું કે તેના શ્રાવકોનું પડેલા લોકોનું આલંબન લે છે, તેમણે આચરેલ કુપ્રવૃત્તિ ઉપર બહુમાનરૂપ, તેમજ વસ્તુપાલાદિએ બનાવેલા પરબ, કૂવા, બગીચા આદિને કરવા રૂપ આલંબન લે છે તેને મિથ્યાદષ્ટિ જાણો. જેઓ વળી સમ્યગ્દષ્ટિ છે તેઓનું મન ગુણસ્થાન ઉપર ચઢવાનાં માર્ગમાં હોય છે.

**सव्वंपि जए सुलइं सुवन्नरयणाइवत्थुवित्थारं ।**
**निच्चं चिय मेलावं सुमग्गनिरयाण अइदुलहं ॥ १४३ ॥**

[ सर्वोऽपि जगति सुलभः सुवर्णरत्नादिवस्तुविस्तारः ।
नित्यमेव मेलः सुमार्गनिरतानामतिदुर्लभः ॥ ]

**ગાથાર્થ :** જગતમાં આખોય સુવર્ણ-રત્નાદિવસ્તુનો વિસ્તાર પ્રાપ્ત થવો સુલભ છે પરંતુ સદાય સુમાર્ગમાં નિરત જીવોનો મેળાપ અતિ દુર્લભ છે.

सर्वमपि जगति सुलभं सुवर्णारत्नादिवस्तुविस्तारं जानीत, किन्तु नित्यमेव मेलापकं सुमार्गनिरतानामतिदुर्लभम्, "[1]दुल्लहो माणुसो जम्मो" ॥ १४३ ॥

**ભાવાર્થ :** ઉપર મુજબ.

**अहिमाणविसोवसमत्थयं च थुव्वंति देव गुरुणो य ।**
**तेहिंपि जइ माणो हा ही ! तं पुव्वदुच्चरियं ॥ १४४ ॥**

[ अभिमानविषोपशमार्थे च स्तूयन्ते देवा गुरवश्च ।
तैरपि यदि मानो हा ही ! तत् पूर्वदुश्चरितम् ॥ ]

---

१. दुर्लभं मानुष्यकं जन्म ।

**ગાથાર્થ :** અભિમાનરૂપી વિષને સમાવવા માટે દેવ અને ગુરુઓની સ્તુતિ કરાય છે, જો તે દેવ અને ગુરુઓ વડે પણ અભિમાન થાય તો ખેદની વાત છે કે તે પૂર્વનું દુષ્કૃત્ય છે.

जात्यादिगर्वविषोपशमार्थमेव च मिथ्यात्वादिदोषोपशान्तये स्तूयन्ते, उपलक्षणत्वात् सेवादीनाम्, देवा गुरवश्च, तैरपि यदि मानो देवमानो 'मत्पूर्वजकारितमिदम्, कोऽमुं विहायान्यत्र चैत्ये पूजादौ वर्तते ? मयि जीवति मत्कारितप्रतिमाग्रे एव बल्यादि कार्यम्' इत्यादिकः, गुरुविषयमानोऽपि यथा तुल्येऽपि सौविहित्ये गुणवत्त्वे च स्वादृतगुरूणां बहुमाननं मत्सरादन्यावमाननम्, हा ही तत् पूर्वदुश्चरितम् ॥ १४४ ॥

**ભાવાર્થ :** જાતિ વગેરેના અભિમાનરૂપી વિષના ઉપશમ માટે અને મિથ્યાત્વાદિ દોષની ઉપશાંતિ માટે દેવ અને ગુરુઓની સ્તુતિ કરાય છે. તે દેવ અને ગુરુઓ વડે પણ જો માન થાય, જેમકે 'આ મારા પૂર્વજોએ કરાવ્યું છે આને છોડીને બીજા ચૈત્યમાં પૂજાદિ કોણ કરે ? હું જીવું ત્યાં સુધી મેં કરાવેલી પ્રતિમાની આગળ જ બલિ વગેરે કરવું.' ઇત્યાદિક દેવવિષયક, અને 'બંનેનું સુવિહિતપણું, ગુણવાનપણું તુલ્ય હોવા છતાં પણ પોતે આદરેલા ગુરુઓનું બહુમાન કરવું અને ઈર્ષ્યાથી બીજાનું અવમાન કરવું' ઇત્યાદિરૂપ ગુરુવિષયક માન જો થાય તો હા હી ! તે પૂર્વનું દુશ્ચરિત છે.

**जो जिणआयरणाए लोओ न मिलेइ तस्स आयारे ।**
**हा हा मूढ ! करंतो अप्पं कह भणसि जिणपणयं ? ॥ १४५ ॥**

[ यो जिनाचरणया लोको न मिलति तस्याचारान् ।
हा हा मूढ ! कुर्वन्नात्मानं कथं भणसि जिनप्रणतम् ? ॥ ]

**ગાથાર્થ :** જે લોક, જિનની આચરણા સાથે મળતો નથી તેના આચારોને કરતો હે મૂઢ ! પોતાને કેમ જિનને નમેલો કહે છે ?

यः पार्श्वस्थादिजनो जिनोक्तेन आचरणया च न मिलति, न संगच्छते, तस्याचारान् सामाचारीविशेषान् हा हा ! हे मूढ ! कुर्वन् कथमात्मानं भणसि जिनप्रणीतं जिनप्रणतं वा ? ॥ १४५ ॥

**ભાવાર્થ :** જે પાર્શ્વસ્થાદિ લોક, જિનેશ્વરે કહેલી આચરણાઓ સાથે મળતો નથી, તેના સામાચારી વિશેષ આચારોને કરતો હે મૂઢાત્મન્ ! કેમ પોતાને જિનપ્રણીત અથવા જિનપ્રણત કહે છે ?

**जं चिय लोओ मन्नइ तं चिय मन्नंति सयललोयावि ।**
**जं मन्नइ जिणनाहो तं चिय मन्नंति के विरला ॥ १४६ ॥**

[ यदेव लोको मन्यते तदेव मन्यन्ते सकललोको अपि ।
यद् मन्यते जिननाथस्तदेव मन्यन्ते के विरलाः ॥ ]

**ગાથાર્થ :** જે લોક માને છે તે જ સઘળા લોકો પણ માને છે, જે જિનનાથ માને છે તે જ કેટલાક વિરલો માને છે.

यदेव स्वकल्पितादि लोक एकः कश्चित् पार्श्वस्थादिर्मन्यते तदेव मन्यन्ते सकला अपि निर्विवेकजनाः । यत्पुनर्मन्यते जिननाथोऽर्हन्, तदेव मन्यन्ते केऽपि विरला लघुकर्माणः, अनुश्रोतः प्रस्थितेभ्यः प्रतिश्रोतः-प्रस्थितात्पत्वात् ॥ १४६ ॥

**ભાવાર્થ :** જે કોઈ એક પાર્શ્વસ્થાદિ સ્વકલ્પિતાદિ માને છે તે જ સઘળાયે નિર્વિવેકી લોકો માને છે. જે વળી જિનનાથ અરિહંત માને છે તે જ કેટલાક લઘુકર્મી વિરલો માને છે. અનુશ્રોતમાં પ્રયાણ કરનારાઓ કરતા પ્રતિશ્રોતમાં રહેલા અલ્પ હોય છે.

**साहम्मियाउ अहिओ बंधुसुयाईसु जाण अणुराओ ।**
**तेसिं नहु सम्मत्तं विन्नेयं समयनीईए ॥ १४७ ॥**

[ साधर्मिकादधिको बन्धुसुतादिषु येषामनुरागः ।
तेषां नैव सम्यक्त्वं विज्ञेयं समयनीत्या ॥ ]

**ગાથાર્થ :** જેઓને સાધર્મિક કરતાં અધિક બંધુપુત્રાદિ ઉપર અનુરાગ છે તેઓને સમ્યક્ત્વ નથી એમ શાસ્ત્રની નીતિથી જાણવું.

साधर्मिकात् समधर्मिणेऽधिको बन्धुसुतादिषु येषामनुरागः, नैवं जानन्ति यथा—

**"अन्नन्नदेसजाया अन्नन्नाहारवड्ढियसरीरा[1] ।**
**जिणसासणं पवन्ना सव्वे ते बंधवा भणिया ॥ १ ॥**

**वित्थिन्नपाणासणखाइमेहिं पुप्फेहिं पत्तेहिं पुणप्फलेहिं ।**
**सुसावयाणां करणिज्जमेयं कयंव जम्हा भरहाहिवेणं ॥ २ ॥"**

श्रीवीरस्वामिरामादिदृष्टान्ताश्च । तेषां नैव सम्यक्त्वं विज्ञेयम् । कया । समयनीत्या आगमयुक्त्या ॥ १४७ ॥

**ભાવાર્થ :** સાધર્મિકથી અધિક બંધુપુત્રાદિક ઉપર જેમને અનુરાગ છે. તેઓ એમ જાણતા નથી કે – 'અન્ય અન્ય દેશમાં જન્મેલા, અન્ય અન્ય આહારથી વધેલા શરીરવાળા, પણ જૈનશાસનને સ્વીકારનારા તે સર્વે બાંધવો કહ્યા છે.' "વિસ્તૃત પાન, અશન ખાદિમ વડે, પુષ્પ-પત્ર ફળ વડે સુશ્રાવકોની ભક્તિ કરવી જોઈએ. ભરતરાજાએ તે કર્યું છે." ઇત્યાદિ.

---

१. अन्यान्यदेशजाता अन्यान्याहारवर्धितशरीराः ।
जिनशासनं प्रपन्नाः सर्वे ते बान्धवा भणिताः ॥ १ ॥
विस्तीर्णं पानाशनखादिमभिः पुष्पैः पत्रैः पुनः फलैः ।
सुश्रावकाणां करणीयमेतत् कृतमिव यस्माद् भरताधिपेन ॥ २ ॥

તેઓને આગમની યુક્તિથી સમ્યક્ત્વ નથી એમ જાણવું.

**जइ जाणसि जिणनाहो लोयायाराण पक्खओ हूओ ।**
**ता तं तं मन्नंतो कह मन्नसि लोयमायारे ? ॥ १४८ ॥**

[ यदि जानासि जिननाथो लोकाचाराणां पक्षतो भूतः ।
तदा त्वं तं मन्यमानः कथं मन्यसे लोकाचारान् ? ॥ ]

**ગાથાર્થ :** જો તું જાણે છે કે જિનનાથ લોકાચારોના પક્ષથી દૂર છે. તો તેને માનતો તું, લોકાચારોને કેમ માને છે ?

यदि जानासि जिननाथो लोकाचाराणां पर्वादिषु जनसत्कारादिरूपाणां पक्षतो भूतो दूरस्थः, तर्हि त्वं भोः श्रोतः ! तमर्हन्तं मन्यमानः कथं मन्यसे लोकाचारान् ? । मकारोऽलाक्षणिकः ॥ १४८ ॥

**ભાવાર્થ :** જો તું જાણે છે કે જિનનાથ, પર્વાદિમાં જનસત્કારાદિ લોકાચારોના પક્ષથી દૂરસ્થ છે તો હે શ્રોતા ! તે અરિહંતને માનતો તું કેમ લોકાચારોને માને છે ?

**जे मन्नंति जिणिंदं पुणोवि पणमंति इयरदेवाणं ।**
**मिच्छत्तसंनिवायगघत्थाणं ताण को विज्जो ? ॥ १४९ ॥**

[ ये मत्वा जिनेन्द्रं पुनरपि प्रणमन्तीतरदेवान् ।
मिथ्यात्वसंनिपातग्रस्तानां तेषां को वैद्यः ? ॥ ]

**ગાથાર્થ :** જે લોકો જિનેન્દ્રને માનીને ફરી પણ ઈતરદેવોને નમે છે તે મિથ્યાત્વરૂપ સંનિપાતથી ગ્રસ્ત થયેલાનો કોણ વૈદ્ય થાય ?

ये केचिद् मानयित्वाऽर्हदुक्तं धर्ममङ्गीकृत्य पूजादिना प्रणमन्तीतरदेवान् हरिहरादीन्, तेषां मिथ्यात्वमेव संनिपातो वातपित्तश्लेष्मणामैक्याद् रोगविशेषस्तेन ग्रस्तानां को वैद्यः को भाविभिषग् ? ॥ १४९ ॥

**ભાવાર્થ :** જે કેટલાક લોકો અરિહંતે કહેલા ધર્મને સ્વીકારીને ઈતરદેવોને પૂજાદિ દ્વારા નમે છે તે મિથ્યાત્વરૂપ વાતપિત્તશ્લેષ્મના ઐક્યરૂપ સંનિપાતથી ગ્રસ્ત બનેલાઓનો કોણ વૈદ્ય બને ?

**एगो सुगुरू एगावि सावया चेइयाणि विविहाणि ।**
**तत्थ य जं जिणदव्वं परुप्परं तं न विच्चंति ॥ १५० ॥**

[ एकः सुगुरुरेकेऽपि श्रावकाश्चैत्यानि विविधानि ।
तत्र च यज्जिनद्रव्यं परस्परं तद् न व्ययन्ते ॥ ]

**ગાથાર્થ :** એક જ સુગુરુ છે, કેટલાક જ શ્રાવકો છે, ચૈત્યો વિવિધ છે, તેમાં જે જિનદ્રવ્ય છે તે પરસ્પર વ્યય કરતા નથી.

अपेरेवकारार्थत्वादेक एव सुगुरुः, सुगुरुता चास्य बाह्याडम्बरदर्शनेन तादृशलोकापेक्षया न तु पारमार्थिकी, एके एव नाम श्रावकाः, तथा चैत्यानि विविधान्येकान्येव । तत्र च सुगुरुश्रावकचैत्यानामैक्येऽपि यज्जिनद्रव्यम्, उपलक्षणेन ज्ञानस्वसाधारणग्रहः, तत् परस्परं न विक्रीणन्ति अज्ञानावृताः सन्तो न व्ययन्ते । अन्यसाधर्मिककारितचैत्ये द्रव्यं सदपि न ददातीत्यर्थः ॥ १५० ॥

**ભાવાર્થ :** એક જ સુગુરુ છે અને તેની સુગુરુતા બાહ્ય આડમ્બર બતાવવા વડે તેવા લોકોની અપેક્ષાએ છે. પરમાર્થથી નહીં, કેટલાક નામના શ્રાવકો છે, તથા વિવિધ ચૈત્યો છે તે સુગુરુ - શ્રાવક અને ચૈત્યના ઐક્યમાં પણ જે જિનદ્રવ્ય છે ઉપલક્ષણથી જ્ઞાનદ્રવ્ય, સ્વસાધારણદ્રવ્ય છે તેને તેઓ પરસ્પર અજ્ઞાનથી આવૃત્ત થયેલા છતાં વ્યય કરતા નથી. બીજા સાધર્મિકે કરાવેલ ચૈત્યમાં, દ્રવ્ય હોવા છતાં પણ આપતા નથી.

**ते न गुरू नो सड्ढा न पूइओ होइ तेहिं जिणनाहो ।**
**मूढाणं मोहट्ठिई सा नज्जइ समयनिउणेहिं ॥ १५१ ॥**

[ ते न गुरवो नो श्राद्धा न पूजितो भवति तैर्जिननाथः ।
मूढानां मोहस्थितिः सा ज्ञायते समयनिपुणैः ॥ ]

**ગાથાર્થ :** તે ગુરુઓ નથી, તે શ્રાવકો નથી, તેઓ વડે જિનનાથ પૂજાયા નથી. શાસ્ત્રમાં નિપુણ જીવો મૂઢલોકોની તે મોહસ્થિતિને જાણે છે.

यदुपदेशात् ते श्राद्धाभासास्तथा कुर्वन्ति ते न गुरवः । गुरवस्तु न स्वदाक्षिण्यादिना श्लिष्टं वदन्ति । तथा, न ते श्राद्धाः । न पूजितो भवति तैर्मिथोमत्सरग्रस्तैर्जिननाथः, तत्पूजा हि मनःशान्तये क्रियते । किं तर्हि ? । मूढानां मोहस्थितिः सा तादृशी ज्ञायते समयनिपुणैः कुन्तलदेवीवत् ॥ १५१ ॥

**ભાવાર્થ :** જેના ઉપદેશથી તે શ્રાવકો તે પ્રમાણે કરે છે તે ગુરુઓ નથી. ગુરુઓ પોતાના દાક્ષિણ્યાદિથી શ્લિષ્ટ બોલતા નથી. તથા તે શ્રાવકો નથી. પરસ્પર ઈર્ષ્યાગ્રસ્ત તેઓ વડે જિનનાથ પૂજાયેલા થતા નથી. તેમની પૂજા ખરેખર તો મનની શાંતિને માટે કરાય છે. મૂઢ જીવોની તેવા પ્રકારની મોહની સ્થિતિને શાસ્ત્રમાં નિપુણ ગુરુઓ જાણે છે. કુન્તલદેવીની જેમ.

**सो न गुरू जुगपवरो जस्स य वयणम्मि वट्टए भेओ ।**
**चियभवणसड्ढगाणं साहारणदव्वमाईणं ॥ १५२ ॥**

[ सो न गुरुर्युगप्रवरो यस्य वचने वर्तते भेदः ।
चैत्यभवनश्राद्धानां साधारणद्रव्यादीनाम् ॥ ]

**ગાથાર્થ :** તે ગુરુ યુગપ્રવર નથી, જેના વચનમાં ચૈત્ય-ભવન-શ્રાવકોનો અને સાધારણદ્રવ્ય આદિનો ભેદ હોય છે.

स गुरुर्युगप्रवरो न, यद्वचने वर्तते प्रवर्तते पार्थक्यं चैत्यभवनश्राद्धकानां साधारणद्रव्यादीनां च । मकारोऽलाक्षणिकः ॥ १५२ ॥

**ભાવાર્થ :** .ઉપર મુજબ.

**संपइ पहुवयणेणवि जाव न उल्लसइ विहिविवेयत्तं ।**
**ता निबिडमोहमिच्छत्तगंठियादुट्ठमाहप्पं ॥ १५३ ॥**

[ संप्रति प्रभुवचनेनापि यावन्नोल्लसति विधिविवेकत्वम् ।
तावन्निबिडमोहमिथ्यात्वग्रन्थितादुष्टमाहात्म्यम् ॥ ]

**ગાથાર્થ :** હમણાં દુઃષમકાળમાં પણ પ્રભુના વચનથી પણ જ્યાં સુધી વિધિદેવસ્વજ્ઞાનસ્વઅર્હત્પૂજાદિકર્તવ્યવિશેષ રૂપ વિધિનો વિવેક ઉલ્લાસ પામતો નથી. ત્યાં સુધી ગાઢ મોહ અને મિથ્યાત્વની ગ્રંથિપણાનું દુષ્ટ માહાત્મ્ય છે.

संप्रत्यपि दुःषमायामपि प्रभोर्जिनस्य वचनेन श्रुतेन यावन्नोल्लसति विधेर्देवस्वज्ञानस्वार्हत्पूजादिकर्तव्यविशेषस्य विवेको विचारणा तद्भावो विधिविवेकत्वं, तावन्निबिडमोहमि[illegible]त्वग्रन्थितादुष्टमाहात्म्यम् ॥ १५३ ॥

**ભાવાર્થ :** ઉપર મુજબ.

**बंधणमरणभयाइं दुक्खाइं तिक्खाइं नेय दुक्खाइं ।**
**दुक्खाणमिह निहाणं पहुवयणासायणाकरणं ॥ १५४ ॥**

[ बन्धनमरणभयानि दुःखानि तीक्ष्णानि नैव दुःखानि ।
दुःखानामिह निधानं प्रभुवचनाशातनाकरणम् ॥ ]

**ગાથાર્થ :** બંધન અને મરણના ભયરૂપ તીક્ષ્ણ દુઃખો, તે દુઃખો જ નથી. કારણ કે અલ્પકાળ રહે છે. જગતમાં પ્રભુવચનની આશાતના કરવી તે દુઃખોનું નિધાન છે.

बन्धनमरणाभयानि दुःखानि तीक्ष्णानि, तानि च नैव दुःखानि, अल्पकालभावित्वात् तेषाम् । किं तर्हि ? । दुःखानामिह जगति निधानं प्रभुवचनाशातनाकरणम्, "आ[1]सायणामिच्छत्तं" इत्याद्युक्तेः ॥ १५४ ॥

**ભાવાર્થ :** ઉપર મુજબ.

**पहुवयणविहिरहस्सं नाऊणवि जाव दीसए अप्पा ।**
**ता कह सुसावयत्तं जं चिन्नं धीरपुरिसेहिं ? ॥ १५५ ॥**

[ प्रभुवचनविधिरहस्यं ज्ञात्वापि यावद् दृश्यत आत्मा ।
तदा कथं सुश्रावकत्वं यच्चीर्णं धीरपुरुषैः ? ॥ ]

१. आशातनामिथ्यात्वम् ।

ગાથાર્થ : પ્રભુવચનમાં કહેલ વિધિના રહસ્યને જાણીને પણ જો આત્મા જોઈ શકાય, પ્રતિમાને સ્વીકારેલ શ્રાવકના આત્માનું સ્વરૂપ વિચારી શકાય છે. તો કામદેવાદિ ધીરપુરુષોએ જે સુશ્રાવકપણું આચર્યું તે ક્યાં ? એમ પ્રશ્ન થાય.

प्रभुवचनोक्तविधितत्त्वं "वंद[1]इ उभओकालंपि" इत्यादि ज्ञात्वा यावदात्मा दृश्यते प्रतिमापन्नश्रावकस्यात्मनः स्वरूपं विचार्यते, 'ता' तदा 'कह' इति कुत्र सुश्रावकत्वं यच्चीर्णं धीरपुरुषैः कामदेवादिभिः ॥ १५५ ॥

ભાવાર્થ : ઉપર મુજબ.

**जोवि हु उत्तमसावयपयडीए चडणकरणअसमत्थो ।**
**तहवि हु पहुवयणकरणे मणोरहो मज्झ हिययम्मि ॥ १५६ ॥**

[ यद्यपि खलूत्तमश्रावकपदिकायां चटनकरणासमर्थः ।
तथापि खलु प्रभुवचनकरणे मनोरथो मम हृदये ॥ ]

ગાથાર્થ : જોકે કાલાદિની વિષમતાથી, ઉત્તમશ્રાવકની પરિપાટીમાં આરોહણ કરવા હું અસમર્થ છું તો પણ પ્રભુના વચનનું પાલન કરવાનો મનોરથ મારા હૃદયમાં અવશ્ય છે.

यद्यपि 'हु' निश्चये उत्तमश्रावकपरिपाट्यां चटनकरणे आरोहणविधानेऽसमर्थोऽहमस्मि, कालादिवैषम्यात्; तथाप्यर्हदुक्तविधाने मनोरथो मम हृदये 'अस्ति' इति गम्यते ॥ १५६ ॥

ભાવાર્થ : ઉપર મુજબ.

**ता पहु ! पणमिय चलणे एक्कं पत्थेमि परमभावेण ।**
**तुहवयणरयणगहणे अइलोहो हुज्ज मज्झ सया ॥ १५७ ॥**

[ तस्मात् प्रभो ! प्रणम्य चरणावेकं प्रार्थये परमभावेन ।
त्वद्वचनरत्नग्रहणेऽतिलोभो भवेद् मम सदा ॥ ]

ગાથાર્થ : તેથી હે પ્રભુ ! તારા ચરણોને પ્રણામ કરીને પરમાર્થથી એક પ્રાર્થના કરું છું કે તમારા વચનો રૂપી રત્નો લેવામાં મને હંમેશા અતિલોભ થાય.

तस्माद् हे प्रभो ! अर्हन् श्रीजिनपत्तिसूरिगुरो वा, त्वच्चरणौ प्रणम्य एकमेव प्रार्थयामि परमभावेन, त्वद्वचनान्येव रत्नानीव रत्नानि तद्ग्रहणेऽतिलोभो मम भवेत् सदा ॥ १५७ ॥

ભાવાર્થ : ઉપર મુજબ.

**इह मिच्छवासिनिक्किट्ठभावओ गलियगुरुविवेयाणं ।**
**अम्हाण कह सुहाइं संभाविज्जंति सुमिणेवि ? ॥ १५८ ॥**

---

१. वन्दत उभयकालमपि ।

[ इह मिथ्यावासनिकृष्टभावतो गलितगुरुविवेकानाम्।
अस्माकं कथं सुखानि संभाव्यन्ते स्वप्नेऽपि ? ॥ ]

**ગાથાર્થ :** અહીં દુઃષમકાળમાં મિથ્યાત્વની વાસના વડે વિરૂપ ભાવ થવાથી, ગળી ગયો છે મહાવિવેક જેમનો એવા અમને સ્વપ્નમાં પણ સુખો ક્યાંથી સંભવી શકે ?

इह दुष्षमाकाले मिथ्यावासेन मिथ्यात्ववासनया निकृष्टे विरूपो भावो मिथ्यावासनिकृष्ट-भावस्तस्माद् गलितगुरुविवेकानामस्माकं कथं सुखानि संभाव्यन्ते गण्यन्ते स्वप्नेऽपि ? ॥ १५८ ॥

**ભાવાર્થ :** ઉપર મુજબ.

**जं जीवियमित्तंपि हु धरेमि नामं च सावयाणंपि।**
**तंपि पहु ! महाचोज्जं अइविसमे दूसमे काले ॥ १५९ ॥**

[ यज्जीवितमात्रमपि खलु धरामि नाम च श्रावकाणामपि।
तदपि प्रभो ! महाश्चर्यमतिविषमे दुःषमे काले ॥ ]

**ગાથાર્થ :** હું જે જીવિતમાત્રને પણ ધારણ કરું છું અને શ્રાવકોમાં નામ પણ ધરાવું છું તે પણ હે પ્રભુ, આ અતિવિષમ દુઃષમકાળમાં મહાશ્ચર્ય છે.

यज्जीवितमात्रमपि धारयामि केनचिद् भङ्गकेन देशसंयतजीवितमात्रमपि स्फुटे धारयामि, च पुनः, यत् श्रावकाणां नामापि धारयामि तदपि प्रभो ! 'महासेज्जं' महदाश्चर्यमतिविषमे दुःषमाकाले ॥ १५९ ॥

**ભાવાર્થ :** હું કોઈક ભાંગે દેશવિરતજીવિતમાત્રને પણ પ્રગટપણે ધારણ કરું છું તથા જે શ્રાવકોમાં નામ પણ ધરાવું છું. તે પણ હે પ્રભુ ! અતિ વિષમ એવા દુઃષમકાળમાં મહાન આશ્ચર્ય છે.

**परिभाविऊण एवं तह सुगुरु ! करिज्ज अम्ह सामित्तं।**
**पहुसामग्गिसुजोगे जह सहलं होइ मणुयत्तं ॥ १६० ॥**

[ परिभाव्यैवं तथा सुगुरो ! कुर्या अस्माकं स्वामित्वम्।
प्रभुसामग्रीसुयोगे यथा सफले भवेद् मनुजत्वम् ॥ ]

**ગાથાર્થ :** એમ વિચારીને હે સુગુરુ ! અમારા સ્વામીપણાને કરો. જે પ્રમાણે પ્રભુએ કહેલી સામગ્રીના સુયોગમાં મનુષ્યપણું સફળ થાય.

परिभाव्य चिन्तयित्वा एवं पूर्वोक्तम्, हे सुगुरो ! कुर्या विदध्या अस्मान् स्वामित्वम्, यथा प्रभुणाऽर्हता दुर्लभतयोक्ता सामग्री धर्म साधनोपस्कारः "[१]चत्तारि परमंगाणि दुल्लहाणि

१. चत्वारि परमंधाणि दुर्लभानि च जन्तोः।

य जंतुणो" इत्यादिका तस्याः सुष्ठु योगः प्राप्तिस्तस्मिन् यथा सफलं रत्नत्रयाराधनफल-कलितं भवति मनुजत्वम् ॥ १६० ॥

**ભાવાર્થ :** એ પ્રમાણે ચિંતન કરીને હે સુગુરુ ! અમારા સ્વામીપણાને કરો. જે પ્રમાણે અરિહંત પ્રભુએ દુર્લભપણે કહેલી સામગ્રીનો સુંદર યોગ પ્રાપ્ત થયે છતે તે રીતે કરીએ જે રીતે મનુષ્યપણું સફળ થાય. રત્નત્રયીની આરાધનાના ફળથી શોભિત થાય.

**एवं भंडारियनेमिचंदरइयावि कइवि गाहाओ ।**
**विहियग्गरया भव्वा पढंतु जाणंतु जंतु सिवं ॥ १६१ ॥**

[ एवं भाण्डागारिकनेमिचन्द्ररचिता अपि कतिचिद् गाथाः ।
विधिमार्गरता भव्याः पठन्तु जानन्तु यान्तु शिवम् ॥ ]

**ગાથાર્થ :** એ પ્રમાણે ભાણ્ડાગારિક નેમિચન્દ્ર વડે રચાયેલી કેટલીક ગાથાઓને વિધિમાર્ગમાં રત ભવ્ય જીવો ભણો, જાણો અને મોક્ષ પામો.

एवं पूर्वोक्तयुक्त्या भाण्डागरिकः स चासौ नेमिचन्द्रश्च सज्जनसुतः श्रीजिनेश्वरसूरेः पिता तेन रचिताः कतिचित् गाथाः १६० मानाः विधिमार्गरता भव्याः पठन्तु सूत्रतः, जानन्तु अर्थपरिज्ञानेन, ततश्चैतत्पाठपरिज्ञानाभ्यां यान्तु शिवम् । शिवशब्दोपादानं चावसानमङ्गलार्थम् ॥ १६१ ॥

**ભાવાર્થ :** એ પ્રમાણે સજ્જનસુત, શ્રીજિનેશ્વરસૂરિના પિતા ભાણ્ડાગારિક નેમિચન્દ્ર વડે રચાયેલી ૧૬૦ પ્રમાણવાળી ગાથાઓને વિધિમાર્ગના પ્રેમી ભવ્યજીવો સૂત્રથી ભણો, અર્થના પરિજ્ઞાનથી જાણો અને ત્યારપછી એ પાઠ અને પરિજ્ઞાનવડે મોક્ષમાં જાઓ. અહીં 'શિવ' શબ્દનું ઉપાદાન અંતિમમંગલ માટે છે.

**स्वस्मृतिबीजकमेतत् षष्टिशतप्रकरणस्य सद्वृत्तेः ।**
**अलिखल्लेखवदयं शिष्यः श्रीधवलचन्द्रगुरोः ॥ १ ॥**

"ષષ્ટિશતપ્રકરણની સદ્વૃત્તિનું આ સ્વસ્મૃતિબીજ છે. શ્રી ધવલચન્દ્રગુરુના આ શિષ્યે, લેખકની જેમ માત્ર લખ્યું છે."

**॥ इति श्री ................. ॥ श्री श्री श्री ॥**

* * *

## શ્રી જિનાજ્ઞા પ્રકાશનમાં સ્થાયી લાભ લેનારા પુણ્યાત્માઓ

### : જિનાજ્ઞા સ્તંભ :

- ○ સ્વ. રામીબેન ઉત્તમચંદ તથા રશ્મિબેન માણેકચંદ શાહ વાપી - શાહ હ. ઠાકોરલાલ ઉત્તમચંદ શાહ પરિવાર
- ○ પૂ. મુનિપ્રવરશ્રી રત્નદર્શન વિજયજી મ.સા.ના સંયમ જીવનની અનુમોદનાર્થે
- ○ પૂ. સાધ્વીશ્રી વિરાગધર્માશ્રીજી મ.સા.ના સંયમજીવનની અનુમોદનાર્થે
- ○ શ્રી શાશ્વત પરિવાર - મુંબઈ - દીપકજ્યોતિ આયોજિત શ્રી સિદ્ધાચલ ૯૯ યાત્રાના આરાધકો.

### : જિનાજ્ઞા સહયોગી :

- ○ અનંતોપકારી પૂ.આ.ભ.શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા ઉપકારસ્મૃતિ
- ○ કલ્પનાબેન હેમંતભાઈ ઝવેરી વાસણા, અમદાવાદ.
- ○ ડિમ્પલભાઈ જે. શાહ, વાસણા, અમદાવાદ
- ○ શાહ સવિતાબેન અમુલખભાઈ ચુનીલાલ પરિવાર, પાલડી, અમદાવાદ.
- ○ સંભવ શ્વેતાંગકુમાર જયંતિલાલ શાહ, સુરત-નવસારી
- ○ મુકેશભાઈ જે. મહેતા હ. મીનાબેન, જૂહુ-મુંબઈ
- ○ છોટાલાલ ઝવેરચંદ દંતારા, ખંભાત
- ○ સ્વ. તારાબેન ધરમચંદ (રોહીણા) હ. ચંદ્રકાંતભાઈ - બોરીવલી-મુંબઈ
- ○ પુષ્પાબેન મોહનલાલ નાનચંદ શાહ - વાપી. હ. હેમંતભાઈ પંકજભાઈ
- ○ માતુશ્રી હસુમતીબેન રજનીકાંત શ્રોફ પરિવાર, બોરસદ.
- ○ ધર્મિલાબેન ભૂપતભાઈ શાહ - વલસાડ
- ○ સૌભાગ્યચંદ્ર કાંતિલાલ શાહ - આણંદ
- ○ રજનીકાંત નગીનદાસ શાહ. હ. ચેતનાબેન રજનકાંત
- ○ છોટાલાલ દેવચંદ મહેતા હ. રંજનબેન - અમદાવાદ.

### : જિનાજ્ઞા અનુમોદક :

- ○ સ્વ. પૂ. મુનિપ્રવરશ્રી મુક્તિવર્ધનવિજયજી મ.સા.ના સંયમજીવનની અનુમોદનાર્થે
- ○ સ્વ. ચંદનબેન રંગીલદાસ શાહ, ચીકુવાડી, વડોદરા.
- ○ મયૂર સુરેશચંદ્ર વ્રજલાલ મહેતા - વડોદરા
- ○ પૂજા મયૂર સુરેશચંદ્ર મહેતા - વડોદરા
- ○ શ્રીમતી તારાબેન પ્રવિણચંદ્ર દલાલ - વડોદરા
- ○ કંચનબેન હીરાલાલ કાપડીયા - ખંભાતવાલા
- ○ આશિષભાઈ ડી. શાહ. સાબરમતી - અમદાવાદ.

- સુરેશભાઈ કાંતિલાલ શાહ પરિવાર - અમદાવાદ
- નીરુબેન ઉત્તમચંદ હિંમતમલજી સોઠાની - સાબરમતી, અમદાવાદ.
- જિનાલી બંકિમકુમાર શાહના આત્મશ્રેયાર્થે
- રજનીકાંત પુનમચંદ કોઠારી - ભાભરતીર્થ
- શ્રોફ ચંદનબેન ચંપકલાલ પરિવાર આયોજિત સોનગઢ - સિદ્ધાચલ છ'રી પાલક યાત્રાસંઘના યાત્રિકો.

**પૂજ્યપાદ પંન્યાસપ્રવરશ્રી જયદર્શનવિજયજી ગણિવર્ય લિખિત, સંપાદિત, સંકલિત તેમજ શ્રી જિનાજ્ઞા પ્રકાશન પ્રકાશિત સાહિત્ય**

- અમર યુગપુરુષ
- યુગપુરુષની અમરયાદ - ગુણાનુવાદ
- પ્રશ્નોત્તરકર્ણિકા શુદ્ધિપ્રકાશનો ઘોર અંધકાર
- આગમોદ્ધારક સાહિત્ય શુદ્ધિ પ્રકાશ ભાગ-૧
- આગમોદ્ધારક સાહિત્ય શુદ્ધિ પ્રકાશ ભાગ-૨
- આગમોદ્ધારક સાહિત્ય શુદ્ધિ પ્રકાશ ભાગ-૩
- શ્રી પ્રવચન સારોદ્ધાર સંસ્કૃત-સટીક-સંપૂર્ણ
- શ્રી શ્રાદ્ધવિધિ પ્રકરણ સંસ્કૃત
- શ્રી પંચસૂત્રમ્ સટીક સંસ્કૃત (બે આવૃત્તિ)
- જિનપૂજામાં આવશ્યક શુદ્ધિ
- દેવદ્રવ્યઃ શાસ્ત્રીય અને વ્યાવહારિક પરિભાષા
- આહારવિવેક (ત્રણ આવૃત્તિ)
- મનમાં સમાધિ, જીવનમાં શાંતિ (૧૦,૦૦૦ નકલ)
- સૂર્ય જેવા તેજસ્વી, ચંદ્ર જેવા શીતલ
- શાસ્ત્ર મર્યાદાયૈ નમઃ
- જીવનનાં પરમસત્યો
- ગુરુવંદન - પચ્ચક્ખાણ ગ્રહણ (ત્રણ આવૃત્તિ)
- શ્રી લોકપ્રકાશઃ સટીક - સંસ્કૃત - સંપૂર્ણ
- શ્રી પ્રભાવક ચરિત્ર ભાષાંતર અને મૂળ
- શ્રી યોગવિંશિકા સટીક સંસ્કૃત
- શ્રી યોગશતકમ્ સટીક સંસ્કૃત
- શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચયઃ સટીક સંસ્કૃત
- શ્રી ગુરુગુણ રત્નાકર કાવ્યમ્
- શ્રી સટ્ઠિસયપયરણં
- જીવનનાં પ્રિય સત્યો

***



श्री जिनाज्ञा प्रकाशन